ખુલ્લો એકરાર [illegible] ગસ્સેસણં ચરે' (શ્રી આચારાંગ સૂત્ર). દુનિયાના માર્ગને અનુસરવા હું બંધાયલો નથી.



# જૈનહિતેચ્છુ

# JAIN-HITECHHU

## જૈનના ત્રણે ફીરકામાં

ઉદાર વિચારવાતાવરણ અને નવજીવન પ્રેરવાના તથા જૈન–અજૈન સૃષ્ટિ વચ્ચે ઐક્ય કરવાના આશયથી પ્રગટ થતું સસ્તામાં સસ્તું પત્ર

[ મુખ્ય લેખક:—વા. મો. શાહ. ]


પ્રકાશક:—શકરાભાઇ મોતીલાલ શાહ, ટેકનોલૉજીકલ સ્પીનર, અમદાવાદ.

**તમામ પત્રવ્યવહાર:—**

મેનેજર, જૈનહિતેચ્છુ, નાગદેવી સ્ટ્રીટ-મુંબઇ.

**સપ્ટે—ડિસે. ૧૯૧૬.**

આખા હિંદમાં સસ્તામાં સસ્તું પત્ર:—વર્ષે ૪૦૦ પૃષ્ટ; પોસ્ટેજ સહિત વાર્ષિક મૂલ્ય ફક્ત ૦-૮-૦.


**વાંચનારને સૂચના:**—અગાઉથી બાંધેલા વિચારોથી કે કોઈની ઉશ્કેરણીથી દોરાઈને નહિ, પણ 'બુદ્ધિપૂર્વક' વાંચો અને 'બુદ્ધિપૂર્વક' મનન કરો. લખનાર વચન આપે છે કે, કોઇ વ્યક્તિ કે સમાજને સારૂં લગાડવાના કે દુભાવવાના 'ઇરાદાથી' એક અક્ષર પણ તે કદાપિ લખશે નહિ. વાંચનારે ખાત્રી આપવી જોઇએ કે, 'અભિપ્રાય' પસંદ નહિ પડે તો પણ તેઓ ખોટો 'આશય' કલ્પવા તૈયાર થશે નહિ.

## ગ્રાહક મહાશયો પ્રત્યે.

**માર્ચ મહીનામાં નવો અંક વી. પી. થી મોકલવામાં આવ**

૧૯૧૬ના વર્ષનું આ પત્રનું લવાજમ જે મહાશયોએ મ ઑર્ડર દ્વારા મોકલીને વી. પી. કરવાની અમારી કડાકૂટ બચાવી ત્હેમનો આભાર માનવા સાથે, જે ગ્રાહક મહાશયો મનીઑર્ડર કરવા ફુરસદ નથી મેળવી શકયા તેઓને **એ વખત** મનીઑર્ડર કરવા મહેનત અને ખર્ચ ન **વહોરવાં** પડે એ આશયથી સૂચના કરવા રજા માંગીએ છીએ કેઃ—

(૧) જે કાંઇ લવાજમ મોકલવાનું હોય તે **તા. ૧ લી માર ૧૯૧૭ ની અંદર જ** મોકલવું; કારણ કે **માર્ચ**માં નવો અંક **વી. પી. થી** રવાના કરવાનો છે. એક તરફથી મનીઑર્ડર કરવા આવે અને તેજ વખતે 'હિતેચ્છુ' ઑફીસ તરફથી વી. પી કરવા આવે તો નકામું ડબલ પોષ્ટ ખર્ચ વહોરવું પડે.

(૨) તા ૧ લી **માર્ચ** ૧૯૧૭ ની અંદર મનીઑર્ડર દ્વારા પોષ્ટ ટીકીટોના રૂપમાં લવાજમ મોકલવા ઇચ્છતા ગ્રાહક મહાશયોને જો ૧૯૧૬ ના વર્ષનું લવાજમ ન ભર્યું હોય તો ૧૯૧૬--૧૭ બન્ને વર્ષનું લવાજમ એટલે કે ૦-૮-૦ + ૦-૮-૦ = રૂ ૧) મોકલવા કૃપા કરવી, કે જેથી એ વખત પોષ્ટ ખર્ચ જોડવું પડે નહિ જેઓએ ૧૯૧૬ નું લવાજમ ભરી દીધું હોય ત્હેમણે માત્ર ૦-૮-૦ મોકલવા

(૩) તા ૧ લી **માર્ચ** ૧૯૧૭ સુધીમાં મનીઑર્ડરદ્વારા પોષ્ટટીકીટોના રૂપમાં જે મહાશયોનું લવાજમ મળી જશે નહિ તેઓ (૧) કાં તો 'હિતેચ્છુ' લેવા **ખુશી** નથી એમ સ્હમજવામાં આવશે, અગર તો (૨) જુજ રકમનો મનીઑર્ડર કરવાનું ત્હેમને **યાદ રહ્યું નહિ હોય** એમ માની શકાશે. આમાંના **પહેલા** કારણથી જેઓ લવાજમ ન મોકલવા ઇચ્છતા હોય તેઓ કૃપા કરી એક પોષ્ટકાર્ડથી 'હવે પછી હિતેચ્છુ લેવા અમારી ઇચ્છા નથી' એટલા શબ્દો લખી જણાવશે તો વી. પી. કરવાની અમારી કડાકૂટ બચાવવા માટે અમે ત્હેમના આભારી થઇશું. આ ઑફિસનો નિયમ છે કે, પત્ર લખી ગ્રાહક તરીકે **નામ નોંધવાની** અરજ **કરનાર** મહાશયોને જ 'હિતેચ્છુ' મોકલવું; **અજમાએશ** ખાતર કે નમુના ખાતર કે ગ્રાહક બનાવવા ખાતર કોઇને 'હિતેચ્છુ' મોકલવામાં આવતું નથી, તેમજ પોતાની ઇચ્છાથી નામ નોંધાવ્યા બાદ પણ હરકોઇ ગ્રાહક પોતાનું નામ દફતરમાંથી કમી કરવા લખે તો એમને કાયમ રહેવાનો આગ્રહ કરવામાં આવતો નથી. પરન્તુ એ તો દેખીતું છે કે, પોતાની મેળે

ગ્રાહકના લીસ્ટમાં નામ નોંધવા અરજ કરનાર મહાશય જ્યાં સુધી નામ રદ કરવાની ખબર ન આપે ત્યાં સુધી એમને ચાલુ ગ્રાહક જ ગણી શકાય અને તે તરીકે ત્હેમની પાસેથી લવાજમ વસુલ કરવા માટે વી પી. પણ કરવું પડે. માટે જેઓને વી. પી. સ્વીકારવા ઇચ્છા ન હોય ત્હેમણે તા. ૧ લી માર્ચ અંદરમાં એક પોષ્ટ કાર્ડથી ખબર આપવા કૃપા કરવી. (૪) જેઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હોવા છતાં મનીઓર્ડર કરવાનું **યાદ ન રાખી શકતા હોય** ત્હેમણે **માર્ચમાં** કરવામાં આવતું—નીચેના હિસાબનું—વી. પી. સ્વીકારી લેવા કૃપા કરવી.

(अ) ૧૯૧૬ નું લવાજમ **ભરી ચુકયા** હોય ત્હેમનાપર, માત્ર ૧૯૧૭નું લવાજમ વસુલ કરવા માટે **૦-૧૦-૦ નું વી. પી.** કરવામાં આવશે.

(ब) ૧૯૧૬ નું લવાજમ **નહિ** ભરી ચુકયા હોય ત્હેમના પર, **રૂ. ૧-૨-૦ નું વી. પી.** કરી ૧૯૧૬ તથા ૧૯૧૭ બન્ને સાલનું લવાજમ **એકસાથે** વસુલ કરવામાં આવશે.

મનીઓર્ડર મોકલવા માટે, શિરનામું બદલવા માટે, નવા ગ્રાહક તરીકે નામ નોંધાવવા માટે કે નામ કમી કરાવવા માટે પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો:—

૨૫૩ નાગદેવી } **શકરાભાઈ મોતીલાલ શાહ.**
**મુંબઇ.** } પ્રકાશક, 'જૈનહિતેચ્છુ'.

---

## રૂ. ૫૦૦)નું રોકડ ઇનામ.

“ **જબલપુરખાતે** મળેલી સાતમી 'હિન્દી સાહિત્ય કૉન્ફરન્સ'ના સભાપતિને 'જૈનહિતેચ્છુ'ના સમ્પાદક શ્રીયુત વાડીલાલ મોતીલાલ શાહે તારદ્વારા*જણાવ્યું હતું કે 'જગત, જીવન તથા વર્ત્તન'(Conduct) એ વિષયો પર જૈન ફીલસુફી, વેદાન્ત ફીલસુફી તથા જર્મન ફીલસુફ ફ્રેડરીક નિત્શેની ફીલસુફીના સિદ્ધાન્તોનું સમાધાન (Compromise) કરીને હિંદીમાં સર્વશ્રેષ્ટ નિબંધ લખનાર લેખકને રૂ. ૫૦૦નું રોકડ ઇનામ મ્હારા તરફથી આપવામાં આવશે.' આશા છે કે અમારા જૈનગ્રેજ્યુએટોનું ધ્યાન આ તરફ જશે અને તેઓ એ ઇનામ પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરશે.”—**'જૈનહિતૈષી'** (ડિસેમ્બર, ૧૯૧૬.)

---

*તારના શબ્દો નીચે મુજબ હતા:—

“ May the force pervading the different religions and languages of India be assimilated in Hindi, making her a powerful *Lingua Franca* of New India, through your efforts! Though detained by illness, I fully sympathise with the aims and proceedings of the Conference. Please declare on my behalf a prize of Rs. 500 for the best essay in Hindi on the compromise between the views of Vedanta, Jainism and Frederich Nietzsche on the World, Life and Conduct.”

# આવતો અંક.

સપ્ટેમ્બર અને ડિસેમ્બરના સંયુક્ત અંક તરીકે બહાર પડતા આજના અંકમાં સીરસ્તા મુજબ ૯૬×૨=૧૯૨ પૃષ્ટ આપવાં જોઇતાં હતાં. પરન્તુ સુલેહને લગતી હીલચાલ તરફ જ સમાજનું લક્ષ ખેંચાવા પામે એ હેતુથી આ અંકમાં એ એક સિવાય બીજો કોઇ વિષય દાખલ કરવાનું ઉચિત નહિ લાગવાથી આ અંક માત્ર ૯૬ પૃષ્ટનો કરવામાં આવ્યો છે, અને બાકીનાં ૯૬ પૃષ્ટ હવે પછીના એટલે કે માર્ચના અંક સાથે આપવાનું ઠરાવવું પડયું છે. આ ચાલુ અંકને સપ્ટેમ્બર–ડિસેમ્બરનો પૂર્વાર્ધ માત્ર સ્હમજવાનો છે; ત્હેનો ઉત્તરાર્ધ તો માર્ચના અંકની સાથે આપવામાં આવશે. માર્ચમાં બહાર પડનારા અંકના શરૂઆતના ભાગમાં સપ્ટેમ્બર–ડિસેમ્બરના 'ઉત્તરાર્ધ'નાં ૯૬ પૃષ્ટ આપ્યા બાદ માર્ચનાં ૯૬ પૃષ્ટ રખાયલાં જોવામાં આવશે. સંભવ છે કે માર્ચના અંકમાં, ૧૯૨ પૃષ્ટને બદલે, કેટલાક લાંબા લેખોનો સમાવેશ કરવા ખાતર, ૫૦ પૃષ્ટ વધારે પણ આપવાનું બને, એટલે કે એકંદરે ૨૫૦ પૃષ્ટ.

માર્ચનો અંક માર્ચમાં જ બહાર પડવા દરેક વકી છે; કારણ કે અત્યારથી તે છપાવો શરૂ થયો છે. 'અમૃતલાલ શેઠનું અઠવાડીઉં' એ નામની લોકપ્રિય કથાનો શેષ ભાગ એ અંકમાં પુરેપુરો જોવામાં આવશે. મીલમાલેકો અને મીલમજુરોના હિતની અનેક અનુભવયુક્ત સૂચનાઓ એમાં નજરે પડશે. પુનર્લગ્ન, જ્ઞાતિસંસ્થા ઇત્યાદિ આપણા દરરોજના જીવન સાથે ગાઢ સમ્બન્ધ ધરાવતા પ્રશ્નો પર નવો પ્રકાશ નખાયલો એ અંકમાં જોવામાં આવશે.

નરૂં તત્વજ્ઞાન કે માનસશાસ્ત્ર યા સમાજશાસ્ત્રને લગતો ખુલ્લો ઉપદેશ સામાન્ય પ્રજાગણને વાંચવો ગમતો નથી, તેથી છેલ્લાં થોડાં અઠવાડીઆમાં બનવા પામેલા ન્હાનામ્હોટા જાહેર બનાવોને ઉપાડી લઇને ત્હેના ગુણ–દોષ પર ટીકા કરવી અને તેમ કરવામાં વચ્ચે–વચ્ચે માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અધ્યાત્મ આદિને લગતાં કિમતી સૂત્રો ઘુસાડી દેવાં: એ 'ચાલુ ચર્ચા' અથવા એડિટોરીઅલ્સ લખનારનું પરમોત્કૃષ્ટ કર્ત્તવ્ય હોવાથી આવતા અંકમાં હમેશના સીરસ્તા મુજબ ન્હાનામ્હોટા પુષ્કળ પ્રસંગો પર ગરમાગરમ–મશાલાદાર 'અવલોકન' પણ દાખલ કરવામાં આવશે.

વા. મો. શાહ.

“ श्रीजैनहितेच्छु. ”

पुस्तक १८ मुं ] पूर्वार्ध [ सप्टेम्बर तथा डिसेम्बर १९१६.

# બે બોલ.

'હિતેચ્છુ'નો જુન ૧૯૧૬નો અંક ગત પર્યુષણ પ્રસંગે બહાર પડ્યો ત્યાર પછી આ પહેલો જ અંક બહાર પડે છે અને તે પણ ઇરાદાપૂર્વક મોડો અને ઇરાદાપૂર્વક થોડાં પાનાંનો. ગયા પર્યુષણના અંકમાં મ્હેં જૈન ઝગડાઓને લગતી એક 'નોંધ' લખી હતી અને પછી તુરતમાં જ સુલેહને લગતી હીલચાલને જન્મ આપવાનું કામ મ્હારે જાતે જ ઉપાડી લેવું એવો વિચાર થવાથી એને લગતી હીલચાલ શરૂ કરી હતી. એ હીલચાલનું કાંઇ પરિણામ આવે તે પહેલાં, સમેદશિખર સંબંધી જે કેસ હઝારીબાગની કોર્ટમાં ચાલતો હતો ત્હેનો ચુકાદો મળી જવાની આશા રખાતી હતી અને એ ચુકાદા પર મ્હારી હીલચાલના ભવિષ્યનો ઘણો આધાર હતો, તેથી ચુકાદાની નકલ મળતાં સુધી ચુપકી પકડીને પછી એક એવો અંક બહાર પાડવા ઠરાવ્યું કે જેમાં ચુકાદાનું અવલોકન પણ કરી શકાય અને સુલેહને લગતી હીલચાલનું એકંદર સાહિત્ય રજુ કરી જૈન સમાજના હૃદય પર કાંઇક ચોકસ અસર કરી શકાય. આ કારણથી આ અંક મોડો નીકળવા પામ્યો છે, એટલું જ નહિ પણ એમાં સુલેહના 'મિશન' સિવાય બીજા કોઇ લેખ કે 'નોંધ' કે સમાચારને સ્થાન આપવામાં આવ્યું નથી. લાંબા વખત સુધી અંકની રાહ જોવરાવ્યા પછી ભૂખ્યા વાચકવર્ગને માત્ર સુલેહના વિચારોનો જ ખોરાક પીરસવામાં આવે અને એમનું લોહી એ એક જ જાતના ખોરાકમાંથી બનવા પામે, એ મ્હને વધારે ઇષ્ટ જણાયું.

'હિતેચ્છુ' ના ગ્રાહકોમાં અજૈન મહાશયો પણ છે, જેઓને જૈન ઝગડાઓ સાથે કાંઇ લેવા દેવા ન હોય એ દેખીતું છે. કોઇ સવાલ કરશે કે એમને આ સાંપ્રદાયિક હીલચાલને લગતું વાચન શું કામ લાગશે? આ સવાલ કરનારને હું કહી શકીશ કે, તેણે આ સાંપ્રદાયિક દેખાતી હીલચાલની ચર્ચાના અંગે ઉભા કરાયલા ધર્મ,

સમાજ, રાષ્ટ્ર, ઇત્યાદિ 'ભાવના'ઓ (Concepts) ના પ્રશ્ન ( કે જે હરગીજ સાંપ્રદાયિક નથી ) વિચારવાનો પરિશ્રમ લેવો. વળી એ પણ જણાવીશ કે, આજે સમસ્ત હિંદને સૌથી વધારે આવશ્યકતા ઐક્યની છે, કે જે ઐક્ય દરેક કોમમાં શિથિલ થયેલું જોવામાં આવે છે. **કોમો અને પંથોને લગતા પ્રશ્નોને રાષ્ટ્રિય દૃષ્ટિ-બિંદુથી ચર્ચવા અને રાષ્ટ્રને જે જે તત્ત્વોની જરૂર છે તે તેતત્ત્વો દરેક કોમ અને પંથમાં—તે તે પંથની ધાર્મિક માન્યતાને આબાદ રાખીને—દાખલ કરવાં :** એ, આજના દેશકાળમાં દરેક સાચા અને સમજદાર દેશસેવકનું પ્રથમ કર્તવ્ય છે.

અને મ્હને વિશ્વાસ છે કે આ અંકમાં અપાયલો મ્હારા સુ-લેહના 'મિશન'નો ઇતિહાસ તથા રાષ્ટ્ર, સમાજ, ધર્મ ઇત્યાદિ 'ભાવ-ના'ઓ (Concepts) સંબંધમાં કરાયલી ચર્ચા, તેમજ ઐક્યબળ-ની તારીફ અને ઐક્યની હીમાયત કરનારા આ અંકમાંના જુસ્સાદાર શબ્દો : એ સર્વ હિંદની પ્રત્યેક કોમ અને ફીરકાને, એક યા બીજા રૂપમાં, એક યા બીજે પ્રસંગે ઉપયોગી થયા સિવાય નહિ જ રહે.

બે સિદ્ધાંતોમાં મ્હને સમ્પૂર્ણ શ્રદ્ધા છે: (૧) પ્રતાપી લોકના-યકને આગળ કરવા, (૨) મનુષ્યને નિર્માલ્ય બનાવનારી—બુદ્ધિવાદનાં ચુંથણાં પર નભતી-કોર્ટોથી માનભરી રીતે છૂટાછેડા કરવા. આ બે સિદ્ધાંતો હિંદની દરેક કોમના મગજમાં ઠોકીઠોકીને ઘુસાડવા જોઇએ છે અને 'નેશનલ કૉન્ગ્રેસ'ના આગેવાનોની દૃષ્ટિ સમક્ષ અહોરાત્રી ધરી રાખવા જોઇએ છે. ખુદ કેળવાયલા વર્ગનું પણ આ બે સિદ્ધાન્તોના ગૌરવ તરફ લક્ષ જવા પામ્યું નથી; અને તેથી આ બે મુદ્દા પર થોડુંક વિવેચન અહીં કરવું આવશ્યક સ્હમજું છું.

કોઇ પણ પ્રજાનો ઉદ્ધાર, આજકાલ મનાય છે તેમ, સંસાર-સુધારા પર કે કેળવણીના પ્રચાર પર આધાર રાખતો નથી; પરન્તુ પ્રજાના બલ અને અમુક પુરૂષોમાં પ્રજાએ મૂકેલી સમ્પૂર્ણ શ્રદ્ધા પર જ દેશના ઉદ્ધારનો ઘણોખરો-લગભગ બધો—આધાર છે. પ્રજાના બળને નિસ્તેજ કરનાર ચીજોમાં મુખ્યત્વે નિર્માલ્ય કેળવણી અને ટંટા વધારવામાં પરિણમે એવા પ્રકારની ઇનસાફપદ્ધતિ : એ બે છે. અને એ બન્નેનો ઇલાજ માત્ર એક જ છે—સમર્થ લોકનાયકો ! મતલબ કે, દેશોદ્ધાર માટે સૌથી અગત્યનું તત્ત્વ સમર્થ લોકનાયકો

જ છે, કે જેઓ (૧) પ્રજાને ત્હેના ચાલુ સંજોગોને અનુકુળ થઇ પડે એવી શિક્ષણપ્રણાલિકા યોજી શકે અને તે પ્રણાલિકા મુજબ શિક્ષણ આપનારી રાષ્ટ્રિય સંસ્થાઓ દેશમાં સ્થળે સ્થળે સ્થાપી નવી પ્રજાને નિર્માલ્ય થતી અટકાવી શકે, તથા (૨) લોકોને કોર્ટોમાં દોડી જઇ પૈસા, સમય અને રાષ્ટ્રિય ઐક્યનો ભોગ આપતા અટકાવી પંચાયત પદ્ધતિથી સંતોષ આપે. જ્યહાં સુધી કૉન્ગ્રેસના અગ્રેસરો આ બે કામની કિમત બરાબર ન સ્હમજે, જ્યહાં સુધી તેઓ તે કામ ખરેખર હાથમાં ન લે, અને ટુંકમાં કહું તો, જ્યહાં સુધી કૉન્ગ્રેસના અગ્રેસરો 'પ્રજાના વગરતાજના રાજા' બનવાની દરકાર ન કરે, ત્યહાં સુધી કૉન્ગ્રેસ કાંઇજ સંગીન લાભ કરી શકવાની નહિ.

માનો કે આ સિદ્ધાન્તની ઉપયોગીતા સ્વીકારવામાં આવી: તો પછી ? પછી લોકોએ અમુક પ્રજાકીય આગેવાનોને 'દેવ' માની ત્હેમનું બહુમાન કરવા અને ત્હેમની આજ્ઞા રાજ્યઆજ્ઞાની માફક માથે ચ્હડાવવા તૈયાર થવું. પ્રત્યેક કોમ અને ફીરકાના શુભેચ્છકોએ તે તે ફીરકાના અનુયાયીઓ સમક્ષ અમુક પ્રજાકીય અગ્રેસરોને 'દેવ' રૂપે આળેખવા અને ત્હેમની આજ્ઞામાં શ્રદ્ધા રાખવા આગ્રહ કરવો. જે દેશમાં ઘેરેઘેર 'ડાહ્યલા'ઓ વસે છે, જે દેશમાં અમુક તે સમયના શ્રેષ્ટ પુરૂષોને દેવ રૂપે માની એમની આજ્ઞામાં અડગ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાનું ડહાપણ હોતું નથી, તે દેશ વહેલો મરે છે. ઇંગ્લંડને માથે યુદ્ધની આફત આવી પડી ત્યહારે આજની નિર્માલ્ય શિક્ષણપ્રણાલિકાના ખળરૂપ હજારો વિદ્વાનો ફરજયાત લડાયક ધોરણની વિરૂદ્ધ મત આપવા લાગ્યા હતા, પરન્તુ એક ફક્ત લૉર્ડ કિચનર એવો નીકળ્યો કે જેને ફરજયાત લડાયક ધોરણ સિવાય દેશનું ગૌરવ જળવાવું મુશ્કેલ લાગ્યું અને એમ લાગતાં જ પોતાના મનમાં નિશ્ચય બાંધી લઇ લોકોના મન પર એ વિચાર ઠોકી બેસાડવાનો પણ ભગીરથ પ્રયાસ આદર્યો અને અંતે પોતાનો નિશ્ચય અમલમાં પણ મુકી દીધો. આજે ઇંગ્લંડની પ્રજા એનો આભાર માને છે અને એને દુવા દે છે. આથી સ્હમજાશે કે બુદ્ધિવાદનાં ચુંથણાં કરવામાં બહુ સાર નથી, પણ દુરંદેશીવાળા અને આત્મબલવાળા સમર્થ લોકનાયકને વીણી કહાડીને ત્હેના પર પ્રજાના વિશ્વાસનો મુકુટ પહેરાવવામાં આવે તો, એ એક અથવા બે અથવા ચાર વ્યક્તિઓના હાથમાં ક્રોડો મનુષ્યોનું બળ એકઠું થઇ કાંઇક નોંધવા જેવું પરિણામ ઉપજાવી શકે.

દેશના ગૌરવનું મધ્યબિંદુ પ્રખર લોકનાયકના **ઇચ્છાબળ**માં અને લોકોના તેઓ પ્રત્યેના **ભક્તિભાવ**માં જ છે. લોકનાયકો પોતાની સ્વાભાવિક શક્તિથી જોઇ શકશે કે અમુક પ્રકારનું શિક્ષણ દેશને હિતાવહ છે; તુરત જ તેઓ આજ્ઞાપત્રિકા બહાર પાડશે, જેને ફૂલથી વધાવી લઇ લોકો શ્રદ્ધાપૂર્વક પોતાના પૈસા એવી જાતના શિક્ષણ માટે સ્થાપવાની શાળાઓના નિભાવ માટે આપવા બહાર પડશે. લોકનાયકો કહેશે કે, પંચાયત દ્વારા ઇનસાફ મેળવવો શ્રેષ્ટ છે; અને તુરતજ લોકો આડીઅવળી દલીલો છોડી એમની આજ્ઞાને તાબે થશે. આ જાતની **મજબુત ઇચ્છા શક્તિ** (will-power) હોવી જોઇએ **સમાજનાયકો**માં, અને આ જાતની **અડગ શ્રદ્ધા** [Confidence and Devotion) હોવી જોઇએ **પ્રજાગણમાં.** એ એમાં આખું પ્રજાકીય ઉન્નતિનું શાસ્ત્ર સમાઇ જાય છે; બીજી તમામ વાતો એ બે આગળ નિસ્તેજ છે–નકામી છે. કોઇપણ રીતે પ્રજાનાયકોને ધક્કા મારીને પણ આગળ કરો અને એમનામાં જેટલી ઇચ્છાશક્તિની ન્યુનતા હોય તેટલી હમારી ભક્તિવડે પુરણી કરો.

મ્હને આશ્ચર્ય થાય છે કે, જે દેશમાં હિંદુ–મુસલમાનો અને હિંદુ–હિંદુ તથા મુસલમાન–મુસલમાન વચ્ચેના ન્હાનામ્હોટા ધાર્મિક ટંટા હરસાલ અને હરપ્રાંતમાં થયા કરે છે, એવા દેશની પ્રજાકીય કૉન્ગ્રેસે આજ સુધી ધાર્મિક ઝગડાઓનો નિકાલ પ્રજાકીય આગેવાનો મારફત કરાવવાની લોકોને સૂચના કરનારો ઠરાવ કેમ કર્યો નહિ હોય, અને એવા ઝગડાની ખબર મળતાં પક્ષકારોને મળીને યા લખીને સલાહ આપવાનું કામ કરવા માટે કોઇ કમીટી કેમ નહિ નીમી હોય. દેશના ઐક્યબલ ખાતર જ નહિ પણ કૉન્ગ્રેસની લોકપ્રિયતા અને સત્તામાં વધારો કરનાર સાધન તરીકે પણ આ પગલું તેણે અત્યાર આગમચ ભરવું જોઇતું હતું. **જે સંસ્થાઓ લોકના સહવાસમાં નથી આવતી અને લોકના તાત્કાલિક લાભમાં ફાળો નથી આપતી તેવી સંસ્થાઓ બળવાન થવા પામે એ સમ્ભવ બહુ થોડો** છે. **બહારથી** મેળવવાનું કાંઇ નથી, જે છે તે **અંદરથી** જ મેળવવાનું છે. કૃપાની ભીખ ફતેહમંદ નીવડે તો પણ તેથી લાભ એટલો જ મળે કે માણસ પારકે રોટલે પેટ ભરવાની આદતવાળો–ભાગેલા પગવાળો–બની જાય. વીશમી સદીનો નવો ધર્મ યોજનારો–નવા Tables of Ethics ઘડનારો–એક મહાત્મા ખરૂં જ ફરમાવે છે કેઃ—

"If ye would go up high then use *your own* legs. Do not get yourselves *carried* aloft; do not seat yourselves on other people's backs and heads.

"Thou hast mounted, however, on horseback? Thou now ridest briskly up to thy goal? Well, my friend, but thy lame foot is also with thee on horseback! When thou reachest thy goal, when thou alightest from thy horse, precisely on thy *height*, thou higher man, *then* will thou *stumble*!"

લોકોના દીલ પર રાજ્ય કરતાં પ્રથમ શિખો, એટલે 'સ્વરાજ્ય' જ છે. દેશની;અંદરના લોકો પાસેથી ઈચ્છાબળ વડે સત્તા મેળવો એટલે સ્વરાજ્ય જ છે.

આટલા ખુલાસાથી, હું ધારૂંછું કે, આ અંકની તમામ જગા રોકનાર વિષયની **સાર્વજનિક** અગત્યતા સ્પષ્ટ થશે. આ અંકની ૫૦૦ પ્રતો **વધારે** ( એકંદરે ૫૫૦૦ ) કહાડવામાં આવી છે અને તે હરકોઇ પંથ કે જ્ઞાતિના અગ્રેસરોને, ગુરૂઓને તેમજ ગ્રૅજ્યુએટોને ( માત્ર પોષ્ટ ખર્ચ મોકલવાથી ) વિનામૂલ્ય મળી શકશે.

**जिनकी मातृभाषा हिंदी हो उनके हितार्थ नं ४–५–६ वाले लेखोंका हिंदी अनुवाद भी पॅम्फलेटके तोरपर छपाया गया है और जगहजगह पर बिनामूल्य भेज दिया गया है। शिलिकमें अब ५० कापी मात्र हैं।**

***

**इस अंकके प्रत्येक शब्द पर 'भारत जैन महामंडल' के कार्यवाहक महाशयोंका, सम्मेद शिखर केसके वादी–प्रतिवादी महाशयोंका, सुलेह की 'अपील' में हस्ताक्षर देनेवाले उदार-चित्त सज्जनोंका, और सारे जैन पत्रकारोंका खास ध्यान खिंचना आवश्यक समझता हूं।**

***

जैन व अजैन प्रत्येक कोमके लिडरोंको यह सारे ही प्रश्नका अभ्यास करके अपनी २ कौममें ऐक्यबल कायम करने की कोशीश करनेकी मेरी नम्र प्रार्थना है ।

***

अखबारनवेशोंको प्रार्थना है कि इस अंकके भिन्न भिन्न प्रश्नोंकी चर्चा अपनी स्वतंत्र बुद्धिसे करें और प्रजागणका लक्ष ऐक्यभावकी ओर खिंचते रहें ।

***

हाईस्कूल और कालेजमें पढते हुए विद्यार्थी गणको प्रार्थना है कि ऐक्य भावको नष्ट करानेवाला उपदेश किसी भी अगुएं या धर्मगुरुसे सुननेका प्रसंग मिले तो इनके हृदय को जला दे ऐसा कडा परन्तु युक्तिपूर्ण जवाब सुनावें. स्वधर्मद्रोहीयोंकी वाहियात बातें चुपकीसे सुनना मानो बडा भारी नैतिक अपराध है ।

***

साधुओंको चाहिए कि—क्या कहें ?—वे खुद दिलमें तो सब कुछ समझते हैं, परन्तु हृदय उनका नाताकाद हो गया है: मौके पर सत्यकथनकी हिमत करना इनसे नहीं बन सकता है । और बन सके भी कैसे ?—आफत नहीं वहां तक हिमत नहीं; और साधुओंको आफत कैसी ? इनकी सारी आवश्यकताएं पुरनेवाले और रक्षण करने वाले बहुतसे लोग तैयार हैं!

***

જોઇએ છે—જોઇએ છે—જોઇએ છે ‘ આગ ’, સ્વદેશપ્રેમની આગ, સમાજપ્રેમની આગ, ઐક્યપ્રેમની આગ, સેવાપ્રેમની આગ, ઉંચી જાતનાં દીવ્ય યુધ્ધોની આગ, સત્યકથનની હિમતની આગ, ‘ હુંફ ’ અને ‘ શક્તિ ’ આપનારી ‘ આગ ’ ના ઍન્જીન રૂપ સાચા લોકનાયકોમાં રાખવી જોઇતી શ્રદ્ધા રૂપી

આગ, આપસના ઝગડા રૂપી **ખોટી ગરમીને** બાળી ભષ્મ કરનારી આગ, ખોટા ડર અને હીચકારાપણાના ' બરફ ' ને પીગાળી નાખી ગરમ વરાળ ફેંકતું પાણી બનાવનારી આગ, અધ્યાત્મની આગ, ઉચ્ચ વિચારોની આગ, **સાચી** વફાદારીની આગ !

**જોઇએ છે**—જોઇએ છે—જોઇએ છે એ દીવ્ય આગમાં બાળવા માટે સડેલાં ભેજાં, કોહેલાં જીગર, કુસંપનો કચરો, નિર્બળતાનાં ઝાંખરાં, વાક્પટુતા રૂપે ઉપદેશાતા ઢોંગી ' વૈરાગ્ય ' નાં ળાં, ' પ્રથા ' ને ' ધર્મ ' માની એને વળગી રહેનારી બગાઓ, પ્રગતિ અને શક્તિના દરેક ચિન્હથી લોકવર્ગને ભડકાવનારા યતાનો, તથા નિર્બળતા અને સહામાં મોક્ષ બતાવનારી ઠગારી લા 'ઓ, કે જે સર્વને દીવ્ય આગની ભઠ્ઠીમાં બાળી ભસ્મ કરી ફીનીક્ષ પક્ષીની પેઠે નવા અને તાજા દેહ સાથે ફરી જન્મ આપવાની ' **નૂતન ભારત** ' ને જરૂર છે.

**વા. મો. શાહ.**

---

# अनुक्रमणिका.

**પ્રસ્તાવ** ( જેમાં, જૈનોમાં પરસ્પર ચાલતા લાંબા વખતના અને ખર્ચાળ ઝઘડાનો અંત લાવવા માટેના એક 'મિશન' નો જન્મ કેવી રીતે થયો હેનો ટુંક ઇતિહાસ આપ્યો છે. )...૧

૧ **પવિત્ર સંવત્સરી પર્વ પ્રસંગે પણ ભગવાનની આજ્ઞા પાળવા તૈયાર થશો કે ?**—( એ મથાળાવાળા, બન્ને જૈન ફીરકાના સજ્જનોની સહીઓ સાથેના, વિનંતિપત્રની નક્કલ, કે જેમાં ઝગડાનો અંત લાવવાની વ્યવહારૂ યોજનાની સંક્ષિપ્ત રૂપરેખા સૂચવવામાં આવી છે અને તે યોજના તરફ લોકમત ખેંચવાની ' અપીલ ' કરવામાં આવી છે. )........૨

૨ **પત્રવ્યવહારના નમુના** ( આમાં, જૂદાજૂદા પ્રાંતોના જૂદાજૂદા ફીરકાના જૈન બન્ધુઓ સાથે કરેલા પત્રવ્યવહારને પરિણામે હેમના તરફથી મળેલી સહાનુભૂતિ સૂચવનારા પત્રોના થોડાક નમુના આપવામાં આવ્યા છે, જે આ ' મિશન 'ની વધતી જતી લોકપ્રિયતાનો અચૂક પુરાવો છે.)૧૧

૩ શાન્તિપ્રચારક મિશનની વિરૂદ્ધમાં ઉભી થયેલી બે ખટપટોનો ઇસારો. ... ... ... ... ... ૧૯

૪ **દિગમ્બર ખટપટને શાન્ત કરવા દિગમ્બર વર્ગના 'જૈન હિતૈષી' પત્રમાં પ્રગટ કરાવવામાં આવેલો લેખ.** ( જેમાં દિગમ્બર આગેવાનોની સહીઓ સાથે સુલેહના પ્રયાસને તોડવા માટેનું પૅમ્ફલેટ પ્રગટ કરનારને દલીલપૂર્વક જવાબ આપવામાં આવ્યો છે. ) ... ...૨૧

૫ **શ્વેતામ્બર વિરોધની અસર ટાળવાના આશયથી એ ફીરકાની કૉન્ફરન્સના મુખ પત્ર 'હૅરલ્ડ' માસિકમાં પ્રગટ કરાવેલો લેખ.** ( એમાં લડવું એ ધર્મ છે કે ક્ષમાભાવ રાખવો એ ધર્મ છે એ મુદ્દાની ચર્ચા કરી છે; ધર્મ—દેવ—સમાજ—નીતિ વગેરે 'ભાવના' ઓ ( Concepts ) **કયા ઉદ્દેશથી રચવામાં આવી હતી** તે યાદ કરાવ્યું છે અને તે ઉદ્દેશોને હાલની પ્રવૃત્તિ કેવી રીતે બાધાકારક છે તે સ્હમજાવ્યું છે; '**વ્યવહાર** ધર્મ' ઉપર **અતિ** ભાર મૂકવાથી '**નિશ્ચય** ધર્મ' નો કેવી રીતે ભંગ થાય છે તે બતાવ્યું છે; હિંદને આજે સૌથી વધારે જરૂર ઐક્યબળની છે ત્હેનું **કારણ** જણાવીને જૈનોના ઝગડા દેશની પ્રગતિને કેવી રીતે નુકશાનકારક છે ત્હેનો ઇસારો કર્યો છે; કાં તો **યુદ્ધ**માં 'ધર્મ' માની લડાયક પ્રજા બનો અગર તો યુદ્ધને છોડી **ક્ષમામાં** 'ધર્મ' માનો : બેમાંથી **એકને** વળગો એવી સૂચના કરી છે; હાનીકારક સામાજિક બંદીઓ સાથે અંદરોઅંદરના કલહ કેવી રીતે સંબંધ રાખે છે તે બતાવ્યું છે; સુલેહના મિશનને નિષ્ફલતા મળશે તો તે માટે કેળવાયલા વર્ગની બેદરકારી જ દોષિત ગણાશે એવો આક્ષેપ કર્યો છે; તથા લૉર્ડ બેકનનો શિક્ષા મંત્ર રજુ કર્યો છે. )... ... ... ૩૬

૬ **હજારીબાગનો બૉમ્બ** ( એમાં, હજારીબાગના એડીશનલ સબોર્ડિનેટ જજે **સમેદશિખરના** કેસનો ચુકાદો **નવેમ્બર**માં આપ્યો, તે ચુકાદાથી **બન્ને** પક્ષને કેવો ફટકો પડયો છે તે બતાવ્યું છે અને મ્હારી અપીલ ઉપર લક્ષ આપવા બન્ને કોમોને ફરી વિનંતિ કરી છે. )... ... ૪૭

૭ **હજારીબાગના જજમેંટ પછી જાહેર છાપાં અને વજનદાર લોકનાયકો શું બોલે છે ?** ( એમાં, લખનૌ ખાતેની સમગ્ર **જૈન** કોમની સંયુક્ત કૉન્ફરન્સના પ્રમુખ મહા-

થયે સમેદ શિખરના કેસ બાબતમાં તથા મ્હારા સુલેહના મિશન બાબતમાં જણાવેલા વિચારો ઉદ્ધૃત કર્યા છે અને તે પછી **તે વિચારોપર** સ્વતંત્ર અવલોકન કર્યું છે; હિંદુ-મુસલમાન અને ઍક્ષ્ટ્રીમીસ્ટ—મૉડરેટ પક્ષોને લખનૌ ખાતે જોડનાર તત્ત્વ કયું હતું ત્હેની ચર્ચા કરી છે; જૈન આગેવાનોથી બનેલા લવાદને બદલે **પ્રજાકીય** આગેવાનથી બનેલા લવાદ તરફ હું **શા માટે** ઝુકું છું ત્હેનાં **કારણો** બતાવ્યાં છે; 'કેળવાયલાના કૅમ્પમાં **વિચારભિન્નતા** જોઇએ જ નહિ' એ મુદ્દા તરફ લક્ષ ખેંચ્યું છે; 'આપવા જશો તો **પામશો,** લેવા જશો તો **ગુમાવશો**' એ સિદ્ધાન્તનું રહસ્ય સ્હમજાવ્યું છે; '**જૈન** ગૅઝીટ' ના વિદ્વાન સંપાદક બાબૂ **અજીત** પ્રસાદજીની કલમનું એડિટોરીઅલ ઉદ્ધૃત કર્યું છે, કે જેમાં શ્વેતામ્બર-દિગમ્બર લખોપતિ આગેવાનો સોગન ઉપર જૂઠું બોલનારા ઠરે એવી મતલબનું જજમેંટ મળ્યા સંબંધી ઇસારો કર્યો છે. )... ... ... ૫૦

(૮) **કોર્ટની લડાઇની હિમાયત કરનારાની બાબતમાં જૈન પેપરો શું કહે છે!** ( અંગ્રેજી '**જૈન** ગૅઝીટ' તથા હિંદી '**જૈન** સંસાર' પત્રમાંના બે ઉતારા આપ્યા છે. બીજો ઉતારો એક હાસ્યપૂર્ણ વાર્તાલાપના રૂપમાં છે, જે બહુ મનન કરવા જેવો છે. ) ... ... ૬૨

(૯) **હુવે શું કરવું ?** ( એમાં પાંટન તાલુકાના ચારૂપ ગામના જૈનો હિંદુઓ સાથે **ત્રણ કોર્ટ સુધી લડયા પછી આખરે** બન્ને પક્ષે એક ગૃહસ્થને 'પંચ' નીમ્યાના **તાજા** સમાચાર આપ્યા છે; પ્રજાકીય આગેવાન સાથે **જૈન** આગેવાનોની સબ-કમીટી નીમવા ઇચ્છા હોય તો તે બાબતનો પણ વિચાર કરવા અને કાંઇક રસ્તાપર આવવા માટે **તુરતમાં મુંબઇ ખાતે બન્ને ફીરકાના થોડાએક અગ્રેસરો અને વિદ્વાનોની ન્હાની કૉન્ફરન્સ—ખાનગી રૂપમાં—બોલાવવાની વિનંતિ કરી છે;** આવી કૉન્ફરન્સ બોલાવવાની ફરજ સંવત્સરીના દિવસે સુલેહની 'અપીલ'માં સહી આપનારા બન્ને ફીરકાના મહાશયોની છે એમ સૂચન કર્યું છે. ) ... ૬૭

(૧૦) જાહેર પત્રો શું કહે છે ? (એમાં, સુલેહની હીલચાલ તરફ જૈન તેમજ અજૈન હિંદનો કેટલો પ્રેમ ઉત્પન્ન થવા પામ્યો છે તે બતાવવા માટે આ વિષયને અંગે એડીટોરીઅલ લખનારાં સંખ્યાબંધ જૈન અને અજૈન પેપરોમાંથી થોડાક ઉતારા આપ્યા છેઃ દાખલા તરીકે 'જૈન ગૅઝીટ', 'જૈન', 'જૈનશાસન', 'સાંજવર્તમાન', 'શ્વે૦ કૉન્ફરન્સ હૅરલ્ડ', 'જૈન પ્રભાત', 'જાતિપ્રબોધક' ઇત્યાદિ.

## આર્ય સ્ત્રીવર્ગને એક હિતસલાહ.

હિંદુસ્તાનમાં વસતી કોઇ પણ ધર્મની કુમારિકા, વધુ તેમજ માતાને અત્યંત ઉપયોગી થઇ પડે એવો ઉપદેશ ઘણાં થોડાં વાક્યોમાં સમાવીને એક લઘુ ગ્રંથ વાડીલાલ મોતીલાલ શાહે તૈયાર કર્યો હતો હેની હમણાં જૂદી જૂદી વ્યક્તિઓ તરફથી અનેક આવૃત્તિઓ બહાર પડી છે. કોને માટે કઇ આવૃત્તિ વધારે અનુકૂળ થઇ પડશે તે નીચેની યાદી પરથી સમજી શકાશેઃ—

**ગુજરાત-કચ્છ-કાઠિયાવાડની શ્રાવિકા બ્હેનો માટે**— 'શ્રાવિકા ધર્મ' નામથી બહાર પડેલી મૂળ આવૃત્તિ "જૈનહિતેચ્છુ" ઑફિસમાંથી મળી શકશે. મૂલ્ય માત્ર ૦-૧-૦; લ્હાણી માટે ૧૦૦ પ્રતના રૂ. ૪). દશહજાર પ્રતોનો ઉઠાવ ટુંક મુદતમાં થયો છે.

**ગુજરાત-કચ્છ-કાઠિયાવાડની હિંદુ બ્હેનો માટે**—ઉપલા પુસ્તકમાં થોડા શબ્દો માત્રના ફેરફાર સાથે, લેખકની પરવાનગીથી જામ-ખંભાળીઆની ફ્રી લાયબ્રેરીના લાભાર્થે હેના ઑનરરી સેક્રેટરીએ છપાવેલું 'આર્યનારીધર્મ' નામનું આકર્ષક પુસ્તક; ચિત્રો સાથે ૦-૨-૦; ચિત્રો વગર ૦-૧-૦; લ્હાણી માટે ૧૦૦ પ્રતના અનુક્રમે રૂ. ૧૦) અને રૂ. ૫). ૧૦ હજાર પ્રતો હમણાંજ બહાર પડી છે. મળવાનું ઠેકાણુંઃ—રા. કેશવજી વેલજી, નવી સ્ટેશન ગલી, મૂળજી જેઠા મારકીટ, મુંબઇ.

**હિંદી માતૃભાષા વાળી શ્રાવિકા બ્હેનો માટે**— 'શ્રાવિકા ધર્મ'નું હિંદી ભાષાન્તર, મૂલ્ય ૦-૨-૦; મળવાનું ઠેકાણું "જૈન ગ્રન્થ રત્નાકર કાર્યાલય', હીરાબાગ, ગિરગામ, મુંબઈ.

આ પછીના બે પૃષ્ઠોમાં છાપેલાં

અંગ્રેજી વાકયો તખતામાં મઢાવવા ભલામણ છે.

# तीर्थयुद्धशान्तिनुं 'मिशन.'

## समाज, धर्म अने राष्ट्रने पोषक विचारो.

### પ્રસ્તાવ.

'હિતેચ્છુ'નો છેલ્લો અંક ગત પર્યુષણ પ્રસંગે જ પ્રગટ થવા પામ્યો હતો. તે અંકના પૃષ્ટ ૧૫૨–૧૫૬માં સમ્મેદશિખર વગેરે તીર્થને લગતા ઝગડાની શાન્તિ માટે શ્વેતામ્બર દિગમ્બર બન્ને વર્ગની પસંદગીથી એક અથવા વધુ પ્રજાકીય આગેવાનને 'પંચ' નીમી હેમની પાસેથી ન્યાય મેળવવાનું સૂચન મ્હેં કર્યું હતું. એ અંક બહાર પડ્યો તે જ દિવસે મ્હારા એક મિત્રે કહ્યું કે "ત્હમારી સલાહ તદ્દન વાજબી છે; પણ ત્હમે જો એમ આશા રાખતા હો કે બન્ને ફીરકામાંથી કોઇ એવા પુરૂષ પોતાની મેળે બહાર પડે અને બન્ને ફીરકાને પ્રજાકીય આગેવાન નીમવાની સમજ આપવાનું 'મિશન' ચલાવે, તો હું ધારૂં છું કે ત્હમારી આશા વ્યર્થ છે. બીજાની આશા પર નહિ રહેતાં ત્હમારે પોતે જ યથાશક્તિ કામ કરવા બહાર પડવું જોઇએ છે. વળી ત્હમે પોતે કલહમાં જોડાયલા ફીરકાઓ પૈકીના ન હોવાથી ત્હમારો અવાજ પક્ષપાતની ગંધ વગરનો ગણાશે અને બરાબર સાંભળવામાં આવશે." મ્હને આ સલાહ વાજબી લાગી અને તે જ વખતે એટલે કે રાત્રીના ૧૧ વાગે મ્હેં એક 'અપીલ' લખી નાખી (વાંચો પૃષ્ટ ૨) અને બહારગામના કેટલાક સજ્જનોની સમ્મતિ મેળવવા માટે પત્રો લખી નાખ્યા, જે પત્રોના ઉત્તર તારથી મંગાવ્યા. બીજે દિવસે સ્હવારથી સાંજ સુધી તેમજ રાત્રીમાં પણ, મુંબઇમાં વસતા કેટલાક આગેવાન જૈનોની મુલાકાત માટે ફર્યો. દરમ્યાનમાં 'અપીલ' ટાઇપમાં મૂકવાનું કામ ચાલતું રહ્યું. બરાબર સંવત્સરીની આગલી સાંજે કેટલીક સહીઓ સાથે છપાયલી 'અપીલ' આખા હિંદના મ્હોટા મ્હોટા અગ્રેસરોને પોષ્ટ કરાઇ ગઇ; ઉપરાંત અમદાવાદ, મુંબઇ, ભાવનગર, સુરત જેવાં શહેરોમાં સેંકડો નકલો સંવત્સરીના દિવસે જ વહેંચવાનો બંદોબસ્ત થઇ ગયો. આ 'અપીલ'નું પછી હિંદી ભાષાન્તર કરીને હેની પણ સેંકડો નકલો દિગમ્બર ભાઇઓના પર્યુષણ પ્રસંગે

ગામેગામ ફેલાવવામાં આવી. પરિણામે ચોતરફ આ વિષય ચર્ચાવા લાગ્યો. કેટલેક સ્થળે મ્હેં મુસાફરી પણ કરી, મુખ્ય મુખ્ય જૈન પેપરો અને જાહેર પેપરોમાં લેખો લખી મોકલ્યા, બહોળો પત્રવ્યવહાર ચલાવ્યો અને ધીમેધીમે મ્હારૂં 'મિશન' આગળ વધવા લાગ્યું. સહાનુભૂતિના પત્રો બન્ને ફીરકામાંથી આવવા લાગ્યા. જેની એક ફાઇલ કરવામાં આવી છે અને જેમાંના થોડાક નમુના, લોકલાગણી આ હિલચાલ તરફ વધારે પ્રમાણમાં ખેંચાવા પામે એ આશયથી, આ અંકમાં પ્રગટ કરવામાં આવ્યા છે. (વાંચો પૃષ્ટ ૧૨)

સૌથી પ્રથમ, સંવત્સરી ઉપર ફેલાવવામાં આવેલી 'અપીલ' આ નીચે રજુ કરૂં છું:

(૧)

# પવિત્ર સંવત્સરી પર્વપ્રસંગે

પણ

## ભગવાનની આજ્ઞા પાળવા તૈયાર થશો કે ?

ભગવાનનું નામ અને ભગવાનની આજ્ઞા એ બે પર કોને પ્રેમ નહિ હોય ? અને તેમાં સંવત્સરી જેવો સર્વોત્તમ પર્વ દિવસ—કે જે દિવસે તો એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણસ પણ ભગવાનની ભક્તિ કરવા અને ભગવાનની આજ્ઞા માથે ચ્હડાવવા ચૂકતો નથી, એ શુભ દિવસે કયો બુદ્ધિશાળી જૈન ભગવાનની આજ્ઞા સાંભળવા, વિચારવા અને અમલમાં મુકવા ખુશી નહિ થાય ?

શ્રી જીન ભગવાન એક વખત આપણા જેવા મનુષ્ય હતા, પરન્તુ જ્યહારે મ્હારા-ત્હારા પણાનો ભેદભાવ અને સકળ પ્રાણીમાત્ર સાથેનો વૈરભાવ છોડી દઇ 'ક્ષમાના સાગર' બન્યા ત્યહારે તેઓ મનુષ્ય મટી ભગવાન થયા. તેઓ ત્હેમના અનુયાયીઓને પણ એ જ માર્ગે ચાલવાનો ઉપદેશ આપતા ગયા છે, અને એટલા માટે શાસ્ત્રકારોએ શ્રી ભગવાનના ઉપદેશને અનુસરીને એવી આજ્ઞા કરી છે કે, દરેક જૈને સાંજે અને સ્હવારે 'પ્રતિક્રમણ' કરીને વૈરવિરોધની ક્ષમા માગવી; જ્હેનાથી દરરોજ તેમ કરવાનું ન બની શકે ત્હેમણે દર મહિને કે

છ મહિને અને તે પણ ન બને તો દર વર્ષે એક વાર તો જરૂર વૈરવિરોધની ક્ષમા લેવી-દેવી. જો આ દેવું વર્ષમાં એક વાર પણ ન ચૂકવવામાં આવે તો ક્રમે ક્રમે ચક્રવૃદ્ધિ વ્યાજની પેઠે કરજ વધતું જાય અને માણસ પાપના બોજાથી એટલો બધો દબાઇ જાય કે માથું ઉંચું કરવું મુશ્કેલ થઇ પડે. એટલાજ કારણથી સંવત્સરી પ્રતિક્રમણની યોજના કરવામાં આવી છે; એ જ કારણથી આપણે તમામ જૈન ભાઇઓ એક બીજાના ઘેર જઇ 'ખતમ ખામણાં' કરી આવીએ છીએ અને ગામોગામ આપણા સંબંધીઓને 'ક્ષમાપના પત્રો' લખીએ છીએ.

**પરન્તુ** આજકાલ આપણાં સંવત્સરીપ્રતિક્રમણ અને ખમતખામણાં ઘણે ભાગે દેખાવ માત્ર રહ્યાં છે. આપણે પ્રતિક્રમણના પાઠ બોલી જઇએ છીએ, પણ એ પાઠમાં ચોરાશી લાખ જીવયોનિ સાથેના વૈરવિરોધ છોડવાનું જે **વચન** બોલીએ છીએ તે વચન પાળતા નથી. મિત્રો અને સગાંઓને 'ખમાવવા' જઇએ છીએ, પણ જેમની સાથે લડયા હોઇએ ત્હેમને 'ખમાવવા'નું આપણને સૂઝતું નથી! ત્યારે પછી ભગવાનની આજ્ઞા પાળનારા આપણે શી રીતે કહેવાઇએ? શું દિવસે દિવસે વૈરવિરોધથી થતા પાપબંધનનો બોજો આપણે માથે વધતો જવાથી આપણું કલ્યાણ સાધી શકાશે? એક તરફથી ભગવાનનું નામ જપીએ અને બીજી તરફથી એમની 'મુખ્ય આજ્ઞા'નો ભંગ કરીએ તો શું એ ભક્તિ સાચી ઠરશે?

**અને ત્હેમાં પણ ખુદ ભગવાન** કે જેઓ સઘળી જાતના વૈરવિરોધના કટ્ટા શત્રુ છે ત્હેમના જ નામથી એટલે કે ત્હેમના ધર્મના નામથી કે તીર્થના નામથી અંદરોઅંદર વૈરવિરોધ કરીએ અને ક્રોધ, ખટપટ, દ્વેષ, અસત્ય, એકબીજાનું બુરૂં ચાહવાની વૃત્તિ ઇત્યાદિ અનિષ્ટ તત્ત્વોને પુષ્ટિ આપીએ, અરે ખુદ પ્રશાન્ત ભગવાનના નામથી આવું કરીએ, તો તે કેટલું બધું ભૂલભરેલું અને આત્મઘાતી પગલું ગણાય, ત્હેનો પવિત્ર સંવત્સરીના દિવસે વિચાર કરવા અમો નીચે સહી કરનારાઓ સકળ જૈન સંઘને વિનંતિ કરીએ છીએ.

## તીર્થો તારવાને માટે છે, નહિ કે ડુબાવવાને માટે.

ભાઇઓ, 'ધર્મ' એ માણસને અધોગતિમાં જતો અટકાવવા માટે છે; તેમજ 'તીર્થ એ મનુષ્યને સંસારસાગરમાંથી તરી પાર ઉતરવાનું સાધન છે; એથી ઉલટું, ક્રોધ, કલેષ, ટંટા, એ સર્વ મનુ-

અને ડુબાવનારાં તત્વો છે. તો પછી, શું ધર્મ કે તીર્થ નિમિત્તે ક્લેષ અને વૈરવિરોધ થઇ જ શકે ? 'ધર્મ'—અને ખાસ કરીને પવિત્ર જૈન ધર્મ-તો કહે છે કે, હમારા દુશ્મનોને પણ ક્ષમા આપો, માથું કાપનારનું પણ ભલું ચાહો ! અને 'તીર્થ' કહે છે કે, મ્હને માનનારા હમે બધા એકત્ર થઇ **એકતાનું બળ** જમાવી એ બળ વડે સંસારને તરવાનો પૂલ બનાવો.

**ત્હેને બદલે** આપણે તો, એકતાનું જે થોડુંઘણું બળ રહેવા પામ્યું છે તે પણ 'તીર્થ' નિમિત્તે જ તોડતા તૈયાર થઇએ છીએ, અને આખી દુનિયામાં બધા મળીને હવે માત્ર તેર લાખ જ જૈન રહેવા પામ્યા છે ત્હેમાંએ કુસંપ કરીને અંદરોઅંદર લડીને પરસ્પર નબળા પડીએ એવો રસ્તો આપણે અંગીકાર કરીએ છીએ. અરે ઓ મહેરબાન સજ્જનો ! ઐક્યબળ વગર શું આ પ્રબળ હરીફાઇ અને જડવાદના જમાનામાં આપણો પવિત્ર જૈન ધર્મ આપણે ટકાવી શકીશું ? ઐક્યબળ વગર આપણે બીજાઓને જૈન ધર્મ તરફ ખેંચી શકીશું ? ઐક્યબળ વગર આપણે શું કદીએ કોઇ જાતની સાંસારિક કે પારમાર્થિક ઉન્નતિ કરી શકીશું ?

## ઉન્નતિને બદલે અવનતિ અને તે સાથે પાપને

આપણે પ્રતિદિન વધારતા જઇએ છીએ, એ બાબતનો શાન્તિથી વિચાર કરવા જો આજે સંવત્સરી જેવા શુભ દિવસે પણ આપણે તૈયાર નહિ થઇએ તો પછી ક્યહારે થઇશું ? નફાટોટાનો હિસાબ વ્યાપારીઓ દીવાળીએ કહાડે છે, તેમ પાપ-પુણ્યનું સરવૈયું દરેક સાચા જૈને સંવત્સરીના દિવસે કહાડવું જ જોઇએ.

## દરેક જમાના કરતાં આજે તો આપણે પાપથી વધારે ચેતવાનું છે.

પાપ ! પાપ ! અરે આપણે **એનાથી** બહુ ડરવાનું છે. પૂર્વના આપણા ભાગ્યશાળી પૂર્વજો જેવાં મજબૂત સંઘાણ અને પ્રબળ પુણ્ય આજે આપણી પાસે છે નહિ, કે જેથી પાપને સહેજમાં બાળવાનું પરાક્રમ કરી શકીએ. વળી આજે દેશકાળ રીતરીવાજ રાજ્ય વગેરે એવાં પકારનાં છે કે જેમાં હીંડતાં ને ચાલતાં પાપ થઇ જાય છે, તો એવા વખતમાં આપણે એટલું તો ડહાપણ જરૂર રાખવું જોઇએ છે કે પાપને કાપવાનાં સાધનો (અર્થાત્ ધર્મ, ગુરૂ, તીર્થ)-

જે નિમિત્તે તો પાપમાં ન જ પડવું, એ શાન્તિ પામવાનાં સ્થાનને આગનાં સ્થાન ન બનાવવાં. શાસ્ત્રકારો પોકારીપોકારીને કહે છે કે, ભાઇઓ ! બીજે બધે ઠેકાણે બાંધેલાં પાપો તીર્થસ્થાનમાં ધોઇ શકાશે, પણ તીર્થસ્થાનમાં બાંધેલાં પાપ વજ્રલેપ જેવાં મજબુત થશે.

## તીર્થસ્થાનની માલેકી.

તીર્થસ્થાનોના ખરા માલીક તો ભગવાન છે. શ્વેતામ્બર જૈનો અગર દિગમ્બર જૈનો તો ભગવાનના 'ટ્રસ્ટી' છે. ભગવાનનો એક પુત્ર મંદિર બંધાવે અને બીજો પુત્ર તે મંદિરનો માલીક બનવા તૈયાર થાય એ જેમ શોભાભર્યું નથી, તેમજ પહેલો પુત્ર કાર્ટદરબારે લ્હડે એ પણ શોભાભર્યું નથી. ભાઇઓ કદાપિ ભૂલ પણ કરે ( કારણ કે છદ્મસ્થથી ભૂલ તો થાય જ ) તો પણ ભાઇઓ–ભાઇઓના વાંધા ભાઇચારાની રીતે–સમાધાનની અને સુલેહશાન્તિભરી રીતે–પતાવી શકાય નહિ શું ? અને ભગવાનના પુત્રો વચ્ચેના વાંધા ખાતર, એ ભગવાન પર લેશ માત્ર શ્રદ્ધા નહિ ધરાવનારાઓ પાસે ન્યાયની ભીખ માગવામાં આવે અને ન્યાય મેળવવા ખાતર લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે, એનો અર્થ એ જ થાય કે આ ભાઇઓ ફરી કોઇ દિવસ ભેગા મળવા માગતા જ નથી અને એમના આખા સમાજમાં વાંધો પતાવી શકે એવું શાણું માણસ પણ કોઇ નથી.

## શું પોતાના હક્કો છોડી દેવાને અમારી સલાહ છે ?–ના

આ વિનંતિ કરનારા અમો પૈકી કોઇની એવી ઇચ્છા કે સલાહ નથી કે શ્વેતામ્બરોએ કે દિગમ્બરોએ કોઇ સ્થળનો પોતાનો વાજબી હક્ક છોડી દેવો. હક્કનો નિર્ણય થવો જ જોઇએ અને ઇન્સાફથી જ હક્ક સોંપાવો જોઇએ, એ તો અમને માન્ય છે. પણ અમારી સૂચના એ છે કે, શ્રી મહાવીર પિતા કે જહેમના આપણે સર્વે પુત્રો છીએ ત્હેમના નામના ગૌરવ ખાતર, અને ત્હેમના ધર્મના ગૌરવ ખાતર, તથા મુઠ્ઠીભર રહેવા પામેલી જૈન પ્રજાના ગૌરવ તથા ઐક્યબળની ગરજ ખાતર, આપણે કાર્ટદરબારે લ્હડવાનું છોડી હિંદના સૌથી વધારે લોકપ્રિય, બુદ્ધિશાળી અને પ્રમાણિક પ્રજાકીય આગેવાનો પૈકીના એક કે વધારે આગેવાનોને બન્ને પક્ષ તરફથી પસંદ કરીને ત્હેમની પાસેથી 'ન્યાય' કાં ન મેળવી શકીએ ?

## દેખીતો મહાન લાભ.

કોર્ટદ્વારા ઇન્સાફ માગવામાં અને પ્રજાકીય આગેવાનો મારફત ઇન્સાફ માગવામાં કેટલો તફાવત છે અને તેથી આપણને શું શું લાભ-ગેરલાભ છે તે આપણે આપણી સહજ વ્યાપારી દૃષ્ટિથી વિચારવું જોઇએ છેઃ—

( ૧ ) એ તો સૌ કોઇ સારી રીતે જાણે છે કે, સરકારી ઇન્સાફપદ્ધતિ અત્યંત વિલંબવાળી અને બેહદ ખર્ચાળ છે. એક કોર્ટમાં લાંબો વખત કેસ ચાલે, તેમાં હજારો રૂપીઆ વકીલ-બૅરીસ્ટર પાછળ ખર્ચાય, અંતે બીજી કોર્ટમાં જવાનું ઉભું રહે, ત્હાં પણ હજારો લાખ્ખો ખરચ્યા પછી વળી આગળ પણ જવું પડે. આ લખલૂટ ખર્ચ ઉપરાંત બન્ને પક્ષકારોને પોતાનો કિમતી વખત ગુમાવવો પડે ત્હેનો તો હિસાબ જ નહિ. દોડધામ અને જંજાળ વહોરવી પડે એનો પણ હિસાબ નહિ. હવે 'વ્યાપારી' વર્ગને આવી રીતે વર્ષો સુધી કિમતી વખતનો ભોગ અને મગજમારી પાલવી શકે કે કેમ એ વિચારવાનું કામ અમો તે સજ્જનોને પોતાને જ સોંપીશું. બીજા હાથ ઉપર, પ્રજાકીય આગેવાનના હાથથી ઇન્સાફ લેવાનો હોય તો લાંબો વખત જાય નહિ, અને મ્હોટાં ખર્ચો પણ થાય નહિ.

( ૨ ) કોર્ટમાં અમુક કલમ મુજબ જ ચાલવાનું હોય છે. જડજને લાગતું હોય કે મ્હારે અમુક પ્રકારનું જજમેંટ આપવું જોઇએ, તો પણ કલમ આગળ તે લાચાર છે. કાયદાની બારીકીઓ સત્યને પણ ઘડીભરને માટે દબાવી શકે. પણ એક પ્રજાકીય આગેવાનના હાથથી ઇન્સાફ લેવાનો હોય તો, તે 'વાળ ચીરવા જેવી' કાયદાની બારીકીઓ કરતાં સત્ય હકીકતો ઉપર વધારે ધ્યાન આપે; કારણ કે ત્હેને કાંઇ કાયદાની બારીકીઓનું બંધન નથી, પણ ન્યાય તોળવામાં સત્યનું અને પરમાત્માનું જ બંધન છે.

(૩) કોઇ તીર્થ દેશી રાજ્યમાં પણ હોય, કોઇ બ્રિટીશ હદમાં પણ હોય, એમાંના કાંઇ બધા ઇન્સાફ આપનારાઓ, બધે પ્રસંગે સમ્પૂર્ણ ચારિત્રબળ ધરાવતા જ હોય એવી ખાત્રી બધાથી રાખી શકાય નહિ. અને ખાસ કરીને રૂપિયાનો નહિ, પણ મમત્વનો સવાલ હોય ત્હારે તો ઇન્સાફ આપનારના સમ્પૂર્ણ ચારિત્ર ઉપર જ મ્હોટો આધાર રહે છે. જે પ્રજાકીય આગેવાનોએ પોતાની જીંદગી

દેશને અર્પણ કરી હોય તેવા ખરેખર દૃઢ ચારિત્રવાનની બાબતમાં તો ઇરાદાપૂર્વક ન્યાયને જરાતરા પણ ખંડિત કરવાની લેશ માત્ર ભીતિ હોઇ શકે નહિ. વળી તે પ્રજાકીય આગેવાનો કોઇની સ્હેમાં તણાવાના નહિ, એટલું જ નહિ પણ એમનામાં કાયદાકાનુનનું જાણુ-પણું પણ દેશી રાજ્યના કે સરકારી અદાલતોના અમલદારો કરતાં ઓછું હોતું નથી. તેથી શુદ્ધ નિષ્ટા તેમજ વિશાળ કાનુની જ્ઞાન બન્નેના મિશ્રણથી ત્હેમના હાથે મળતો ન્યાય ખરો જ હોય એવો દરેક સંભવ રહે છે.

(૪) આપણા ધર્મ સંબંધી સવાલોમાં તો આપણા પ્રજાકીય આગેવાનોને હાથે જ ઇન્સાફ થાય એ આપણી કોમ માટે તેમજ દેશ માટે શોભાભર્યું છે. અને આપણા દેશના આગેવાનો પાસેથી ઇન્સાફ મેળવવાની સલાહનો સ્વીકાર કરવામાં ખચકાવું એ આપણને પોતાને અને આપણા દેશને અપમાન કરવા બરાબર છે. આપણે આપણો પોતાનો ન્યાય ન તોળી શકીએ તો એમાં આપણી અયો-ગ્યતા પુરવાર કરવા જેવું જ થાય છે; ત્હેમાં પણ આપણે જૈનો કે જેઓ મુખ્યત્વે વણિક છીએ,-વ્યાપારી કુનેહવાળી—નવા નવા માર્ગ શોધવાની તાકાદવાળી પ્રજા છીએ (અને રાવણનું રાજ્ય પણ કોઇ વણિક ન હોવાથી જ ગયું હતું એમ કહેવાયછે) અને જ્હેમના પૂર્વ-જોએ મ્હોટાં મ્હોટાં રાજ્યોનાં કારભારાં કર્યાં હતાં–એવા આપણુ જૈનો આપણા ધર્મ સંબંધી ઝગડાના નીકાલ માટે કોર્ટદરબારે ચ્હડીએ તો આપણું ગૌરવ આપણા હાથે જ ગુમાવવા જેવું થાય.

એટલા માટે આખરની વિનંતિ એ છે કે, શ્વેતામ્બર-દિગમ્બર વર્ગ વચ્ચે તીર્થો સંબંધી જે જે વાંધા હાલ ચાલે છે તે તે સર્વ વાંધાઓના નિરાકરણ માટે-છેવટના ' ઇન્સાફ ' માટે–આપણે કોર્ટમાં ચાલતા કેસ હાલ તરત તો મોકુફ રખાવીને, બન્ને પક્ષ તર-ફથી પસંદ કરાયલા એક કે વધુ પ્રજાકીય આગેવાનો (દાખલા ત-રીકે લોકમાન્ય ગાંધી) ને લવાદ નીમવા, ત્હેમની સમક્ષ બન્ને પ-ક્ષના અમુક પક્ષકારો અને વકીલોએ પોતપોતાની હકીકતો, પુરાવા, દલીલો વગેરે રજુ કરવું, અને છેવટે તેઓ જે ઇન્સાફ આપે તે બધાએ હમેશને માટે કબુલ મંજુર રાખવાની-પ્રથમથી જ—સહી કરી આપવી. આ રીતે જૂના વૈરવિરોધ ટાળવા, પરસ્પર ખરા

દીલથી 'ખમતખામણાં' કરવાં અને ભવિષ્યમાં ભાઇચારાની સજ્જડ ગાંઠથી જોડાયા રહેવાનું 'વ્રત' લેવું,—એ જ શ્રી મહાવીર પ્રભુના સાચા ભક્ત તરીકેનું દરેક શ્વેતામ્બર-દિગમ્બરનું કર્ત્તવ્ય છે, એમાં જ બન્નેની ઇજ્જત છે, શોભા છે, બળ છે, અને એમાં જ પવિત્ર જૈન ધર્મની સહીસલામતી અને આબાદી છે.

જો આવી રીતે વૈરવિરોધ ન ટાળી શકીએ તો સંવત્સરીનાં આપણાં ખમતખામણાં અર્થ વગરનાં છે, દેખાવ માત્ર છે.

જો સ્હમજવા છતાં ચેતીએ નહિ તો, જાગતો હોવા છતાં પથારીમાં લઘુશંકા કરનાર બાળક જેવા આપણે બાળક જ ઠરીએ.

જો ભાઇ ભાઇ વચ્ચે પણ એખલાસ કરવાનું આપણાથી ન બની શકે, તો આખી પૃથ્વીથી—રે ચોર્યાશી લાખ જીવયોનીથી મિત્રભાવ કરવાનું ભગવાનનું વચન આપણે કદાપિ નહિ પાળી શકવાના, અને મનુષ્યભવ તથા જૈન ધર્મ પામ્યા તે ન પામ્યા બરાબર જ થવાનું. એટલા માટે,

## તીર્થોને લગતા તમામ ઝઘડાઓના પક્ષકાર ગૃહસ્થો પ્રત્યે

અમારી વિનંતિ છે કે, આ વિષય પર આપ આજના પવિત્ર દિવસે—ક્ષમા આપવા-લેવાના દિવસે—વૈરભાવ ભૂલવાના દિવસે-જરૂર ખરા દિલથી અને ઉંડા ઉતરીને વિચાર કરી જોશો, તેમજ જ્યહારે ઉપર કહેલા માર્ગ જેવો કોઇ માર્ગ સૂચવવા અને આપની તે બાબતમાં સલાહ લેવા કોઇ ધર્મદાઝવાળા જૈન બંધુ હાજર થાય ત્યહારે આપ શ્રી વીર ભગવાનની આજ્ઞા નજર સ્હામે રાખીને જવાબ આપશો તથા સૂચના કરનાર ગૃહસ્થની લવાદ સંબંધી યોજનામાં કાંઇ સુધારોવધારો કરવાનું આપને યોગ્ય લાગે તે ( લેખિત નહિ પણ મુખેથી ) જણાવશો, કે જેથી એવો પ્રયાસ કરનાર ગૃહસ્થો બન્ને પક્ષના વિચારોને એક કરી બનતી તાકીદે લવાદ નીમવાનું કામ પાર પાડી શકે. અને

## આખા હિંદના તમામ શ્વેતામ્બર—દિગમ્બર જૈનભાઇઓને અરજ

છે કે, આ જમાનો ચળવળનો છે, માટે ત્હમે દરેક ભાઇ આ

વિનંતિપત્રમાં સૂચવેલી ચળવળમાં સામેલ થાઓ. આગેવાનોને મળીને કહો, તેમજ પત્રો લખીને જણાવો કે, અમે ધર્મ નિમિત્તે લડવામાં સમ્મત નથી અને પ્રજાકીય આગેવાનો દ્વારા સઘળા ટંટાનો ફેંસલો કરાવવા આગ્રહ પૂર્વક ભલામણ કરીએ છીએ. શ્વેતાંબર જૈનો આખા હિંદમાંથી પોતાના શ્વેતાંબર અગ્રેસરો ઉપર પત્રો લખે, અને દિગંબર જૈનો દિગંબર અગ્રેસરો ઉપર પત્રો લખે, અને આ રીતે હજારો પત્રો એકઠા થાય તો એનો એટલો પ્રભાવ પડે કે બન્ને પક્ષના આગેવાનોએ એ સૂચનાનો સ્વીકાર કરવો જ પડે. **લોકમત એ એક જબરજસ્ત બળ છે,** અને તે બળથી જે ધારીએ તે પાર પાડી શકાય છે; માટે જૈન ભાઇઓ !

**ત્હમારા આગેવાનોપર પત્ર લખીને ત્હેમને અસર કરો.**

**ત્હમારા ગામ કે શહેરમાં મીટીંગો ભરીને આ દિશામાં લોકમત કેળવો.**

**ત્હમારામાં હોય તેટલી શક્તિ વાપરીને ઐક્યબળ મજબુત કરો.**

**કારણ કે**

**ઐક્ય છે ત્ય્હાં જ શક્તિ છે ઐક્ય છે, ત્ય્હાં જ સુખ છે.**
**ઐક્ય છે ત્ય્હાં જ સ્વાતંત્ર્ય છે, ઐક્ય છે ત્ય્હાં જ ગૌરવ છે.**

**અને**

**ઐક્ય એ જ મહાવીરનો ' સંઘ '**
**ઐક્ય એ જ ' મુક્તિ ' નો 'મંત્ર.'**

એ ઐક્ય સિવાય કોણ ચલાવી શક્યું છે?
એ ઐક્યને તરછોડીને ત્હમે શું સુખી થઇ શકશો?
ના, ના, હજાર વાર ના !

**ઐક્ય નહિ, તો ધર્મ નહિ;**
અને ધર્મ નહિ, તો શ્વેતામ્બર-દિગમ્બર પણ નહિ.

**ધ્યાન રાખજો કે,**

લડવું એટલે બન્ને પક્ષ નબળા પડે એવી બલામાં પડવું તે.
લડવું એટલે બેના હાથમાંનો રોટલો ત્રીજાને ખવરાવી દેવો તે.

લડીને જીતનાર પક્ષ પણ આખરે એમ જ કહે છે કે ' આ કરતાં ચુપાચુપ બેઠા રહ્યા હોત તો ઓછું નુકશાન ખમવું પડયું હોત.'

ધર્મ અને સમાજ તથા દુનિયાની સેવા માટે કરવાનું ઘણું છે.

પણ

**પૈસાનો ટોટો અને ઉદારતાની ન્યૂનતા છે,**

અને તે છતાં

ધર્મ નિમિત્તે નાણાં એકઠાં કરી એમાંથી ધર્મયુદ્ધો કરવાં છે ?

ના, સજ્જનો, ના;

**શ્વેતામ્બર-દિગમ્બર પરસ્પર હાથ મેળવો,**

અને સંયુક્ત હાથ વડે

**આખી દુનિયાને 'શાસનરસી' બનાવો**

એ જ ભાવના અને એ જ વિનંતિ સાથે વિરમીએ છીએ અમો

શેઠ બિનોદીરામ બાલચન્દ્ર (ઝાલરાપાટન)
જગમન્દરલાલ જૈની એમ. એ., બાર-ઍટ-લૉ
(જજ હાઇકોર્ટ, ઇન્દોર)
અજિતપ્રસાદ જૈની એમ. એ., એલ એલ. બી.,
(એડીટર, જૈનગૅઝીટ, લખનૌ)
લલ્લુભાઇ પ્રેમાનન્દદાસ પારેખ, એલ. સી. ઇ,
એ. બી. લઠ્ઠે એમ. એ. એલ એલ. બી. (કોલ્હાપુર)
એ. પી. ચૌગુલે બી. એ. એલ એલ. બી.
હીરાચંદ અમીચંદ શાહ, શોલાપુર
સૂરજ ભાનુ વકીલ, દેવબન્દ.
જુગલકિશોર મુખ્તાર „
જ્યોતિ પ્રસાદ જૈન „ (સમ્પાદક, જૈનપ્રદીપ)
ઠાકોરદાસ ભગવાનદાસ જવેરી, મુમ્બઇ.
ગાંધી સૂરચંદ શીવરામ (શેઠ નાથારંગજી વાળા, મુંબઇ)
શાહ ચુનીલાલ હેમચંદ, મુંબઇ
ચૈતનદાસ જૈન બી. એ.
(આ૦ સે૦. ભારત જૈનમહામણ્ડલ)
દયાચન્દ્ર ગોયલીય, બી. એ.
(સમ્પાદક, જાતિપ્રબોધક)
નાથુરામ પ્રેમી (સમ્પાદક, જૈનહિતૈષી)
શેઠ રતનચન્દ ખીમચન્દ મોતીચન્દ
(મુમ્બઇ-શ્વેતાંબર સંઘના સંઘપાત)

શેઠ દેવકરણ મૂળજી.–મુંબઇ
,, ગુલાબચન્દ દેવચન્દ જવેરી, મુંબઇ
,, રતનચંદ તલકચંદ માસ્તર ,,
,, જીવનચંદ સાકરચંદ ઝવેરી ,,
,, લખમસી હીરજી મૈશરી બી. એ., એલ એલ. બી.
,, ખીમજી હીરજી કાયાણી જે. પી.
,, અમરચન્દ ઘેલાભાઇ [ ભૂતપૂર્વ સેક્રેટરી,
ભાવનગર જૈનધર્મ પ્રસારક સભા. ]
ચુનીલાલ એમ. કાપડિયા એમ. એ.,
એલ એલ. બી., બી. એસસી.
મોહનલાલ દલીચન્દ દેશાઇ બી. એ.,
એલ. એલ. બી.
( એડીટર, જૈનશ્વેતામ્બર કૉન્ફરંસ હેરૅલ્ડ )
ડાક્ટર નાનચન્દ કે, મોદી.
એલ. એમ. એણ્ડ એસ.
મૂલચન્દ હીરજી ( સેક્રેટરી. મુંબઇ માંગરોળ
જૈન સભા, મુમ્બઇ )
મણીલાલ મોહકમચન્દ શાહ
( સેક્રેટરી, વૉલંટિયર કમીટી, દશમી શ્વે૦ કૉન્ફરંસ )
વાડીલાલ મોતીલાલ શાહ–( એડીટર, "જૈનહિતેચ્છુ" )

---

( ૨ )

## પત્રવ્યવહારના નમુના.

દિગમ્બર, શ્વેતામ્બર મૂર્તિપૂજક, સ્થાનકવાસી ગૃહસ્થો તેમજ મુનિવરો પણ આ 'મિશન' બાબતમાં કેટલી હદની સહાનુભૂતિ બતાવવા લાગ્યા હતા એનો કાંઇક ખ્યાલ આપવા માટે પત્રવ્યવહારમાંથી થોડાક ઉતારા રજુ કરવા વાજબી ધારૂં છું.

(૧) દિગમ્બર આગેવાન ( જેમણે શિખરજીનો કેસ લડવામાં દિગમ્બર સમાજ તરફથી થયેલા ફંડમાં મ્હોટી રકમ આપી હતી અને જે એક ક્રોડપતિ અને સુશિક્ષિત મહાશય છે) શ્રીયુત લાલચંદજી શેઠી ( શેઠ બીનોદીરામ બાલચંદ વાળા ) લખે છે–:

"I thankfully beg to acknowledge receipt of your letter and a rough copy of your pamphlet on Shikharji affair, which *we have carefully read.* We are actually delighted to know your sincere wishes for the welfare of the Jain community. If the matter come to a mutual settlement, the community will no doubt be saved of the heavy loss of money and unbearable burden of anxiety. Your attempts this way are for the public good and we pray for and will congratulate you on your achieving success in the sacred undertaking &c, &c."

(૨) દિગમ્બર સમાજના માનનીય નેતા બ્રહ્મચારી શીતલપ્રસાદજી જેઓ શાસ્ત્રરસિક ચુસ્ત દિગમ્બર છે અને જેઓનો પત્ર આજ સુધી ઇરાદાપૂર્વક મ્હેં છૂપાવ્યો હતો, તેઓ વડોદરેથી લખે છે કેઃ—

"मैं अंतरंगसे परस्पर मेल चाहता हूं और ऐसे मुकद्मोंको कौमकी बरबादी समझताहूं तथा जो कोई न्याययुक्त प्रयत्न ले उसमें योग देनेको भी तत्पर हूं. यदि काम पडे, और श्वेताम्बरोंको ठीक रास्ते पर आप ले आवे तो दिगम्बर शेठोंके पास बात करनेको आपके साथ—यदि फुरसत हुइ तो—जानेमें मुझे कुछ उजर न होगा. सदाके लिये ये झगडे मिटें ऐसी ही मेरी भावना है."

(૩) સુશિક્ષિત દિગમ્બર ગૃહસ્થ સોલાપુરનિવાસી શ્રીયુત હીરાચંદ અમીચંદ શાહ લખે છેઃ—

"I have gone through your 'Appeal' and I quite sympathise with the movement. I am prepared to give my signature on the 'Appeal'. I feel no doubt as to the usefulness of the movement, which, to express in your own words 'will make our voico more powerful and will help in bringing litigation to a speedy end.' ......Very glad to learn your zeal and diligence manifested in your going to × × for this holy cause and the final success you there achieved. I note with pleasure your intention of coming down here to see other influential gentlemen and to try to persuade them to accept your proposal. Such a process is, in my opinion, quite necessary and it will do much in facilitating your purpose. I wish you every success."

(૪) જાણીતા દિગમ્બર આગેવાન અને અંગ્રેજી 'જૈન ગૅઝીટ' પત્રના સમ્પાદક શ્રીયુત અજીતપ્રસાદ જૈની એમ. એ. એલ્. એલ્. બી; ગવર્નમેન્ટ પ્લીડર લખનૌથી લખે છે:—

"Many thanks for your electrifying letter, so uplifting and inspiring × × × It is really a grand thing you have taken up and if you succeed it will be a signal success, substantially serviceable to the Jain community.× × I know of some people who mislead both parties for selfish ends. I wish you every success and would be quite willing and ready to accompany you."

(૫) ઝાલરાપાટન (રાજપૂતાના) નિવાસી ક્રોડપતિ દિગમ્બર અગ્રેસર શ્રીયુત માણેકચંદજી શેઠી સીમલેથી લખે છે કે:-

"आपका पत्र पढ कर अत्यंत खुशी प्राप्त हुई. श्री सम्मेद शिखरजी के बारेमें जो प्रयत्न आप कर रहे है उसमें आपको अवश्य सफलता होगी. इससे आपसका विरोध दूर हो जायगा और लाखो रूप्याका खर्च बचेगा. आप एक पुरुष रूपमें देव है. आपका यह निःस्वार्थ निष्पक्षपात मिशन विजयशाली हो यही मेरी प्रार्थना है."

(૬) 'દિગમ્બર જૈન' પત્રના સમ્પાદક શ્રીયુત કાપડીઆ સુરતથી લખે છેઃ—"આપનો પત્ર તથા પૅમ્ફલેટો મળ્યાં ને આજેજ બધે અપાસરે વ્હેંચાવી દીધાં છે. આપે ઉપાડેલા પ્રયાસમાં આપ ફતેહ પામો એવી અમારી ઇચ્છા છે. આપના નિઃસ્વાર્થ અખૂટ પરિશ્રમને ધન્ય છે."

(૭) દેવબંદ મુકામથી બાબુ સુરજભાન, જ્યોતિ પ્રસાદ અને જુગલકિશોર ખાસ તારથી આ હીલચાલને અનુમોદન આપે છે અને અપીલમાં પોતાનું નામ નાખવા ફરમાવે છે.

(૮) તેવીજ રીતે ઇંદોર હાઇકોર્ટના જડ્જ શ્રીયુત જગમંદીરલાલ જૈની એમ. એ., બાર–ઍટ્–લૉ ખાસ તારથી અને ઉત્સાહવર્ધક શબ્દોમાં અનુમોદન તથા સહી મોકલાવે છે.

(૯) ઇંદોરથી શાસ્ત્રરસિક દિગમ્બર બન્ધુ શ્રીયુત બુધમલજી પાટની લખે છેઃ "your attempts about Shikharji affairs are simply laudable. I sicerely wish you succss."

(૧૦) ઇન્દ્રાશ્રમ–રતલામથી કુંવર ભંવરલાલ યદુવંશી–ભાટી લખે છેઃ–" **यह कार्य्य आपका परमोत्कृष्ट एवं सराहनीय है. परमात्मा आपको विजय दे!"**

(૧૧) ગાડરવાડા (સી. પી.)થી શ્રીયુત ભૈયાલાલ જૈનલખે છેઃ—

**"आपने कृपया जो तीर्थोंके झगडे मिटानेका आन्दोलन प्रारम्भ किया है, इसमें आपके साथ मेरी पूर्ण सहानुभूति है. इसके लिये सारे जैन समाजको आपका सदैव. कृतज्ञ रहना चाहिये. आपकी विरुद्धमें लिखनेवाले मेरी समझमें समाजके घोर शत्रु हैं. मुझे आपकी महान आत्मामें पूर्ण श्रद्धा है. मैं आपको सम्पूर्ण विजय और दीर्घायुः चाहता हूं."**

(૧૨) શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક વર્ગના એક તત્ત્વપ્રેમી વિદ્વાન અને પ્રસિદ્ધિ નહિ ઇચ્છતા **મુનિ મહાત્મા** લખે છે કેઃ—

" તીર્થોના ઝગડાઓનો નિકાલ કરવા જે યોજના તમે ઘડી છે તે માટે હૃદયથી અભિનંદન આપું છું. પરંતુ વસ્તુસ્થિતિ જોતાં, કેટલે અંશે સફળતા મળશે તે બાબતમાં હું કંઇ કહી શકતો નથી; કારણ કે કોર્ટોનાં છાપરાંઓ ઉપર કૂદ્યા કરવાની જે થોડાઓને ટેવ છે તેઓને સમજાવવામાં ઘણી ઘણી મુશ્કેલી છે. બન્ને કોમોમાં આ જ સ્થિતિ છે, તો પણ ઉદ્યમ બલવાન્ છે. હું તો હૃદયથી ઇચ્છું છું કે કુદરત તમને સહાય કરો અને આ કામમાં સફળતા મળો!"

(૧૩) બીજા પણ શ્વે૦ મૂ૦ જૈન ફીરકાના શાંત અને વિદ્વાન મુનિશ્રી ( જેમનું નામ બહાર પાડવાની પરવાનગી નથી ) લખે છેઃ " પંચાયત કે તટસ્થ દ્વારા કામ લેવાની સલાહ ઘણી ઉત્તમ છે. હજારો રૂપિયાનાં ખર્ચો બચે. આ બુદ્ધિ જૈનોને સૂઝે તો તેમનો ભાગ્યોદય સમજું."

(૧૪) ભાવનગરની સુપ્રસિદ્ધ "જૈન આત્માનંદ સભા"એ નીચેમુજબનો રીતસર ઠરાવ પસાર કરીને શેઠ આનંદજી કલ્યાણજી પર મોકલી આપ્યો હતોઃ—" શ્રી શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈનો અને શ્રી દિગંબર જૈનો વચ્ચે તીર્થોના સંબંધમાં જે ઝગડાઓ ચાલે છે તેની લવાદથી સમાધાની લાવે એવી હીલચાલ હાલમાં જે મુંબઇ શહેરમાં ચાલે છે તેમાં અમારી પસંદગી જાહેર કરીએ છીએ."

(૧૫) સીમલાથી સુપ્રસિદ્ધ શ્વેતામ્બર અગ્રેસર શ્રીયુત રાજકુમારસિંહજી ( કલકત્તાનિવાસી નામી ગૃહસ્થ રાય બદ્રીદાસજી બહા-

ફરના સુપુત્ર) કે જેમનો પત્ર જજમેંટ મળતાં સુધી બહાર નહિ પાડવાની મ્હારે કાળજી રાખવી પડી હતી, તેઓ લખે છે કેઃ—

"I am very thankful to receive your letter about Shikharjee affairs, which delighted me very much. Yes, I fully sympathise with your valuable thoughts and do appreciate your liberal views. This is a matter of deep consideration and requires a good plan to settle the long litigation. I shall be glad to hear from you from time to time."

(૧૬) મોરબીથી જાણીતા જૈન શ્વેતામ્બર સાક્ષર શ્રીયુત મનઃસુખલાલ કિરતચંદ મહેતા લખે છે કેઃ—

"શ્વેતામ્બર દિગમ્બરને વાંધાવચ્છિ લવાદ મારફત આણવાના સદુપદેશક પૅમ્ફલેટનું અથેતિ વાંચન બહુ હર્ષ સમેત કર્યું છે. સમજુઓને વંચાવ્યું છે. સુજ્ઞજન બધા અંતઃકરણથી અનુમોદન આપે છે. આવી દિશાએ પ્રવર્ત્તનારાને, પ્રવર્ત્તવા માર્ગ દર્શાવનારાને કોટિશઃ ધન્યવાદ છે. પણ ભાઇ, મને ભય રહે છે કે, એવી રીતે સાચા દીલની અનુમતિ આપનારાના ટકા પણ સેંકડે બહુ અલ્પ રહેશે. સન્માર્ગ દર્શાવનારા તો સ્વ-સ્વ-ભાવ મુજબ નિર્જરા અથવા પુણ્ય ઉપાર્જી ચુકયા જ છે,–અનુમોદનારા પણ."

(૧૭) છોટી સાદડીથી શ્રીયુત ચંદનમલ નાગોરી લખે છેઃ– "પર્યુષણાના ક્ષમાપના પત્ર પ્રસંગે આપની તરફથી પ્રગટ થયેલ હસ્તપત્ર મને મળ્યું છે. આપની સૂચના આનંદ સાથે સ્વીકારવા જેવી છે. આપની અનુપમ લાગણી પ્રશંસાપાત્ર છે. દરેલ વડીલોએ પરસ્પર હિતચિંતક રહી ભગવાન મહાવીરના શાસનની સેવા કરવી ઘટે છે. શ્વે૦—દિ૦ આપસમાં લડાઇ ઝગડાથી દૂર રહે એવી આપની હીલચાલમાં હું પણ સહમત છું અને આપને વિજય ઇચ્છું છું. કેટલાંક શહેરોમાં જાતે જઇને આપની હીલચાલને અનુમોદન આપનારા ઠરાવ કરાવી નકલ મોકલવા વિચાર છે."

(૧૮) ઝવેરી ધનજીભાઇ રાયચંદ મોતીચંદ મુંબઇવાળા, વઢવાણ કૅમ્પથી લખે છેઃ—"જૈન કોમમાં કેટલાંક વર્ષો થયાં તીર્થ સંબંધી જે ઝગડા ચાલે છે તે દરેક રીતે બન્ને ફીરકાઓને એક યા બીજી રીતે વધતા-ઓછા નુકશાનકારક જ છે અને મુંબઇમાં

તે ઝગડાનો અંત લાવવા પંચ મારફત ઇનસાફ મેળવવાની એક હીલચાલ ઉપાડી લેવાનું બંને પક્ષના સુશિક્ષિત પુરૂષોએ જે ડહાપણ વાપર્યું છે તે માટે ધન્યવાદપૂર્વક હું ખરા અંતઃકરણથી ટેકો આપું છું.”

(૧૯) આવા ઘણા પત્રો શ્વેતામ્બર-દિગમ્બર ગૃહસ્થોના મળ્યા છે, તે ઉપરાંત કેટલાક ગામોના **સંઘ સમસ્ત** તરફથી સહીઓ સાથેના પત્રો મળ્યા છે, જેમાંના બે, **નમુના તરીકે** આ નીચે રજુ કરૂં છું:—

(અ) **જૈન પંચાન, સતના, રાજ રીવાં** તરફથી મળેલા પત્રનો ગુજરાતીમાં અનુવાદ નીચે મુજબ છે:—આજ મિતિ વીર નિર્વાણ સં. ૨૪૪૨ ભાદ્રપદ શુક્લા પૂર્ણિમાના રોજ સતનાના દિગમ્બર જૈનસમાજે એકત્ર મળીને વિચાર કર્યો કે, દિગમ્બર-શ્વેતામ્બર ભાઇઓ વચ્ચે લાંબા કાળથી તીર્થોના સંબંધમાં ઝગડા ચાલવાથી બન્ને કોમોની પુન્ય કમાઇના લાખો રૂપિયાની ખરાબી થઇ રહી છે તેમ ન થવું જોઇએ. એ જ રૂપિયા વડે અસંખ્ય આત્માઓને સુખનાં સાધન આપી શકાય. બન્ને ફીરકાના જૈનોએ એકબીજાને ભાઇની પેઠે છાતી સાથે દાબીને પ્રેમગાંઠ બાંધવી જોઇએ અને **દુનિયાને દેખાડી આપવું જોઇએ કે સંસારમાં રાષ્ટ્રધર્મ થવા લાયક કોઇ ધર્મ હોય તો તે અમારો જૈન ધર્મ** છે, સંસારમાં ફરેલા જીવોને શાંતિ અને સહાય આપનારો કોઇ ધર્મ હોય તો તે અમારો જૈન ધર્મ છે. માટે અમે સતનાના દિગમ્બર જૈન પંચો, સકળ હિંદના નેતાઓ (કે જેમના હાથમાં સમાજની લગામ મૂકાયલી છે)ને આ બાબતપર ધ્યાન આપવા અરજ કરીએ છીએ કે, સમાજની પુન્ય કમાઇનો વ્યય મુકદમાબાજી પાછળ-ભાઇઓભાઇઓ વચ્ચે કલહ અને યુદ્ધ રૂપી સત્યાનાશીના સાધન પાછળ-ન થવો જોઇએ. છેવટમાં અમો સર્વ પંચની એક મતે એ પ્રાર્થના છે કે, દિગમ્બર-શ્વેતામ્બર ભાઇઓ જાતેજ એકઠા મળીને પરસ્પર ઝગડાને શાન્ત કરે અગર તેમ ન બની શકે તો દેશના નેતાઓ પાસેથી ફેંસલો કરાવે, કે જેથી ધન, જન, અને ઇજ્જતનું રક્ષણ થવા ઉપરાંત પ્રેમનો નિર્મળ ઝરો વહેતો રહે અને ધર્મ તથા દેશની ઉન્નતિ બની રહે.

(સહી) દલીચંદ જૈન, મંત્રી જૈન સભા, સતના,
(સહી) પંડિત પરમાનંદ........(વગેરે, વગેરે, વગેરે.)

(ब) જગદલપુરના દિગમ્બર જૈન સંઘ સમસ્તનો પત્ર નીચે મુજબ છે:—

आपका लेख जैनहितैषी, जैन प्रभात, दिगम्बरजैन इत्यादि में देख कर हम सर्व जैन दिगम्बर समाज जगदलपुर को परम हर्ष होता है कि जिस प्रकार के लेख आपने प्रकट किये हैं वह सर्व प्रकारसे हमे स्वीकार है. हम समस्त मंडली हस्ताक्षर करके आपकी सेवामें भेजते हैं; आशा है कि आप शीघ्र, तीर्थराजोंके कारण दिगम्बर श्वेताम्बर समाजमें जो अग्निज्वाला भभक रही है इसे जिस प्रकारसे बने शान्त कीजिये; तथा जो निरंतर तीर्थोंके उपरसे झगडा होता रहता है यह भी सदैवके लिये बंद करादिया जावे यही हमारी सर्व दिगम्बर समाजकी अंतरंग इच्छा है. हमे मुकद्दमा अदालतमें न ले जाकरके लोकमान्य तिलक महाशय या श्रीयुत गांधीजी या अन्य कोई प्रजाकीय अग्रेसर तथा जैन समाजके दोनों पक्षके धर्मात्मा जो निर्णय करेंगे वही हमे सर्व प्रकार स्वीकार है.

प्रार्थी.

मुन्नालाल जैन.

( और अन्य १२ गृहस्थोंके हस्ताक्षर. )

(२०) દિગમ્બર શ્વેતામ્બર ગૃહસ્થોની આ મિશન તરફની લાગણી સૂચવતા થોડાક પત્રો નમુના તરીકે રજુ કર્યા પછી હવે બે પત્રો સ્થાનકવાશી જૈન સજ્જનો તરફના પણ રજુ કરવા ઠીક થઇ પડશે.

(अ) રા રા. નવલચંદ જી. સંઘવી બી. એ. એલ. એલ. બી. મહાલક્ષ્મી-મુંબઇથી લખે છે:—

"I am simply charmed with your pamphlet of क्षमापना, wherein you so strongly advocate an amicable settlement of the disputes between the different sections of the Jain community. I endorse your views and suggestions and am willing to co-operate with you heart and soul in your noble undertaking."

(૫) જેતલસર કૅમ્પથી રા. રા. અભેચંદ કાળીદાસ વકીલ લખે છેઃ "સંવત્સરી પ્રસંગે શ્વેતામ્બર તથા દિગમ્બર વચ્ચેના મહાન ઝગડાઓનું સમાધાન કરવા બાબતનાં આપે છપાવેલા પૅમ્ફ્લેટની નકલ મને પણ મળી છે, જે મેં રસપૂર્વક પુરેપુરી વાંચી છે. હેતુ ઘણો શ્રેષ્ટ છે અને જે જે ધર્મપ્રેમી સજ્જનોએ ઉંડો વિચાર કરી એ અપીલમાં સહીઓ આપવાની પહેલ કરી છે તેમણે સમગ્ર જૈન કોમને એક અનુકરણીય ઉદારતાનો દાખલો પુરો પાડયો છે. હું ઇચ્છુ છું કે આ અતિ ઉપયોગી મિશનમાં આપની સાથે જોડાવાને ઘણા મિશનરીઓ મળે અને મિશન ફતેહમંદ થઇ જૈન કોમમાં એકતાનું રાજ્ય રચાય. તે સાથે મને એટલું પણ કહેવા દેશો કે કામ અતિ વિકટ છે. લોકોનાં દીલ ઘણા કાળથી કઠણ બનેલાં છે તેમને પ્રેમાળ બનાવવામાં પરિશ્રમ ઘણો જ પડશે. પેપરો અને પોષ્ટ દ્વારા કલમથી હીલચાલ કરવા ઉપરાંત મુસાફરી અને મુલાકાતો કરીને આપ આપના ગજા ઉપરાંત ભોગ આપો છો અને વધુ પણ આપશો એ મારા ખ્યાલ બહાર નથી, તથાપિ આ કામ સીકંદરના સાહસ જેવું છે એમ કહ્યા વગર મને ચાલતું નથી. દરેક ભલા અને મહાભારત કામમાં બનતું આવ્યું છે તેમ આ કામમાં પણ વિરોધ અને અંગત હુમલા સહન કરવાનો વખત આવશે. આ સર્વ કહી હું આપનો નિશ્ચય નબળો પાડવા માગતો નથી, પણ એ નિશ્ચયને વધારે મજબૂત કરવા માગું છું. પુરૂષપ્રયત્ન આગળ કાંઇ જ અશકય નથી અને પરિણામ ગમે તે આવે તો પણ મહેનત છેક જ નકામી જતી નથી. વળી મને એ પણ શ્રદ્ધા છે કે આપ જેવા નિઃસ્વાર્થે અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના વિચાર પૂર્વક જનસેવા બજાવવાનો પ્રયત્ન કરનારનો શ્રમ ઘણેભાગે સફળ થાય જ. એક સૂચના કરવાની જરૂર છે કે, જે જે ગૃહસ્થોની મદદથી આ મહાભારત કામ પાર પડે તેમને આ કામ પુરૂં થયા બાદ અરજ કરશો કે જેમ તીર્થને લગતા ઝગડા પતાવવા શકય છે તેમજ સઘળા જૈન ફીરકાઓ વચ્ચે ચાલતા અન્યાન્ય પ્રકારના ઝગડાઓ પણ, ખરે રસ્તે કામ લેનારા આગેવાનો બહાર પડે તો, બુઝાવી શકાય તેવા છે અને તે બુઝાવવાની જરૂર અનિવાર્ય છે."

(૨૧) 'બૉમ્બે ક્રૉનીકલ', 'લીડર', 'મુંબઇસમાચાર, 'સાંજવર્તમાન', 'હિન્દુસ્થાન', 'ગુજરાતી', 'ગુજરાતીપંચ', 'પ્રજાબન્ધુ', શ્રી 'વેંકટેશ્વર સમાચાર', 'શ્વે૦ કૉન્ફરન્સ હૅરલ્ડ', 'જૈન', 'જૈન શાસન', 'સ્થા૦ કૉન્ફરન્સ પ્રકાશ', 'જૈનહિતૈષી', 'જૈન ગૅઝીટ', 'જૈનપ્રભાત',

'જાતિપ્રબોધક', 'દિગમ્બર જૈન', 'જૈનતત્ત્વ પ્રકાશક' વગેરે પત્રોએ આ હીલચાલને ટેકો આપ્યો હતો.

(૨૨) **સૌથી વધારે સંતોષકારક સમાચાર** કે જે મ્હેં આજ સુધી ઇરાદાપૂર્વક છુપાવ્યા હતા, **તે તો એ છે કે**, શ્વેતામ્બર મૂર્તિપૂજક **જૈન** વર્ગની જે સંસ્થા હેમનાં તીર્થો વગેરેને લગતા કામનો વહીવટ કરે છે અને જેની વ્યવસ્થા પ્રસિદ્ધ ખાનદાન મહાશયોની કમીટી વડે થાય છે તે સંસ્થા—**શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી**—ની સભા વચ્ચે આ અપીલ રજુ કરીને હેના આશયો અને પરિણામો બાબતમાં વિવેચન કરીને કમીટીનો ચાહ આ હીલચાલ તરફ પુરેપુરો મેળવ્યો હતો એટલું જ નહિ પણ જો દિગમ્બર ભાઇઓ લવાદનાં નામ સૂચવે તો પોતે પણ લવાદનાં નામ સૂચવવાનું ખુલ્લા દીલથી સ્વીકાર્યું હતું. શેઠ આનંદજી કલ્યાણજીની પેઢીના સભ્યોની આ ઉદાર નીતિ માટે, તેમજ મુંબઈ અને અન્ય સ્થળોના જે જે શ્વેતામ્બર સજ્જનોએ આ હીલચાલ તરફ સહાનુભૂતિ બતાવીને મ્હારો ઉત્સાહ વધાર્યો હતો તે તે સજ્જનોની ઉદાર નીતિ માટે, તેમજ જે જે દિગમ્બર સજ્જનોએ મ્હને હિંમત, સહાનુભૂતિ અને સહી આપવાની મહેરબાની કરી હતી તેઓની ઉદાર નીતિ માટે હું તે સર્વનો જેટલો આભાર માનું તેટલો થોડો છે.

(૩)

પરન્તુ કમનશીબે આ તબક્કે બે વ્યક્તિઓએ સુધરવા માંડેલી બાજી ચુંથી નાખવાની હીલચાલ શરૂ કરી. આ બેમાંની પહેલી વ્યક્તિ દિગમ્બર તીર્થરક્ષક કમીટીનો પગાર ખાનાર માણસ છે, કે જેના રોજી ટંટાના ચાલુ રહેવા ઉપર આધાર રાખે છે. આ વ્યક્તિએ એકાદ 'પોથા પંડિત'ને પોતાના હાથમાં લઇ હેની મદદથી દિગમ્બર શ્રીમંતોના મુનીમોને એવું સ્હમજાવી દીધું કે, હાલમાં ઉભી થયેલી હીલચાલ તો એમ કહે છે કે દિગમ્બરો જ ટંટો કરે છે, તેઓ જ દોષિત છે અને તીર્થના હક્ક બાબતમાં કાંઇ પણ ન બોલતાં હક્ક ગુમાવી દેવો એ જ ધર્મ છે. એ ધર્મદ્રોહ અને દેશદ્રોહના પક્ષકારે વળી, બીજાના નામની આડમાં રહીને, લોકોને એમ સ્હમજાવવા કોશીશ કરી કે, આ નવી હીલચાલ કરનારાઓ તો ધર્મને નહિ માનનારા વંઠેલાઓ છે. આવી ઉશ્કેરણી કરીને સુલેહની હીલચાલને તોડી પાડવા માટે દિગમ્બર શ્રીમંતોની સહીઓવાળું એક પેમ્ફલેટ બહાર પાડવામાં આવ્યું. આ પેમ્ફલેટમાંની દલીલો અને ઉશ્કેરણીઓનો શાન્ત જવાબ મ્હેં તુરતજ દિગમ્બર 'જૈન હિતૈષી' પત્રમાં પ્રકટ કરાવ્યો હતો.

( વાંચો નંબર ૪ વાળો ભાગ. )

દિગમ્બર આગેવાનોની સહીઓ સાથે આવું ઉદ્ધત પેમ્ફલેટ બહાર પડવાથી શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક વર્ગના એક આચાર્યને પણ પોતાના ફીરકાને ઉશ્કેરવાનું બહાનું મળ્યું. ઇનસાફ ખાતર મ્હારે કહેવું જોઇશે કે, શ્વેતામ્બર આચાર્યની આ ઉશ્કેરણીભરી હીલચાલ, દિગમ્બર શ્રીમંતોની સહીવાળા પેમ્ફલેટોનો પ્રચાર થયા પછી જ જન્મ પામી હતી. ગમે તેમ હો, આ કે તે પક્ષને દોષ દેવાથી કાંઇ સુલેહના પ્રયાસને ફતેહ મળવાની નથી અને એટલા માટે દોષ શોધી કહાડવા અને જણાવવાના કામને મિશનની ફતેહમંદી મેળવતા સુધી મુલ્તવી રાખવામાં જ અર્થસિદ્ધિ માનું છું. વખત આવ્યે જે જે વ્યક્તિઓએ શ્રી મહાવીર પ્રભુના શાસનના બળને વધારવાના કામમાં ફાળો આપ્યો હશે હેમની યોગ્ય કદર કરવા અને જેઓએ પેટનો ખાડો પૂરવા માટે કે હઠીલાઇથી કે પંથમોહથી કે સ્વાભાવિક નીચતાથી—હરકોઇ કારણથી—શાસનના બળને તોડવા કોશીશ કરી હશે હેમની ખબર લેવા આ ‘આગનો તણખો’—કોઇ નહિ ને આ ‘આગનો તણખો’—શું ચૂકવાનો છે?

હાલ તો એટલું જ કહેવું બસ થશે કે, દિગમ્બર શ્રીમંતોની સહીઓ સાથેના પેમ્ફલેટના જવાબમાં આ નીચેનો નં. ૪ વાળો લેખ ‘જૈન હિતૈષી’ નામના દિગમ્બર પત્ર દ્વારા અને શ્વેતામ્બર પ્રતિરોધનો જવાબ આપવા માટે તે પછીનો નં. ૫ વાળો લેખ શ્વેતામ્બર કૉન્ફરન્સના મુખપત્ર ‘શ્વે. કૉ. હૅરલ્ડ’ દ્વારા પ્રકટ કરાવીને, મ્હેં ચુપકી પકડી હતી, એટલા ખાતર કે, મ્હને વિશ્વાસ હતો કે મ્હારી હીલચાલ પહેલાં હજારીબાગની કોર્ટમાં શરૂ થયેલા કેસનું પરિણામ જલદી આવી જશે અને તે પણ એવું આવશે કે બન્ને પક્ષને પસ્તાવું પડશે અને પશ્ચાત્તાપના પરિણામે, સંભવ છે કે, તેઓને મ્હારી ‘અપીલ’માંની દલીલો પર ધ્યાન આપવાની ઇચ્છા થાય. ‘વાર્યો ન રહે તે હાર્યો રહે’ એ કહેવત યાદ કરાવવાની ભાગ્યેજ જરૂર રહે છે. વાત માત્ર એટલી જ છે કે, ડાહ્યો પુરૂષ બીજાઓની ભૂલના માઠા પરિણામ પરથી શિખામણ લે છે અને પોતે ભૂલમાં પડીને ત્હેના કડવા ફળનો અનુભવ કરવા જેટલી હદે ગયા વગર જ સીધો રસ્તો ગ્રહણ કરે છે, જ્યહારે બેસમજ મનુષ્ય બીજાના અનુભવો, ઇતિહાસ, વિવેક બુદ્ધિ, સજ્જનોની સલાહ વગેરેને તરછોડીને પોતે જ ભૂલનો અખતરો કરવા કૂદી પડે છે; અને એ કૂદકાનું પરિણામ કોઇ વખતે એવું ભયંકર આવે છે કે બીજો કૂદકો મારવા જેટલી શક્તિ ત્હેના પગમાં રહેવા પામતી નથી.

[ દિગમ્બર ખટપટને શાન્ત કરવા ‘ જૈન હિતૈષી ’માં પ્રગટ કરાવેલો લેખ. ]

# દિગમ્બર ભાઈઓ, અજ્ઞાનતાની માયાજાળથી બચો !

## જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રકાશને ગ્રહણ કરો !

ધર્મ, સત્ય, સમ્યકત્વ, આહા તે શબ્દો કેટલા મધુર છે ! દુનિયાના દરેક મનુષ્યને તે તત્વોની ગરજ છે અને હેની જ શોધ અને પ્રાપ્તિ માટે દરેક મનુષ્ય તરસે છે. પરન્તુ કુદરતનો કાનુન છે કે, જેમ એક ચીજ વધારે મૂલ્યવાન તેમ હેની પ્રાપ્તિમાં મુશ્કેલી વધારે. કોઈ કિમતી ચીજ સ્હેલાઈથી—દુઃખ સહન કર્યા સિવાય–પ્રાપ્ત થતી નથી. ધર્મ, સત્ય અને સમ્યકત્વ પણ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકતાં નથી. અધર્મ, અસત્ય અને મિથ્યાત્વ નામનાં તત્વો સુંદર આકર્ષક સ્વરૂપ ધારણ કરીને પ્રમાદવશ મનુષ્યને ભોળવી દે છે અને હેને યુક્તિપ્રયુક્તિથી પોતાના કાબુમાં મેળવી લઈ, પોતાનો ‘ગુલામ’ બનાવી લઈ, પછી હેના ઉપર જુલમ ગુજારે છે. એ સ્થિતિમાં મનુષ્યોનો મ્હોટો ભાગ સડતો હોય છે. ખેદની વાત તો એ છે કે, અધર્મ અને અસત્યની ઘણા લાંબા કાળથી ગુલામી કરનારો મનુષ્ય ગમે તેટલો ખુવાર થાય તો પણ, દીર્ઘ સમયના પરિચયને લીધે, એ ખુબસુરત બલાઓને જ પોતાની ઇષ્ટ દેવી તરીકે માને છે અને એ ફસાવનારી બલાઓને જ ‘ સત્યની રાણી ’ તરીકે સ્વીકારવા દુનિયાને સ્હમજાવે છે. આ સંજોગોમાં, સત્યની દેવીને શોધી કહાડવાનું કામ દુનિયા માટે ઘણું મુસ્કેલ થઈ પડે એમાં કાંઇ આશ્ચર્ય નથી; કારણ કે સત્યની દેવીને મોહક સ્વરૂપ ધારણ કરવાની કાંઇ ગરજ નથી; હેનો માર્ગ તો અત્યંત કઠીન હોવાથી જરાજરામાં લલચાઈ કે ઉશ્કેરાઇ જાય એવા મનુષ્યો તે માર્ગ પર ચાલી શકતા જ નથી. માટે સત્ય દેવી તો હેના ઉમેદવારોને ઉચ્ચ ચારિત્રની સખ્ત કસોટીમાં ઉતારી દુઃખ આપે છે અને દુઃખ સહન કરવા છતાં પણ જે ઉમેદવાર ઉચ્ચ ચારિત્ર (દયા, ક્ષમા, નમ્રતા આદિ) બરાબર અને હરકોઇ ભોગે પણ જાળવી રાખે છે હેને જ દર્શન દે છે.

સત્યનો-ધર્મનો પાયો ચારિત્ર અથવા શુભ વર્ત્તન છે. કષાયને દાબ્યા સિવાય શુદ્ધ વર્ત્તન આવી શકે નહિ. અને કષાય મંદ પડયા સિવાય સાચું જ્ઞાન-સમકિત-સત્ય દર્શન દે પણ નહિ. એટલા માટે ધર્મનો પ્રથમ ઉપદેશ એ છે કે, કષાયને દાબો, કષાયને કબજે કરો.

પણ ક્રોધ, વૈર, ઇત્યાદિ કષાયનાં બાળકો એટલાં બળવાન છે કે મનુષ્ય હેનાથી ડરી જાય છે અને ઝટ હેને તાબે થાય છે, એટલું જ નહિ પણ, પોતાની એ નિર્બળતાને દુનિઆથી છુપાવવા માટે તે કષાયને પણ સુંદર મોહક સ્વરૂપ અને ભભકાદાર નામ આપે છે અને એમ બતાવવા માગે છે કે " હું નિર્બળ નથી, સબળ છું; હું કાંઇ કષાયને તાબે થયો નથી, પણ મ્હેં તો માત્ર **ધર્મપાલન ખાતર** કષાયને એક ઓજાર બનાવ્યું છે ! " તે કહે છે કે, " ક્રોધ કરવો, લડવું, કુસંપ કરવો, વૈરની તૃપ્તિની જંખના કર્યા કરવી ઇત્યાદિ પાપ-કર્મ છે એ ખઈ; પણ હું તો સાચા ધર્મને બચાવવા ખાતર એક હથીઆર તરીકે તે વૃત્તિઓને સેવું છું, માટે એમાં કાંઇ હરકત નથી અને ઉલટું ધર્મરક્ષાનું મહાપુણ્ય મ્હને પ્રાપ્ત થશે. માટે, ઓ મનુષ્યો ! ત્હમે પણ મ્હારો માર્ગ સ્વીકારો અને કષાય સેવવા મંડી પડો; કારણ કે કલિયુગનો ધર્મ એ જ છે ! અરે ભોળાઓ, ત્હમને મુફ્ટી-ભર લોકો દયાની, શાન્તિની, સુલેહની, ક્ષમાની, સમાધાન વૃત્તિની, ઉદાર પ્રકૃતિની, ભલમનસાઇની અને ઐક્યની મીઠી મીઠી વાતો કરી નમાલા બનાવી દેશે, માટે તેવા મુફ્ટીભર લોકોથી બચો ! એ બધા ગુણો તો માત્ર જ્ઞાનીઓ અને તીર્થંકરો અને મુનિરાજો માટે જ સર્જાયલા છે; અને આપણે તો કળિયુગના મનુષ્યો છીએ માટે આપણે માટે તો લડવું, ઝગડવું, ઇર્ષા કરવી, જુઠ્ઠી ઉશ્કેરણી કરવી, ભાઇભાઇનું અહિત વાંચ્છવું, હરકોઇ રીતે સર્વોપરી બનવું, ધર્મને નામે જ યુદ્ધ કરવાં, 'ગચ્છ રક્ષણ' ખાતર 'હિંસા' કરવી, જુઠ્ઠી સાક્ષીઓ પૂરવી, પોતાની વૈરભાવનાને તૃપ્ત કરવા ખાતર ભદ્ર લોકોને ઉશ્કેરી મૂકી હેમની અજ્ઞાનતાનો લાભ લઇ હેમની પાસેથી નાણાં કહડાવી તે નાણાં વડે યુદ્ધો લડવાં અને 'પારકે પૈસે દીવાળી' કરવી એ જ ધર્મ પામ્યાની સાર્થકતા છે. "

અફસોસ, શયતાનનો આ ઉપદેશ—'મિથ્યાત્વ'ની ભ્રામક દેવીનો આ આદેશ અજ્ઞાન લોકોને જલદી અસર કરે છે; કારણ કે સામાન્ય

ગણુની ખરૂંખોટું વિચારવાની શક્તિ મંદ હોય છે અને તેઓ 'પોથા પંડિત'ના મ્હોંમાંથી નીકળતા શબ્દને જ 'સત્ય' માની લે છે. પોતાના આત્માનું હિત પોતે જ કરી શકાય, પોતાની વિવેકબુદ્ધિ એટલે કે પોતાનું હિત–અહિત વિચારવાની બુદ્ધિ કેળવ્યા સિવાય શયતાનના અથવા મિથ્યાત્વના ભ્રામક—ઠગારા—મોહ ઉપજાવનારા પ્રપંચથી બચી શકાય નહિ, એ વાત તેઓ જાણતા હોતા નથી.

એ જ કારણથી, શાસ્ત્રકારો સ્થળે સ્થળે કહે છે કે, પંચમ કાળમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થાત્ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ અતિ દુષ્કર છે. એક તો મનુષ્યોમાં પોતાનું હિત–અહિત વિચારવાની વિવેકશક્તિની ન્યૂનતા છે, પારકા ઉપદેશ ( કહો કે 'ઉશ્કેરણી' ) ઉપર આધાર રાખી ફસાઇ પડવાનો સ્વભાવ વિશેષ છે, અને બીજું શયતાનનું જોર એટલું ઉગ્ર છે કે ત્હેણે પોતાની લલચાવનારી—આકર્ષક—સામાન્ય લોકોને મોહ ઉપજાવી દે એવી કળા રૂપી જાળ લગભગ આખી દુનિયાપર બીછાવી છે.

પરન્તુ તે છતાં જેઓને પોતાના ધર્મના–પોતાના આત્માના-રક્ષણની ખરેખરી દરકાર હોય તેવા સજ્જનોએ નિરાશ થવાની કાંઇ જરૂર નથી. સત્યનો કાંઇ લોપ થયો નથી; માત્ર ત્હેના ઉપર સ્વાર્થી-અજ્ઞાન–જીદ્દી કે મૂર્ખ માણસોએ પડદા નાખ્યા હોય છે. એ પડદાને પોતાની બુદ્ધિ રૂપી ઓજારથી તોડી નાખવાનો જેઓ પરિશ્રમ સેવશે તેઓ જરૂર સત્યદેવીનાં–ધર્મનાં દર્શન પામશે જ. " રસ્તો એક જ છે;" હા, ખરેખર રસ્તો એક જ છે અને તે એ છે કે, **વીતરાગ** એટલે રાગદ્વેષરહિત મહાપુરૂષોએ ઉપદેશેલાં શાસ્ત્રો ત્હમે જાતે જ વાંચો અને જાતે જ સ્હમજો અને રાગદ્વેષનો જેઓ ઉપદેશ કરતા હોય ત્હેમને સાંભળવાની ચોખ્ખી ના કહો. વીતરાગતા પ્રાપ્ત કરવી એ જ દરેક માણસનું લક્ષબિંદુ હોવું જોઇએ અને તે માણસ ગમે તો સંસારી હો વા ત્યાગી હો, પરન્તુ રાગદ્વેષને ઓછા કરતા જવાનો જ ત્હેણે ઉદ્યમ કરવો જોઇએ. ત્યાગીએ જ રાગદ્વેષથી દૂર રહેવું અને સંસારીએ તો રાગદ્વેષના કાદવમાં ફસાવું એવો મહા અનર્થકારી ઉપદેશ આપનારા શયતાનથી બચો, એ શયતાનના શબ્દો ત્હમારા કાનમાં પડી ત્હમારા જીગર સુધી પહોંચી જશે તો રખેને ત્હમને ' શયતાનના સોબતી' બનાવી દેશે; માટે હિમતવાન

ભાઓ, આત્મબળ ફેરવો, મિથ્યાત્વને માનવાની ના કહો, રાગદ્વેષ વધારવાની અને ધર્મના નામે ટંટા કરવાની ફીલસુફી ડોહોળનારા અજ્ઞાન જીવની 'પોપલીલા' માં ફસાઇ પડવાની ના કહો. જ્ઞાનના પ્રકાશનો જ ખપ હોય તો ધ્યાન રાખજો કે તે અજ્ઞાનના અંધકારમાં જવાથી નહિ મળે; વીતરાગતા કે મુક્તિનો જ ખપ હોય તો યાદ રાખજો કે તે લડાઈ ટંટા અને દ્વેષથી નહિ જ મળી શકે. દુનિયાદારીમાં જેઓ રાગદ્વેષ કરતા હોય ત્હેમણે પણ ધર્મની બાબતમાં તો રાગદ્વેષને હઠાવવાનો જ ઉદ્યમ કરવો જોઇએ, કે જેથી આસ્તે આસ્તે સમભાવની પ્રૅક્ટીસ પડે અને પછી દુનિયાદારીમાં પણ રાગદ્વેષરહિત વર્ત્તન થઇ શકે. ભાઇઓ, મુક્તિના ઉમેદવારો, સમ્યક્ત્વના શોખીનો! તત્વજ્ઞાનની ઉંડી વાતો ત્હમે કદાચિત્ ન સ્હમજી શકો તો પણ જો રાગદ્વેષને ઓછા કરવાનો મહાવરો પાડવાનું જ લક્ષમાં રાખશો—માત્ર એ એક જ નિયમ જાળવશો–તો ક્રમશઃ બધા સદ્ગુણો અને બધું જ્ઞાન ત્હમારામાં એક દિવસ જરૂર જાગ્રત્ થશે.

તીર્થ નિમિત્તે ચાલતા ઝગડાની શાન્તિ અર્થે ગત પર્યુષણ પર્વના શુભ પ્રસંગે—ક્ષમાવણીના અર્થસૂચક પ્રસંગે—કેટલાક દિગમ્બર શ્વેતામ્બર સજ્જનોની સહાનુભૂતિથી એક નિર્દોષ હીલચાલ આ લખનારે ઉઠાવી હતી. આ હીલચાલનું સ્વરૂપ શું છે તે 'હિતેચ્છુ'ના ગયા અંકમાં વિસ્તારથી સ્હમજાવવામાં આવ્યું હતું, કે જેથી ગેરસમજ થવાનો સંભવ રહે નહિ. અમુક પર્વતરાજ ઉપર દિગમ્બર ભાઇઓને પોતાની રીતથી પૂજન કરવાનો હકક ન મળે એવી ઇચ્છા એ લેખમાં કોઇ પણ સ્થળે કોઇએ વાંચી છે ? પોતાનો હકક છોડી દેવો એવી સલાહ કોઇ સ્થળે કોઇએ જોઇ છે ? સમ્મેદશિખરજી કે બીજા કોઇ તીર્થ સંબંધી ચાલતા મુકદમામાં દિગંબર વર્ગનો દોષ છે એવો લેશ માત્ર ઇસારો કોઇએ વાંચ્યો છે ? ધર્મનું કે તીર્થક્ષેત્રનું રક્ષણ ન કરવું એવો ઉપદેશ કોઇએ એ લેખમાં કોઇ સ્થળે જોયો છે ? દિગમ્બર ધર્મ છોડી દો અગર દિગમ્બર પૂજાવિધિ બદલી નાખો એવી સૂચના કોઇ પણ રૂપમાં કરાયલી કોઇએ વાંચી છે ? હરગીજ નહિ; એવો ખ્યાલ પણ મ્હારાથી દૂર હો ! તથાપિ એક અજ્ઞાન 'પોથાપંડિતે' દિગમ્બર ભાઇઓને ઉશ્કેરી મૂકવાનો પ્રયત્ન આદર્યો છે અને ઉપર લખેલાં સઘળાં તહોમતો દિગમ્બર–શ્વેતામ્બર સમગ્ર જૈન સમાજની નિઃસ્વાર્થ સેવા બજાવવા નીકળેલા

સજ્જનો ઉપર મૂક્યાં છે; એટલું જ નહિ પણ દિગમ્બર ભાઈઓને એવું શિક્ષણ આપ્યું છે કે લડવામાં જ ધર્મ છે, અચ્છી રીતે લડો, ખૂબ લડો, પુષ્કળ દ્રવ્ય એકઠું કરો અને લડો અને લડવાને બદલે સુલેહભરી રીતે 'ન્યાય' મેળવવાની સલાહ આપનારાઓ સાથે પણ લડો! આ પંડિતજીને દોષ દેવા હું ખુશી નથી; દુનિયા પર હમણાં યુદ્ધનું વાતાવરણ છાઈ રહ્યું છે અને "લડો–મારો–કાપો–વૈર લો–ખુવાર કરો" એવી ઘોષણા આખી દુનિયામાં થતી હોવાથી એ પ્રબળ ભાવનાની અસર જૈન જેવી શાન્ત, રાગદ્વેષને હણવામાં જ ધર્મ માનનારી, દુશ્મન પર પણ ક્રોધ કરવાની ના કહેનારી કોમ ઉપર પણ થવા લાગી છે. મ્હારા શાન્તિપ્રચારના પ્રયત્નો સ્હામે કમર કસીને બહાર પડેલા મ્હારા મિત્ર 'પોથીપંડિતે' પણ લાખ્ખો પચેન્દ્રિય જીવોની હિંસા કરનારા આજના યુરોપીય યુદ્ધની **અનુમોદના** પોતાના લેખમાં ખુલ્લી રીતે કરી છે. **ખ્રિસ્તી** ધર્મના પાદરીઓ જ્યહારે બન્ને પક્ષને સુમતિ સૂઝે અને યુદ્ધની શાન્તિ થાય એવી પ્રાર્થના કરે છે, ત્યહારે **જૈન** ધમના અમારા 'પોથાપંડિત' લખે છે કે "ક્યા આપ કહ સકતે હૈં કિ સત્યકી વિજયકે લિયે યહ રૂપયા ખર્ચ કરના ઔર મનુષ્ય–હાનિ કરના વ્યર્થ હૈ યા અન્યાય હૈ? કભી નહીં." પંડિતજીના 'સત્ય'નું શાસ્ત્ર જોયું? **લાખો માણસો** (આ શબ્દો પણ ત્હેમના જ છે) ની હત્યા કરવાથી સત્યનો વિજય થાય એમ તેઓ દુનિયાને–અને રાગદ્વેષરહિત જીનદેવના ભક્તોને–શિખવવા બહાર પડયા છે. પ્રિય જિજ્ઞાસુ! આ ભ્રમણાત્મક ફીલસુફીથી ચેતજે; વિચાર કરજે કે, 'સત્યના વિજય ખાતર લાખ્ખો માણસની હિંસા કરવામાં પણ અન્યાય નથી' એવો પંડિતજીનો સિદ્ધાંત ઘડીભરને માટે–માત્ર વિવાદ ખાતર–કબુલ રાખવામાં આવે, તો પણ, સવાલ એ થાય છે કે "જે સત્યને માટે ત્હમે મનુષ્યોનો સંહાર કરવાનો હકક માગો છો તે 'સત્ય'ની વ્યાખ્યા અને સ્વરૂપ શું?" શું જે કાંઈ ત્હમે કહો તે જ 'સત્ય'? દરેક યુદ્ધમાં લડનાર બન્ને પક્ષો પોતપોતાની વાતને 'સત્ય' જ કહે છે; અને 'સત્ય' ખાતર એટલે 'પોતે માનેલા સત્ય' ખાતર જો એક માણસને બીજા માણસોનો જાન લેવાનો હક્ક મળે તો પછી દરેક રાજ્ય, દરેક સમાજ, દરેક કોમ, દરેક ફીરકો અને દરેક વ્યક્તિને એક અથવા બીજે પ્રસંગે બીજા રાજ્ય, સમાજ, કોમ, ફીરકા અને વ્યક્તિ સાથે 'વાંધો' તો

અવશ્ય પડે છે, તેથી તે દરેકને દરેક પ્રસંગે ખુનો કરવાનો અને પૈસા ઉડાવવાનો 'હક્ક' છે; અને એમ થાય તો દુનિયામાં એક પણ માણસ જીવી શકે નહિ. ગરીબ બિચારા પોથાંપંડિત ! ન્યાયશાસ્ત્રના સંસ્કૃત શ્લોકો ગોખીગોખીને મગજ ગુમાવી બેઠા તો પણ ન્યાયની સાદી વાત સ્હમજી શકાઇ નહિ !

ઠહરો, પંડિતજી, ઠહરો ! હું ત્હમને ત્હમારી જ વ્યાખ્યા બરાબર શિખવીશ ! સત્યના એટલે કે 'પક્ષકારે માનેલા સત્ય'ના રક્ષણ ખાતર લોકોના પૈસા લૂટાવવા અને ખૂનો પણ કરવાં એ ત્હમારા સિદ્ધાન્તને જરા નરમ બનાવીને જો ત્હમે એમ કહો કે "ત્રણે કાળમાં અને સર્વ જીવોને એક સરખા ઉપયોગી એવા સર્વમાન્ય 'સત્ય' ના રક્ષણ ખાતર ભાવયુદ્ધ અવશ્ય કરવું જોઇએ," તો હું ત્હમને મુબારકબાદી આપીશ. અને ત્હમે જોશો કે એ જ જાતનું યુદ્ધ હું કરૂં છું. દિગમ્બર સમાજ હમણાં એક પક્ષકાર બન્યો છે, શ્વેતામ્બર સમાજ એક બીજો પક્ષકાર બન્યો છે; દિગમ્બર સમાજ દાવો કરે છે કે "'સત્ય' એ છે કે અમુક તીર્થ અમારૂં છે", શ્વેતામ્બર સમાજ દાવો કરે છે કે "'સત્ય' એ છે કે અમુક તીર્થ અમારૂં છે": ત્હમે જોશો કે અહીં 'સત્ય' નું એક ચોકસ સ્વરૂપ નથી; બીજા શબ્દોમાં કહીએ તો બન્ને 'પોતપોતાનું સત્ય' કહે છે. અને આ 'પોતે માનેલા' સત્ય માટે લડવું-શ્રદ્ધાળુઓના રૂપીઆ ઉડાડવા અને વૈરવિરોધને પુષ્ટ કરી સમાજને નિચોવી નાખવો એ 'ન્યાય'-થી વિરૂદ્ધ જ છે. પરન્તુ ક્ષમા, નમ્રતા, ભાઇચારો, એખલાસ એ તો 'ત્રણે કાળમાં અને સઘળા જીવોને એક સરખું ઉપયોગી' સત્ય છે; માટે આ સત્યના રક્ષણ ખાતર-એટલે કે ઐક્ય અને સુલેહ અને શાન્તિ અને સમાધાનના રક્ષણ ખાતર યુદ્ધ કરવું એ 'ન્યાય' છે; પણ તે યુદ્ધ મારામારીથી નહિ, સમજાવટથી, ન્યાયથી, લોકમતને કેળવવા રૂપી નિર્દોષ હથીઆરથી અને લોકોને પારકી અક્કલથી નહિ પણ પોતાની બુદ્ધિથી વિચાર કરવાની સલાહ આપવા રૂપી નિરૂપદ્રવી શસ્ત્રથી લડવાનું છે. પંડિતજી, અમારૂં યુદ્ધ એવા જ પ્રકારનું છે; લાખો માણસોનાં ખૂન અને ક્રોડો રૂપિયાનો ભોગ લેનાર ત્હમારૂં યુદ્ધ ત્હમને મુબારક હો ! પણ કૃપા કરી મોહમાં ફસાઇ રહેલા મનુષ્ય વર્ગને આવી ઉશ્કેરણી રૂપી દારૂથી વધારે ખરાબ કરતા અટકો ! આપને જો ખૂનમાં અને પૈસા ઉડાવવામાં જ ધર્મલાભ

દેખાતો હોય તો આપનો તે સિદ્ધાંત આપના બે વેંતના ઘરમાં જ ચલાવો, **બીજાપર** તે અખતરો કરવાનો આપને કશો **હક્ક નથી.** આપ ઘરબારવાળા છો, પૈસા રાખો છો; ખુશીથી ઘરબાર વેચી તમામ નાણું તીર્થરક્ષા માટે અદાલતને અર્પણ કરો અને પછી દિગમ્બર બની જંગલમાં જઇ વસો; એથી આપને મ્હોટામાં મ્હોટા **ધર્મલાભ થશે,** કે જે ધર્મલાભ ત્હમે **વગર માગ્યે** સમાજને આપવા બહાર પડયા છો ! સમાજને ત્હમારી સલાહની જરૂર નથી, પોતાનાં ઘર લૂટાવી દઇ ત્હમારા જેવા 'પારકે પૈસે બહાદૂર' બનવાની ઉત્કંઠા વાળાના હાથમાં **રમકડા માફક** નાચવાને લોકો તૈયાર કે **ખુશી** નથી.

પંડિતજી 'સત્ય' નું રક્ષણ કરવા બહાર પડયા હોય એવો ઘમંડ કરે છે; પણ **ત્હેમનું** 'સત્ય' તે બીજું કાંઇ નહિ પણ '**પોતે** માનેલું સત્ય' છે, નહિ કે '**વાસ્તવિક** અથવા **સાર્વજનિક** સત્ય': અને એ સત્યના રક્ષણ માટે કરવા જોઇતા યુદ્ધનું **સ્વરૂપ** પણ તેઓ **પોતાની રીતે** એટલે કે હિંસક આશયથી ખડું કરે છે. આ પ્રમાણે એમનું '**લક્ષ્ય**' દોષિત છે. એટલું જ નહિ પણ એ 'લક્ષ્ય'ને પહોંચવા માટે ત્હેમણે લીધેલો '**માર્ગ**' પણ દોષિત છે. જેની બુદ્ધિ એટલી બધી ભ્રમિત થઇ ગઇ છે કે 'લક્ષ્ય' કે 'માર્ગ' એકકે બાબતમાં **ખરો** નિર્ણય કરી શકતી નથી, તેવા માણસની દયા ખાવી અને 'એને સુબુદ્ધિ મળો !' એવી ભાવના ભાવવી એ જ એકનો એક માર્ગ રહે છે.

એટલા માટે પંડિતજીને છોડી, પરમપિતા શ્રી મહાવીર પ્રભુના પુત્રો અને વીતરાગતાના ઉમેદવારો એવા મ્હારા જૈન બંધુઓને હું નીચે મુજબ ખુલાસો કરીશ; કે જે ખુલાસાથી પંડિતજીએ ફેલાવવા ધારેલી ભ્રમજાળનું જૂઠાણુ આપોઆપ સ્હમજવામાં આવશે અને એ કુપથમાંથી બચવાનું દરેક જૈન બંધુને માટે સુગમ થશે.

**૧ દિગમ્બર કે શ્વેતાંબર ભાઇઓને પોતાની વિધિ છોડવાની નથી.**

પ્રજાકીય આગેવાન પાસે 'ન્યાય' લેવાની જે સલાહ પર્યુષણા પર્વ પ્રસંગે પ્રગટ થઇ છે ત્હેમાં કોઇ સ્થળે એવું સૂચવ્યું નથી કે બન્ને સંપ્રદાયોએ **એક જ** રીતે પૂજા કરવા તૈયાર થવું. દરેકે પોતપોતાની પૂજનવિધિ ખુશીથી જાળવી રાખવી, શ્રદ્ધાપૂર્વક જાળવી રાખવી, અને એ પોતાની રીતે થતી પૂજામાં હાલ જે અંતરાય નડે

છે તે દૂર થાય તથા કોઇ પણ જાતની **ખટપટ વગર** પોતાની રીતે **હમેશ** પૂજન થઇ શકે. એવો માર્ગ દેશપ્રેમી અને ધાર્મિક લાગણી-વાળા પ્રજાકીય આગેવાનના પંચ દ્વારા કરી લેવો, એ જ અમારી પ્રાર્થના છે. આ પ્રાર્થના કરનારા સારી રીતે જાણે છે કે, દિગમ્બર શ્વેતામ્બર આગેવાનો પોતે જ એકઠા મળીને ઘરમેળે સંમતિ લઇ દરેક તીર્થપર બન્ને સંપ્રદાયવાળાને પોતપોતાની રીતે-પણ ટંટા થવા ન પામે એવી રીતે-પૂજન કરવાની સગવડ કરવામાં આવે એ **સૌથી વધારે** માનભર્યો રસ્તો છે; પણ **મુશ્કેલી** એ છે કે બન્ને સંપ્રદાયમાં પંડિતજી જેવા કેટલાક મતાગ્રહી અને કલહપ્રેમી ભાઇઓ પણ મોજુદ હોવાથી ત્રીજાને વચ્ચે નાખ્યા **સિવાય** કામ બનવું કઠીન છે અને **તેથીજ હિંદ**ના સૌથી વધારે વિશ્વાસપાત્ર, દેશદાઝવાળા અને ધર્મ-ભાવનાવાળા અગ્રેસરને ' પંચ ' બનાવી એમની પાસેથી ' ન્યાય ' મેળવવાની સૂચના કરી છે.

**૨ ' લોભ ' ખાતર મુકદમા છોડવાની ભલામણ કરી નથી.**

" તમે પૈસા જાળવી રાખો, લોભી બનો, ધર્મરક્ષા ખાતર શા માટે પૈસા ફેંકી દો છો ? " એવો લેશ માત્ર ઇસારો પણ અમોએ કર્યો નથી. અમે તો લખ્યું હતું કે, આજકાલ આ દેશની એ સ્થિતિ છે કે " પૈસાનો ટોટો છે, ઉદારતાની ન્યૂનતા છે " માટે જે થોડું-ઘણું ધન આ દેશમાં **રહેવા પામ્યું** છે તેનો ઉપયોગ **માંહોમાંહે** લડી મરવામાં ન કરતાં દુનિયાને ધર્મમય-પવિત્ર-ઉચ્ચ સંસ્કારવાળી બનાવવામાં તે પૈસાનો ઉપયોગ 'વિવેક'પૂર્વક કરો. ખર્ચ કરવાના રસ્તાનો ' વિવેક ' કરવાનું કહેવામાં અધર્મીપણું નથી, પણ આંખો બંધ કરીને સમાજ અને દેશનું બળ તોડવામાં પૈસાનો—અને તે પણ **પારકા** પૈસાનો-વ્યય કરાવવામાં મહા અધર્મ છે; કહો કે એના જેવું દેશદ્રોહી, ધર્મદ્રોહી અને સમાજદ્રોહી કૃત્ય બીજું એક પણ ન હોઇ શકે. શાસ્ત્રોનો પુનરૂદ્ધાર અને પ્રચાર કરવાનું કામ, ન્યાયસં-પન્ન ધન મેળવી ઉદરનિર્વાહ કરી શકાય એવી વિદ્યાનાં સાધનો ઉભાં કરવાનું કામ, સમાજમાંથી નિરૂદ્યમતાને હાંકી કહાડયા વગર ધર્મભાવના મજબુત થવી મુશ્કેલ છે **માટે** નિરૂદ્યમતાને દૂર કરનારાં ખાતાં ખોલવાનું કામ, સમાજમાંની કુપ્રથાઓને બાળી નાખવાને લ-ગતી હિલચાલો ઉપાડવાનું કામ, દેશમાં શાન્તિ-ઐક્ય-આબાદી—સ્વાતંત્ર્ય ન હોય તો દેશમાં ચાલતા **ધર્મોના પણ** રક્ષણને બાધા

થવા સંભવ છે, એટલા માટે દેશની સ્થિતિ સુધારવામાં જે પ્રજાકીય આગેવાનો સ્વાર્પણપૂર્વક તનતોડ મહેનત લેતા હોય એમના પ્રયત્નમાં પોતા તરફનો તન-મન-ધનનો ફાળો આપવાનું કામ: આ બધાં અનેક જાતનાં કામો કરવાનાં છે અને તે દરેક કામમાં પૈસાની જરૂર છે. અને એ તો દેખીતું છે (હિંદના હિંદી તેમજ અંગ્રેજ હિતેચ્છુઓએ આંકડાથી સાબીત કરી આપ્યું છે) કે, હિંદ જેવો નિર્ધન દેશ એકકે નથી. એવા નિર્ધન દેશમાં જે થોડોઘણો પૈસો કોઇ પાસે બચી જવા પામ્યો હોય તે પૈસાનો તે કાંઇ એકલો માલીક નથી, પણ દેશ માલીક છે, અને તે તો 'ટ્રસ્ટી' માત્ર છે. તે પૈસાને સ્વેચ્છાચારીપણાથી માંહોમાંહે યુદ્ધ કરી દેશને વધારે નિર્બળ બનાવવાના કામમાં ઉડાવવાનો હક્ક કોઇ હિંદીને નથી જ. મ્હારૂં વચન સહન થાય કે ન થાય, મ્હને ભલે ગમે તેવાં ઉપનામ લગાડવામાં આવે, પણ હું મ્હારામાં જેટલું બળ છે તે સઘળા બળથી ગર્જના કરીને કહીશ કે, જે હિંદીઓ શ્રીમંત બની તે 'શ્રી'નો ઉપયોગ અંગત મોજશોખ પાછળ અને કજીઆટંટા કરી દેશને વધારે છિન્નભિન્ન બનાવવા પાછળ કર્યા કરે છે ત્હેમના જેવા પામર, મૂર્ખ, દેશદ્રોહી અને પાપી બીજા કોઇ નથી; અને જેઓ પૈસાવાળાને સર્વોપયોગી ધર્મસિદ્ધાંતોના પ્રચાર તથા દેશસેવાનાં અનેક કાર્યો પાછળ પૈસો છૂટથી અર્પણ કરવાની સલાહને બદલે પોતાની અંગત ક્રોધાગ્નિ બુઝવવા ખાતર લડાઇ કર્યા કરવામાં ત્હેનો વ્યય કરવાને ઉશ્કેરે છે કે સલાહ આપે છે તેઓ શયતાનના સાથી છે, વેશ્યાના દલાલો છે, શત્રુના છૂપા દૂતો છે, માણસાઇની ઉધાઇઓ છે, પોતાની માતાના જ પેટને ફાડીને-તેણીનો ભોગ લઇને પ્રસિદ્ધિ ઇચ્છતાં વીંછીનાં બચ્ચાં છે.

## (૩) અમુક પક્ષ ન્યાયનું ઉલ્લંઘન કરે છે એવો આરોપ કદાપિ મૂક્યો નથી.

સુલેહભરી રીતે 'પંચ' મારફત 'ન્યાય' લેવાની અમારી અપીલમાં કોઇ સ્થળે એવું કહેવામાં આવ્યું નથી કે, દિગમ્બરોએ ન્યાયનું ઉલ્લંઘન કર્યું છે. ઝઘડાનું મૂળ કોણે ઉભું કર્યું અને અમુક તીર્થનો ખરો હક્કદાર કયો પક્ષ છે, એ કોઇ પણ સમાધાન કરવાની સલાહ આપવા નીકળેલા ગૃહસ્થથી કહી શકાય જ નહિ. કોઇ પણ

જાતનો આરોપ, કોઇ પણ જાતનું 'જજમેંટ' ત્હેનાથી આપી શકાય જ નહિ. અમે એકકે પક્ષને ગેરઇન્સાફ ન મળે કે એકકેના પર આરોપ ન આવે એવી રીતે—તટસ્થ તરીકે–અપીલ ગુજારી હતી કે મનુષ્ય માત્ર છદ્મસ્થ હોવાથી ભૂલને પાત્ર છે માટે એક પક્ષ ભૂલ પણ કરે તો પણ બીજા પક્ષે ભાઇ સાથે લડવાને બદલે ઘરમેળે સમજુત કરવી જોઇએ. અને મ્હારો પોતાનો અંગત અને મજબૂત અભિપ્રાય એ છે કે, જે શાન્ત જગાને, ત્યહાં ઘણા આત્માઓનો મોક્ષ થયેલો હોવાથી આપણે પવિત્ર માનતા હોઇએ તે જગા પર માત્ર **જન્મથી જૈન** હોય એવા જ મનુષ્યો નહિ પણ **બીજા પણ** જેટલા વધારે મનુષ્યો આવે અને દર્શન–પૂજન–ધ્યાનનો લાભ લે તેમ આપણે વધારે ખુશી થવું જોઇએ અને દિગમ્બર–શ્વેતામ્બર બન્નેની પોતપોતાની રીતે નિર્વિઘ્ને પુજન થઇ શકે એવી સગવડ બન્ને સમ્પ્રદાય વાળાઓએ સંપીને કરવી જોઇએ. પરન્તુ પૂજનની **આ જાતની** આવશ્યક્તા અને પૂજનનો હક્ક હરેક માણસ ભોગવી શકે એવી છૂટ રાખવાની આવશ્યક્તા તરફ ધ્યાન આપવાને " કાયદો " બંધાયલો નથી; ' કાયદો ' તો પહાડને એક સ્થાવર મિલ્કત તરીકે માની ત્હેની માલીકી અમુક પક્ષને આપવા પુરતી જ ગરજ ધરાવે છે. બીજા હાથ ઉપર, ન્યાય તેમજ ધર્મ બન્નેને સ્હમજનારા પ્રજાકીય આગેવાન પાસેથી જો ઇનસાફ લઇએ તો ધર્મને બાધા પણ ન પહોંચે અને ખરા હક્કદારની માલીકી પણ ન જાય એવી રીતે રસ્તો કહાડી શકે. 'કાયદા'-થી જ લડવાની ધૂનવાળાએ જાણવું જોઇએ કે કાયદો માત્ર બુદ્ધિવાદનું પરિણામ છે; ' ધર્મ ' ભાવના એમાં હજી ભળેલી નથી. મદ્યપાન અને વેશ્યાગમન એ બે મ્હોટામાં મ્હોટાં અધર્મ અને અનર્થ હોવા છતાં સરકારનો બુદ્ધિવાદ પર રચાયેલો કાયદો વેશ્યાનો ધંધો અટકાવતો નથી અને દારૂ વેચવાનું બંધ કરાવતો નથી. માટે જ અમારે માટે ધર્મ અને કાયદો **બન્નેના** અનુભવવાળા પ્રજાકીય આગેવાન પાસેથી ધાર્મિક કલહનો નીકાલ કરાવવો એ વધારે ઇષ્ટ છે. વળી સમ્મેદશિખરજી સંબંધી ચાલતા કેસનો બારીક અભ્યાસ કરનારાને જણાયું હશે કે, પ્રીવી કાઉન્સીલ સુધી જવા છતાં પણ આ કલહની સમાપ્તિ થાય તેમ નથી. એમાં ઘણી બાબતો એવી છે કે જે મ્હારાથી જાહેરમાં મૂકી શકાય નહિ. પણ હું એટલું ખાત્રીથી કહું છું કે, પ્રીવી કાઉન્સીલથી ચુકાદો મેળવ્યા **પછી પણ** કોર્ટના ઓટલા ઘસવાનું જૈનોના નશી-

બમાંથી ટળવાનું નથી. ત્યહારે વર્ષો સુધી હાડમારી ભોગવી, લાખ્ખો રૂપિયા બરબાદ કરી, પરસ્પર બન્નેને નબળા બનાવી, ત્યાર પછી **થાકીને** ઘરમેળે સમાધાન કરવું **પડશે** તે કરતાં અત્યારથી જ પંચ દ્વારા રસ્તો કરી લેવાનું ડહાપણ વણિક જેવી ડાહી કોમે શા માટે ન વાપરવું જોઇએ ?

## (૪) હિંદી પ્રજાકીય આગેવાનો જૈન ધર્મનું ગૌરવ જરૂર જાળવી શકશે.

હિંદના પ્રજાકીય આગેવાનો હિંદના જ વાતાવરણમાં જન્મેલા અને ઉછરેલા હોવાથી તેઓમાં ધર્મ ભાવના અવશ્ય હોય જ, અને જેનામાં ધર્મભાવના છે તે અજૈન હોવા છતાં જૈનધર્મનું ગૌરવ શામાં રહ્યું છે તે સહેલાઇથી સ્હમજી શકે અને તે ગૌરવને તે પોતામાં રહેલા સ્વદેશપ્રેમ તેમજ ધર્મભાવનાને લીધે જાળવવાની જરૂર દરકાર કરે. વળી આજકાલ તો જૈનધર્મ સંબંધી પેપરો, પુસ્તકો, શાસ્ત્રો વગેરે છપાઇને પણ પ્રગટ થવા લાગ્યાં છે તેથી તથા અજૈન હિંદીઓ જૈનોની સભાઓમાં હાજરી આપવા અને જૈન તત્વજ્ઞાન સંબંધે ભાષણો પણ આપવા લાગ્યા છે તેથી, ' હિંદના તમામ પ્રજાકીય આગેવાનો જૈનભાવનાથી છેક જ અજાણ છે ' એમ કહેવું તે નરી મૂર્ખતા છે. બાકી તો હું સારી રીતે સ્હમજું છું કે, જે દિગમ્બર ' પોથા પંડિતે ' અજૈન પંચને વચ્ચે નાખવા બાબતમાં ત્હેના જૈન ધર્મ વિષયક અજ્ઞાનનો વાંધો રજુ કર્યો છે તે એક એવા આશયથી એ વાંધો રજુ કરે છે કે જે આશય તદ્દન હસવા સરખો અને મિથ્યાભિમાનથી ભરપૂર છે. માત્ર તીર્થની માલેકી કે પૂજાના હકકનો જ ત્હેને નિર્ણય જોઇતો નથી: તે તો દિગમ્બર સંપ્રદાય જ સૌથી **પહેલો** અને **સાચો** ધર્મ છે અને શ્વેતામ્બર પાછળથી નીકળેલો અને જૂઠો ધર્મ છે એવું 'જજમેંટ' મેળવવા ઇચ્છે છે! એ ભાઇને મહાવીર સ્વામી આવીને કહી ગયા જણાય છે કે શ્વેતામ્બરો મ્હારા સંઘમાં નથી અને તેઓ મિથ્યાત્વી છે! ( આ શબ્દો હું પંડિતજીના પૅમ્ફ્લેટમાંથી જ લઉં છું. ) બિચારો 'પોથાપંડિત' જ્યહારે લખે છે કે " કયા મિથ્યાત્વ સમ્યકત્વ મિલનેસે મહાવીરકી એકતા અથવા મુક્તિકા માર્ગ હો સકતા હૈ ? કદાપિ નહીં... જલ[1], અગ્નિકી[2] અથવા અંધકાર[1] પ્રકાશકી[2] એકતા હો તો દિગમ્બર[1] શ્વેતામ્બરકી[2] એકતાકી

કલ્પના ભી હો સકતી હૈ, ~~અન્યથા નહીં.~~ " [ પંડિતજીએ લેખન-કલામાં પણ જબરી થાપ ખાધી છે : શ્વેતામ્બરોને ' અંધકાર ' કહેવા જતાં પોતાના જ ધર્મને ' અંધકાર ' શબ્દ લાગુ પાડી દેવાયો છે ! ગરીબ બિચારો **સ્વધર્મદ્રોહી** ! ]—જ્યહારે પંડિતજી આ શબ્દો લખે છે ત્યહારે હું એનું હૃદય વાંચી શકું છું, કે જે ,આ ટંટાઓ વડે દિગમ્બર ધર્મની પ્રાચિનતા અને સત્યતા તથા શ્વેતામ્બર ધર્મની અર્વાચીનતા અને અસત્યતા કોર્ટ પાસે ઠરાવવા માગે છે. હું ભૂલતો નહોઉં તો કેસમાં એવો પ્રયત્ન ખરેખર કરવામાં પણ આવ્યો હતો. આને ધર્મઘેલછા સિવાય બીજું શું કહી શકાય ! સમાધાનની હિમાયત કરવા નીકળેલા તટસ્થ પુરૂષ તરીકે હું હમણાં કયો ફીરકો પહેલો અને કયો પછી એ સંબંધમાં લેશ માત્ર ઇસારો કરી શકું નહિ; અને તીર્થની માલેકીના અને પૂજનના હક્કના ઝગડાને કયો ધર્મ વધારે જૂનો કે સાચો તે પ્રશ્ન સાથે કાંઇ લેવાદેવા પણ નથી. તેમ, પ્રથમ જન્મ પામે તે સાચો અને પછી જન્મ પામે તે જૂઠો એમ કહેવાની હિમત ધરવી એ પણ પોતામાં સામાન્ય અક્કલ (Common Sense)ની અછત છે એમ પુરવાર કરવા સરખું જ છે. અલબત એ તો હું જરૂર કહીશ કે ઇતિહાસવેત્તાઓના ઉપયોગ માટે તારીખોની શોધખોળ નિડરપણે થવાની જરૂર છે તેમજ જગતના સાયન્સ, ફીલસુફી ઇત્યાદિ વિષયોના જ્ઞાનભંડોળની પુષ્ટિ અર્થે જૂદાજૂદા ધર્મશાસ્ત્રોના સિદ્ધાન્તોને તપાસવા-અવલોકવાની પણ જરૂર અવશ્ય છે; પરંતુ ' હું સાચો ' અને ' તું જૂઠો ' એવા કદાગ્રહને સંતોષવા ખાતર થતી ધાર્મિક તકરારો અને ચર્ચાઓ તો માત્ર ધિક્કારી કહાડવા અને દબાવી દેવા યોગ્ય છે. જનસમાજે પોતપોતાને જે ધર્મ રૂચે તે શ્રદ્ધાથી પાળવો અને બીજાઓ પોતાને રૂચતો ધર્મ પાળે તે તરફ સહિષ્ણુતા રાખવી—માધ્યસ્થ વૃત્તિ રાખવી: એ સિદ્ધાન્તને મનુષ્ય જ્યહારથી ગુફાઓ છોડીને 'સમાજ' રચતાં શિખ્યો ત્યારથી એ **સમાજના સંરક્ષણ ખાતર** પહેલામાં પહેલી 'નીતિ' તરીકે તેણે સ્વીકારવો જ જોઇએ. જે માણસ બીજાઓના ધર્મ તરફ સહિષ્ણુતા રાખી ન શક્તો હોય તે માણસ સમાજ માટે **ભયંકર** છે અને ત્હેને સમાજના હિત ખાતર સમાજમાંથી દૂર કરવો જોઇએ. હસવા સરખું તો એ છે કે 'સત્ય'નો પરવાનો લઇને અવતરેલા 'પોથાપંડિત' જે ધર્મને કોર્ટ પાસે 'સત્ય' ઠરાવવા માગે છે ત્હેમની દલીલ

કરવાની શક્તિ તો એટલી આશ્ચર્યજનક છે કે **પોતાના હાથે જ પોતાના ધર્મને અંધકાર તરીકે જાહેર** કરે છે! અને **એવી** વિદ્વત્તાથી તેઓ 'સત્ય' ની **કસોટી** કરવા અને 'સત્ય'નો **ઈજારો** લેવા તથા બીજા બધાને અધર્મી—મિથ્યાત્વી ઠરાવવા બહાર પડયા છે!

### (૫) 'આપસમેં ફુટ' કોણ કરાવે છે?

પંડિતજી કહે છે કે "નહીં મિત્રો, અસંભવ એકતાકા લોભ દિખા કર દિગમ્બર દિગમ્બરમેં અનૈકયતાકા પ્રયત્ન કર રહે હૈં—આપસમેં ફૂટકા બીજ બો રહે હૈં". આવી ભદ્દી વાત શાણા વ્યાપારી-વર્ગના જૈનો સમક્ષ રજુ કરવા **પહેલાં** 'પોથાં પંડિતે' કોઇ ન્હાના બાળક સમક્ષ તે વાત મૂકીને પૂછવું જોઇતું હતું કે ' કેમ બચ્ચા! પાણીથી આગ સળગે કે નહિ? દીવાથી અંધારૂં થાય કે નહિ? એકતા-ની અરજથી અનૈકયનાં અને ફૂટનાં બીજ રોપાય કે નહિ?' આવા પ્રશ્નોના ખુલાસા એક બાળકથી પંડિતજીને સારી રીતે „મળી શકે તેમ હોવાથી મ્હારે ખુલાસો કરવા થોભવાની જરૂર નથી. પરન્તુ એટલી હકીકત (fact) તો હું જરૂર ઉમેરીશ કે, સંપના હિમાયતી દિગમ્બર ભાઇઓ વિરૂદ્ધ બીજા દિગમ્બરોને ઉશ્કેરી પરસ્પરશત્રુતા ઉત્પન્ન કરવાનું કામ પંડિતજી આરંભી ચૂકયા છે, એટલુંજ નહિ પણ એમણે 'ભારત જૈન મહામંડલ' જેવી નિર્દોષ રીતીથી ધર્મસેવા બજાવનાર સંસ્થાના સુશિક્ષિત અને ઉંચી પાયરીના સભ્યો ઉપર પણ આ એકતાની હીમાયતના ગુન્હા બદલ નિંદાનાં બાણ છોડી કલહનાં બીજ રોપ્યાં છે. અફસોસની વાત તો એ છે કે, આ નિંદાત્મક શબ્દો એક શાસ્ત્રરસિક સુમાન્ય દિગમ્બર મહાશયને વંચાવતાં એમણે કેટલાક અતિ તુચ્છ ફકરા કહાડી નાંખવાની હિમાયત કરી ત્યહારે તે **પવિત્ર** દિગમ્બર જૈનબન્ધુ સ્હામે પણ આ પોથાપંડિત મહાશયથી પોતાની બેધારી તલવાર વાપર્યા વગર રહી શકાયું નહિ!

### (૬) પંચ નીમવાની સલાહ આપનારા નરો કેવા છે?

**સંવત્સરીના શુભ દિને,** પંચ નીમવાની સલાહ આપતા પૅમ્ફ્લેટમાં સહીઓ કરનારા ગૃહસ્થો, દિગમ્બર શ્વેતામ્બર બન્ને સંપ્રદાયોના માનનીય કે જાણીતા પુરૂષો છે. શેઠ પાર્ટી પણ ત્હેમાં શામેલ છે, **તેમજ** સુશિક્ષિત પાર્ટી પણ શામેલ છે. કોઇની શરમ ખાતર કે આગ્રહ ખાતર પોતાના હૃદય વિરૂદ્ધના કાર્યમાં શામેલગીરી આપે એવા એક પણ જૈનની એમાં સહી નથી. બીજા હાથ ઉપર, આ

શુભ હીલચાલને તોડી પાડવા અને હેમાં શામેલ થનારને ગાળો દેવા ખાતર જ જે પૅમ્ફ્લેટ એક દિગમ્બર પંડિતે તૈયાર કર્યું છે હેમાંની સહીઓ વાંચીને તથા તે સહીઓ ખરેખર તે નામના ગૃહસ્થોએ જાતે જ કરી છે કે **એમની વતી** બીજા કોઇએ કરીછે તે બાબતની **તપાસ કર્યા પછી** મ્હારે એટલુંજ કહેવાનું છે કે, આમાં જે નામો છપાયાં છે હેમને કે હેમની વતી (પંડિતજીની હઠને તૃપ્ત કરવા ખાતર) સહીઓ કરી આપનાર **ધર્મવિષયમાં** ઉંડી સ્હમજ નહિ ધરાવતા મુનિમ સાહેબોને દોષ દેવા હું તૈયાર નથી. આ આખી બાજી એક જ માણસે ખેલી છે અને પોતાના ધર્મને 'અંધકાર' કહેનાર આ પૅમ્ફ્લેટમાં જે લોકોની સહીઓ એક મહીના સુધી કાલાવાલા કરીને લેવામાં આવી છે તે લોકો જ્યહારે તે લેખનો **ખરો અર્થ** સ્હમજશે ત્યહારે આવા સ્વધર્મદ્રોહીના શબ્દ ઉપર વિશ્વાસ મૂકવા માટે જરૂર પસ્તાશે. પંચ નીમવું કે ન નીમવું એ બન્ને સંપ્રદાયોની અને ખાસ કરીને વાદી-પ્રતિવાદીની ઇચ્છાની વાત હતી, કોઇ એમને જોરજુલમથી સંપ કરાવવા માગતું નહોતું, સંપની હિમાયત કરનાઓ પણ દબાણને રસ્તે નહિ પણ નમ્ર અરજ અને સમજાવટને રસ્તે જ કામ કરતા હતા, વળી સંપની હિમાયત શ્વેતામ્બર-દિગમ્બર બન્ને પક્ષના [અને તે પણ શેઠીઆપાર્ટી તેમજ સુશિક્ષિત પાર્ટી એમ બન્ને પાર્ટીના] અને નહિ કે કોઇ એકજ ફીરકાના ગૃહસ્થો તરફથી થતી હતી, તો પછી એક દિગંબરને એમાં પોતાના જ ધર્મનો ધ્વંસ થવાનો ભય રાખવાનું શું કારણ હતું ? આજ સુધી શ્વેતામ્બરોએ તો આવી ધમાલ કરી નથી, તેવે વખતે દિગમ્બર પક્ષનો એક ખસી ગયેલા ભેજાનો માણસ ગમે તેમ લખે હેમાં દિગમ્બર સંપ્રદાયના શેઠીઆ-ઓએ સહી આપીને સામેલગીરી બતાવવી એ શું શ્વેતામ્બરો સમક્ષ પોતાના પક્ષની ભૂલ રજુ કરવા સરખું પગલું નથી ? હું શ્વેતામ્બર શેઠીઆઓને-જાણીતા આગેવાન શેઠીઆઓને-મળ્યો છું અને હેમણે આ ઐક્યની હીલચાલ તરફ સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવવા જેવું મ્હોટું મન બતાવ્યું હતું; તેમજ હું અમુક દિગમ્બર નામીચા આગેવાનોને પણ મળ્યો છું અને હેમણે પણ એવુંજ મ્હોટું મન બતાવ્યું હતું. મ્હને ખાત્રી છે કે, ધીમેધીમે લોકમત કેળવાતો જશે અને ધર્મ તેમજ દેશના બળના પાયા રૂપ ઐક્યની પધરામણી જૈન સંઘમાં જરૂર થશે.

પંડિતજીના પૅમ્ફ્લેટમાં સહીઓ કરનાર ઉપર કટાક્ષ કરવાની નીચતા મ્હારાથી દૂર હો. એમાંના કોણે કોણે કયાં કયાં કારણોથી સહી આપી છે, અને સહીઓ કેટલી મુશીબતે મળી છે, તથા બીજા કોણકોણ સજ્જનોએ સહી આપવાની વિનંતિનો અનાદર કર્યો છે, તે મ્હારા જાણવા બહાર નથી. પરન્તુ હું ફરીથી કહીશ કે, તરફેણનાં કે વિરૂદ્ધનાં લખાણો ઉપર અમુક **સહીઓ માત્ર** થવાથી કાંઇ મહાન હિત કે અહિત થનાર નથી. સુલેહની તરફેણમાં સહી આપીને જ જો બધા ગૃહસ્થો **બેસી રહે** તો આગળ કામ બની શકે નહિ; અને વિરૂદ્ધમાં સહી આપનાર ગૃહસ્થ **અંદરથી** તો સુલેહપ્રેમી હોય તો તેથી કાંઇ સુલેહના મિશનને ધાસ્તી જેવું નથી. દાખલા તરીકે ઇંદોરના એક શ્રીમંત મહાશયે મ્હને સુલેહની હીલચાલ તરફ સહાનુભૂતિ બતાવી હતી અને પાછળથી એમના કોઇ નોકર પાસે શેઠજીના નામની સહી પંડિતજીએ પોતાના નિંદાત્મક પૅમ્ફ્લેટમાં કરાવી છે ! બાકી સહીઓમાં કેટલાંક નામ તો એવાં છે કે જેને દિગમ્બરો પણ પીછાનતા નથી ! અસ્તુ, મ્હને શ્રદ્ધા છે કે એક દિવસ આ સર્વ સહી આપનારા બંધુઓ પણ દુનિયાને 'શાસનરસી' કરવામાં અમારી સાથે હાથ મેળવશે અને પરસ્પરનાં વૈરવિરોધને વોસીરાવશે,—રે એથી આગળ વધીને હું તો મ્હને મ્હારા ખર્ચે આ શુભ હીલચાલ કરવાના ગુન્હા બદલ ગાળોથી નવાજનાર પંડિતજીને તેમજ ત્હેમને સહીઓ આપનાર સર્વ ગૃહસ્થોને પણ એક દિવસ રાગદ્વેષનો નિઃશેષ લય થઇ વીતરાગ દશા પ્રાપ્ત થાઓ એવી ભાવના ભાવું છું.

છેવટનો એક ખુલાસો અને પછી બસ. મ્હારા મિત્ર પંડિતજીએ સંપની વાતને 'કૂટ નીતિ' કહીને અને એમાં જોડાયલા પ્રસિદ્ધ દિગમ્બર મહાશયોને ધર્મશૂન્ય, ખાદ્યાખાદ્યના વિચાર વગરના, ઇત્યાદિ વિશેષણો આપીને સંતોષ નહિ માનતાં મ્હારા ઉપર પણ થોડી ઘણી કૃપાવૃષ્ટિ કરી લીધી છે, જેને હું ખરેખર 'કૃપાવૃષ્ટિ' સ્હમજું છું. જો કે પંડિતજી કહે છે તેમ હું તીર્થરક્ષામાં પાપ બતાવતો નથી જ (હું તો તીર્થરક્ષાનો સારામાં સારો, માનભર્યો અને ઓછો ખર્ચાળ માર્ગ માત્ર બતાવું છું), તો પણ હું સ્વીકારીશ કે હું અમુક મૂર્ત્તિને પૂજતો નથી (અને પૂજનારાને અટકાવવા પણ ખુશી નથી) પણ બીજાઓ જે મહાવીર દેવની મૂર્ત્તિ પૂજવામાં પોતાના આત્માનું કલ્યાણ સ્હમજે છે તે જ મહાવીર દેવના **આખા રાજ્યની**—સમગ્ર

જૈન સમાજની મ્હેં જબરા વિસ્તારવાળી મૂર્ત્તિ બનાવી છે અને ત્હેની સેવા પૂજા એટલે તે સમાજ અને તે ધર્મની સેવા—સુશ્રૂષા યથાશક્તિ યથામતિ તન-મન-ધન વડે કરવી એ **મ્હારી રીતની** મૂર્ત્તિ-પૂજા છે. બીજા તમામ મનુષ્યોને પૂજનના માર્ગ પસંદ કરવાનો જેટલો હક્ક છે તેટલોજ મ્હને મ્હારે માટે પૂજનની રીતિ પસંદ કરવાનો હક્ક હોવો જોઇએ. મ્હારી રીતિ કોઇને **નુકશાન** કરનારી કે લાગણી દુખવનારી નથી તેથી બીજાઓએ પોતપોતાની રીતિને શ્રદ્ધાથી વળગી રહીને મ્હારી પૂજનવિધિ તરફ માધ્યસ્થ ભાવ—મતસહિષ્ણુતા રાખવી ઘટે છે. બાકી મ્હારે મન તો, કદાચ બીજાઓની દૃષ્ટિએ મ્હારી પૂજન-વિધિ ખોટી પણ હોય તો પણ, મ્હારી પૂજાપાત્ર મૂર્ત્તિ **વિશાળ** હોવાથી, એમાં શ્વેતામ્બર-દિગમ્બર સર્વ વ્યક્તિઓનો સમાવેશ થતો હોવાથી, હું તો **એમને** પણ પૂજાનું માન આપું છું અને એમની સેવાભક્તિ અર્થે શરીર-દ્રવ્યાદિનું ભેટણું મૂકું છુ તેથી મ્હારા પર એ દેવોએ અવકૃપા કરવાની જરૂર નથી; અને કદાચ અવકૃપા કરશે તો પણ દેવ મ્હારા જ છે, એમને મનાવી લેવાની કળા એમના ભક્તથી કાંઇ અજાણી ન હોય; કારણ કે લોકમત છે કે 'ભક્ત આગળ ભગવાન પણ સીધા રહે છે!'

સમગ્ર જૈનસમાજ રૂપી મૂર્ત્તિનો ઉપાસક
અને
'અવિભક્ત જૈનસમાજ'ના 'સંઘ'નો 'શ્રાવક'
**વાડીલાલ મોતીલાલ શાહ.**

---

(૫)

[શ્વેતામ્બર વિરોધની અસર ટાળવાના આશયથી એ ફીરકાની કૉન્ફરન્સના મુખપત્ર 'હૅરલ્ડ' માસિકમાં પ્રગટ કરાવેલો લેખ.]

# એક 'આગના તણખા'ના 'ભયંકર' પ્રશ્નો.

**શ્રીયુત સમ્પાદક મહાશય,**
શ્રી 'જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ.'
મુંબઇ.

**જયજિનેંદ્ર !**

હું ત્હમારી પાસેથી અને ત્હમો જે કોમના પ્રતિનિધિ તરીકે એક પત્ર ચલાવવા પાછળ પોતાના કિમતી વખતનો ભોગ આપો છો તે કોમ પાસેથી એક પ્રશ્નનો—દેખીતા ઘણા સાદા પરન્તુ વસ્તુતઃ

ઉંડા આશયવાળા પ્રશ્નનો—ખુલાસો મેળવવાની ઇચ્છાથી ત્હમારા પ્રસિદ્ધ પત્રની થોડીક કિમતી જગા મેળવવાનો ઉમેદવાર છું.

પ્રશ્ન આ છે: **લડવું એ ધર્મ છે કે ક્ષમાભાવ રાખવો એ ધર્મ છે?**

હું પોતે મ્હારો અભિપ્રાય આપવા ખુશી નથી; પરન્તુ અભિપ્રાયો એકઠા કરવાની ઇચ્છા રાખું છું. 'ક્ષમાભાવ રાખવો એ ધર્મ છે' એવો ઉત્તર ત્હમારા તરફથી અને ઘણાખરા સ્વધર્મી ભાઈઓ તરફથી આવવા સંભવ છે; કારણ કે (તેઓ કહેશે કે), શાસ્ત્ર હમેશ ક્રોધ, માન, માયા ઇત્યાદિને હણવાની જ સલાહ આપે છે. ત્હમો કહેશો કે, ધર્મ તો innocent–નિરૂપદ્રવી—કોઇને લેશ માત્ર ઇજા ન કરે તેવો—કોઇને પણ અને મનથી પણ દુઃખ ન કરે એવો છે. (That is your *Concept* of 'Religion.') અને છતાં ધર્મની એ પવિત્ર વ્યાખ્યા બોલતી વખતે ત્હમારૂં જીગર તો એમ જ બોલતું હશે કે: "**નિરૂપદ્રવી** ધર્મના પણ **રક્ષણ** માટે તો ઉપદ્રવનું જ હથીઆર આવશ્યક છે"!

ત્હમારા વાચકોની સગવડ ખાતર હું ફરી બોલીશ—વધારે ઘરગતુ ભાષામાં બોલીશ—કે, 'ધર્મ' પોતે નિરૂપદ્રવી છે એમ માનનારાઓ પણ એ ધર્મના બચાવ-રક્ષણ-હયાતી માટે તો ઉપદ્રવ (સખ્તાઇ—ક્રોધ—તોફાન—દ્વેષ ઇત્યાદિ અનેક **અનિષ્ટ મનાયલાં** તત્ત્વો) નો જ ઉપયોગ કરે છે—**ખરેખર** ઉપયોગ કરે છે. ત્હારે કાં તો ધર્મની **વ્યાખ્યા** ત્હમારે **બદલી** નાખવી પડશે અને ત્હેની નિર્દોષ-નિરૂપદ્રવી ભાવનાને બદલે કાંઇ જૂદી જ જાતની ભાવના ત્હમારે ગોઠવવી જોઇશે; **અગર તો**, નિરૂપદ્રવી ધર્મના રક્ષણ માટે લેવાતાં ઉપદ્રવી અસ્ત્રશસ્ત્રને વોસીરાવવાં પડશે. બેમાંથી **એક** તો જરૂર કરવું પડશે. હાથમાં બરફ રાખવો અને ગરમી ઉત્પન્ન થવાની આશા રાખવી, અગર અગ્નિમાં પગ મૂકીને ઠંડક પેદા થવાની ઇચ્છા કરવી: એને કોણ શાણપણ કહેશે?

ત્હમે પૂછશો: "ધર્મને અમે નિરૂપદ્રવી તો અવસ્ય માનીએ છીએ, પણ એ ધર્મના રક્ષણ માટે ઉપદ્રવી અસ્ત્રશસ્ત્ર અમે ક્યહાં વાપરીએ છીએ?"

મ્હને માફ કરશો, મહાશય! પણ એમ જ **બને છે**; માત્ર આપના ધર્મમાં જ નહિ, પણ સઘળા ધર્મોના અનુયાયીઓની બાબતમાં લગભગ એમ જ બને છે. એક ધર્મની સચ્ચાઇ બીજાઓ પાસે મનાવવા માટે તે બીજાઓના ધર્મ કે ધર્મોની નિંદા કરવાના

પ્રયત્નો શું દુનિયામાં થોડા થાય છે?—અને એનું કારણ એ છે કે પોતાના ધર્મની હયાતી તે સિવાય રહી શકવાની નથી એમ તે ધર્મના લોકોનું **હૃદય** માને છે (નહિ કે મ્હોં; મ્હોં તો શાન્તિની અને ક્ષમાની અને દયાની અને નમ્રતાની જ વાતો ગંભીરતાથી કર્યા કરવાનું!) તેમજ જે દેવને શાન્તિ, ક્ષમા, દયા આદિ સાત્ત્વિક ગુણોનો ભંડાર માનવામાં આવે છે તે દેવની ભાવના જે મૂર્ત્તિમાં આક્ષેપવામાં આવે છે **તેવી** મૂર્ત્તિ ખાતર પણ શું આ દુનિયામાં થોડા લોકો પરસ્પર લડતા જોવામાં આવે છે?

કહો સાહેબ, ક્ષમાના સાગર તરીકેની પ્રભુની 'ભાવના' ('*Concept*' of God) ક્યહાં રહી અને એ પ્રભુના નામથી કરાતાં પરસ્પરનાં યુદ્ધો ક્યહાંથી ઘુસ્યાં? કહો, કહો કે શ્વેતામ્બર-દિગમ્બર વચ્ચે શ્રી સમ્મેદશિખર વગેરે તીર્થસ્થળોને લગતાં—લાખ્ખો રૂપીઆનો ભોગ લેતાં—યુદ્ધો કેવી રીતે અને શા માટે ઉદ્ભભવ્યાં? શું ધર્મ પોતાના રક્ષણ માટે પોતાના ભક્તોની **આવી જાતની** મદદની ગરજ ધરાવે છે? શું મ્હારી–ત્હમારી મદદ વગર પોતાની મેળે પોતાના પગ ઉપર ઉભો રહેવાની શક્તિ 'ધર્મ' તત્ત્વમાં **નથી** જ? શું આપણે એના રક્ષણ માટે માંહોમાંહે કપાઇ મરીએ અને બલીદાન આપીએ તો જ ધર્મ ટકી શકે છે અને અન્યથા નહિ જ, એમ કહેવા સરખું આપણું આ વર્ત્તન થતું નથી?

મ્હને તો આ ઝગડાઓ જોઇને જૈન પ્રજાની ધર્મવિષયક વ્યાખ્યાઓ, માન્યતાઓ અને કાર્યો તપાસવાની અને તપાસને અંતે હસવાની—તેમજ સાથે સાથે રડવાની પણ—પ્રેરણા થાય છે. મ્હેં કુદરતનો અભ્યાસ કરતાં જોયું છે કે, જે પતિ—પત્ની વચ્ચે એખલાસ નથી હોતો તેઓ પણ, એક બાળકના જન્મ **પછી**, એક-બીજાની ગરજ કરતા કે ચાહતા થાય છે; **બાળક એ બે વ્યક્તિઓને સાંકળનાર તત્વ બને છે.** તેમજ એક બીજું દૃષ્ટાંતઃ હિન્દુ મુસલમાનની રીતભાત, પહેરવેશ, બોલી, ધર્મ, વગેરે સર્વે **ભિન્ન** હોવા **છતાં** જ્યહારથી હિંદમાં 'હિંદી પ્રજા'ની 'ભાવના' મૂર્ત્તિમાન થવા લાગી ત્યહારથી મુસલમાનો પણ હિંદુઓ સાથે પ્રેમની સાંકળથી જોડાવા લાગ્યા છે. છેલ્લી નૅશનલ કૉન્ગ્રેસ વખતે હિંદુઓને મુસલમાન 'લીગ' તરફથી નાસ્તાપાણીનું આમંત્રણ અને મુસલમાનોને

હિંદુઓ તરફથી આમંત્રણ અપાયું હતું અને દેશના આગેવાન હિન્દુ મુસલમાનો એક જ ટેબલ પર નાસ્તો કરવા જેટલે દરજ્જે પ્રીતિભાવ બતાવી ચુકયા હતા. એ તદ્દન **ભિન્ન પ્રકૃતિઓને** આ-ટલી બધી ચુસ્તાઇથી સાંકળનાર—**હસ્તમિલાપ કરાવનાર**—કયું તત્ત્વ હતું ? તે માત્ર 'હિંદી પ્રજા' તરીકેની 'ભાવના'—'**એક** મા-તાના હવે આપણે પુત્રો છીએ' એવી 'ભાવના' **જ** હતી, કે જેણે આ ચમત્કારી બળ ઉત્પન્ન કર્યું.

પરન્તુ મ્હારી બુદ્ધિ મુંઝાઇ જાય છે; કુદરતના અગમ્ય રસ્તાઓ **હમેશ** કાર્ય-કારણના લૉજીકને અનુસરતા જ નથી હોતા. અણુ-બનાવવાળા **દંપતીનું** જોડાણ કરનાર 'બાળક' તથા ભિનપ્રકૃતિ હિંદુ-મુસલમાનને દોસ્ત બનાવનાર 'હિંદી પ્રજાની ભાવના: એ બે કરતાં પણ **વધારે** તાકાદવાળું સૈયારૂં તત્ત્વ આપણે જૈનો ધરાવીએ છીએ **તે છતાં** આપણા વચ્ચે એ જોડાણ—એ પ્રેમ—એ એકતાને બદલે પરસ્પર દ્વેષ અને વૈરભાવ **કયાંથી** આવે છે ? સૈયારા દેવ **મહાવીર**, સૈયારી કર્મ **ફીલસુફી**, સૈયારી દયામય નીતિ, સૈયારો **દેશ**, સૈયારી **ભાષા**, સૈયારા **રીવાજો**, સૈયારા **સ્વાર્થો** સઘળું સૈયારૂં અને તે **છતાં** આપણા વચ્ચે પરસ્પર એખલાસ ન મળે એ **કેવી રીતે** બને છે? કુદરતના અગમ્ય રસ્તાઓનો ખુલાસો (interpretation) આપવા મ્હારી હિમત ચાલતી નથી. એટલા જ માટે હું ત્હમો વિદ્વાન બન્ધુને તથા ત્હમે જે કોમના પ્રતિનિધિઓ-માંના એક તરીકે કામ કરો છો તે કોમના અન્યાન્ય સજ્જનો પા-સેથી જાણવા ઇચ્છું છું કે, શું ત્હમે '**દેવ**'ની **ભાવના** મનુષ્યમાં ક્ષમા શાન્તિ આદિ સાત્વિક ગુણો ઉત્પન્ન કરવા અને તે ગુણોને પુષ્ટિ આપ-વાના આશયથી 'રચો' છો ? —તો કૃપા કરી એ ભાવનાને નિર્મળ—નિષ્કંલક રહેવા દો અને એવા ગુણો જેમાં આરોપ્યા છે તેવી મૂર્ત્તિ નિમિત્તે કલેશ, વૈર, ક્રોધ આદિ તામસી પ્રકૃતિઓને આમંત્રણ આપવા જેવી પ્રવૃત્તિને રોકો, **કૃપા** કરી રોકો, બીજા કોઇની ખાતર નહિ તો એ **'ભાવના'ની પવિત્રતા જળવાઈ રહે તે ખાતર** પણ રોકો.

શું ત્હમે '**ધર્મ**' ની ભાવના ભિન્નભિન્ન ખાસીઅતો અને પ્રકૃ-તિઓના એકીકરણ માટે, અને જૂદીજૂદી ગુફાઓમાં—એક બીજાથી ડરીને-અલગ અલગ પડી રહેતા મનુષ્યોને એક 'સમાજ' રૂપે રહેતા કરવા—એકબીજાથી ડરવાને બદલે એકબીજાની હુંફ રૂપ બનવાનું

શીખવવા અને એક-બીજાનાં સુખદુઃખમાં ભાગ લેતા બનાવવાના આશયથી જ **ખરેખર** યોજી છે ?—તો કૃપા કરી એ ભાવનાને એક બીજાના **સ્હામે** વપરાતું હથીયાર ન બનાવો, એકબીજાને **જૂદા** પાડનાર ‘ અખાત ’ ન બનાવો, એકબીજાને **શત્રુ** માની જંગલી જમાનાની માફક પોતપોતાની બે વેંતની ગુફાઓમાં પુનઃ ભરાઇ જવાની પ્રેરણા કરનારૂં **ભયાનક તત્વ** ન બનાવો.

શું ત્હમે **‘સવી જીવ કરૂં શાસનરસી’** એવી **‘નીતિ’**ની ભાવના એક (એટલે સૈયારૂં) ‘શાસન’ ( Kingdom—સમાજ—રાજ્ય ) સ્થાપવાના ઇરાદાથી ઉત્પન્ન કરી નહોતી ?—અને તો પછી ત્હમારા ‘શાસન’ **બહારના** મનુષ્યોને ત્હમારા ‘શાસન’ **ની અંદર** ખેંચી ત્હમારૂં રાજ્ય બલવાન અને વિસ્તારવાળું કરવાને **બદલે** ત્હમારા ‘શાસન’માં જેઓ છે ત્હેમને પણ અલગ કરવા જેવી પ્રવૃત્તિ માટે—તે શાસનના સ્થાપક મહાગુરૂના પવિત્ર નામ ખાતર પણ—શરમાતાં શિખો.

*
**

સમ્પાદક મહાશય ! ત્હમે કદાપિ મ્હારી પ્રશ્નપરંપરાથી કંટાળ્યા હશો; પણ હું દીલગીર છું કે હું ત્હમને આટલેથી જતા કરી શકું તેમ નથી. કંટાળ્યા ?! **પ્રશ્નપરંપરાથી** જ કંટાળ્યા ?! હું ‘કેમ માનું ? ભાઇઓ ભાઇઓથી લડતાં તો જેઓ વર્ષો સુધી ન કંટાળ્યા તેઓ માત્ર બેચાર પ્રશ્નથી કંટાળે ? નહિ, સાહેબ; હું ઇચ્છું છું કે ત્હમે **ખરે પ્રસંગે** કંટાળવા જેટલા ભલા હોત તો કેવું સારૂં ? જે હૃદયો લડાઇથી કઠણ બનેલાં છે ત્હેમને માત્ર બેચાર પશ્નોનાં શરથી વીંધી શકાતાં નથી; અને મ્હને પણ ત્હમારી ચાલુ લડાઇઓ જેઇ જેઇને શર વાપરવાનું ભૂત ભરાઇ આવ્યું છે (એ જો ‘દોષ’ હોય તો ત્હેના શિક્ષક ત્હમે જ છો, માટે તે દોષ પણ ત્હમારે શિર છે !) અને તેથી હું હજી થોડા વધારે પ્રશ્નો ફેંકવાની લાલચને દાબી શકતો નથી.

**હું પૂછીશ, અને આગ્રહથી પૂછીશ, કે—**

**શું ત્હમે દેશહિતના ભોગે ‘વ્યવહાર ધર્મ’નું રક્ષણ ઇચ્છતા નથી?**

**શું ત્હમે સમાજબળના ભોગે** ‘વ્યવહાર ધર્મ’નું રક્ષણ ઇચ્છતા નથી ?

શું ત્હમે પ્રચલિત નીતિના **ભોગે** ‘ વ્યવહાર ’ ધર્મનું રક્ષણ **ઇચ્છતા નથી ?**

અને

શું ત્હમે 'નિશ્ચય'ને લક્ષબિંદુ માનીને 'વ્યવહાર' સેવવો, એવા શાસ્ત્રવચનનો **દુરૂપયોગ** કરતા નથી ?

શું ત્હમે ધર્મીપણાનો દેખાવ કરવામાં જ ધર્મીપણાની ગેરહાજરી સાબીત કરતા નથી ?

શું ત્હમે **બળવાનપણું** બતાવવા ખાતર કરાતા યુદ્ધ દ્વારા જ ધાર્મિક **નિર્બળતા** બહાર પાડતા નથી ?

શું ત્હમે—

પણ અહીં હું થોભીશ; કારણ કે આ બધા પ્રશ્નો હું ત્હમને **કેવી રીતે** લાગુ પાડું છું તે ત્હમે મ્હને પૂછ્યા વગર નહિ જ રહો એ હું જાણું છું...હું ખુલાસો કરીશ.

કૃપા કરી દુઃખી કમનશીબ **આર્યાવર્ત** તરફ દૃષ્ટિ કરો. ત્હમારાં શાસ્ત્રોએ જે **આર્ય**દેશને અધ્યાત્મજ્ઞાનના ભંડાર તરીકે, લક્ષ્મીદેવીના નિવાસ તરીકે, ક્ષત્રિય જુસ્સાની જન્મભૂમિ તરીકે, જમીન, પાણી અને આસમાન પર વિજય મેળવનાર વિદ્યાઓના પાયતખ્ત તરીકે, સ્વતંત્રતાની દેવી તરીકે ગાઇ બતાવ્યો છે તે દેશની—તે **આર્યાવર્ત**ની આજની સ્થિતિનું, દાદાભાઇ નવરોજી કે એની **બી**સેંટના મુખથી કે કલમથી થતું વર્ણન શું ત્હમે સાંભળ્યું કે વાંચ્યું નથી ? કમકમાટી ઉપજે એટલી એની ગરીબાઇ, નબળાઇ,બીમારી,બુદ્ધિમંદતા, જડતા, નિર્માલ્યતા, ઉત્પાદક શક્તિઓ અને ઉત્પાદક સાધનોનો ક્ષય,ઇત્યાદિ જોઇ શકતા નથી? આ સઘળું કરોડો માણસોમાં વ્હોંટી ગયેલું ગયેલું ભૂત દૂર કરવા માટે કેટલાક 'દેવો'એ ભગીરથ પ્રયાસ આદર્યો છે એ ત્હમે શું જાણવાની દરકાર કરતા નથી? એ દેવો **હિં**દમાતાને પુનઃ જાહોજલાલીવાળી ભૂમિ બનાવવા માટે જે જીવલેણ મહેનત કરી રહ્યા છે ત્હેમાં શામેલ થવા ત્હમને—મ્હને અને સર્વને—તેઓ પોકારી રહ્યા છે, છતાં એ પોકાર તરફ શું ત્હમે હમેશાં બ્હેરા કાન જ કર્યા કરશો ? તેઓ ગર્જના કરીને કહી રહ્યા છે કે, અમારા દેશને આબાદ કરવા માટે પ્રથમ ઐક્ય જોઇએ છે અને ઐક્યબળથી પછી અમારે નિરૂદ્યમતા અને અજ્ઞાનતાને આ દેશમાંથી હાંકી કહાડવી છે. ત્હમે એ 'દેવો'ની અપીલ સાંભળવા હજી સુધી ક્યહાં તૈયાર થયા છો ? જરાસરખા પૂજનવિધિના તફાવત માટે ત્હમે તો લડવા–ઝગડવા તૈયાર થાઓ છો; 'મિથ્યાત્વ'ની વિચિત્ર વ્યાખ્યાઓને પકડી લઇ ત્હમારા સિવા-

ચના આખા દેશને મિથ્યાત્વી માની તેઓથી દૂર રહેવાનો ઉપદેશ થવા દો છો; દેશની વાતોને વેગળી રાખી અહોરાત્રિ માત્ર એક ફીરકાની જ–રે એક ફીરકાના પણ એક પેટાવર્ગની જ—વાતોમાં મશગુલ રહો છો; કહો હવે હિંદમાતાનો ઉદ્ધાર કરવા મથતા 'દેવો' ત્હમારે માટે શું ધારશે?

પૂજન એ **વ્યવહાર**ધર્મ છે, **નિશ્ચય**ધર્મ નથી, એમ તો ત્હમે કબુલ કરો છો; અને તે છતાં **અમુક** પ્રકારના પૂજન ખાતર જૂદી રીતે પૂજન કરનાર સાથે લડવામાં ત્હમારા કિમતી સમયનો અને દેશને વિદ્યા–કળામાં આગળ વધારવામાં જે લક્ષ્મીની જરૂર છે તે લક્ષ્મીનો વ્યય કરી નાખો છો. **પૂજન** કરો, ખુશીથી અને **ઉત્સાહ**થી ત્હમારી **પોતાની** જ રીતે પૂજન કરો અને તે **પૂજનમાંથી પૂજ્ય તત્ત્વનું બલ અને જ્ઞાન અને ચારિત્ર સંપાદન કરી બલવાન બનો;** પણ પૂજનવિધિને પરસ્પરના બલનું બલીદાન કરાવનાર તત્ત્વ ન બનાવો એ જ **મ્હારી પ્રાર્થના** છે. શ્વેતામ્બર દિગમ્બર બન્નેની પૂજનવિધિ કાયમ રહેવા પામે અને બન્ને પોતપોતાની રીતીથી પોતાના સામાન્ય દેવની પૂજા કરી શકે એવી રીતે સઘળાં પવિત્ર તીર્થોને શું ત્હમે બન્ને માટે ખુલ્લાં મૂકવાની યોજના ન કરી શકો? કોઇ સ્થળે એક જ મંદીરમાં બન્ને પૂજન કરી શકે, કોઇ સ્થળે બન્ને માટે અલગ અલગ મંદિરોની વ્યવસ્થા કરવામાં આવે, કોઇ સ્થળે બીજી કાંઇ ગોઠવણ **બન્ને ફીરકા મળીને** કરે, એવી રીતે શું પરસ્પરમાં **વિશ્વાસ, પ્રેમ** અને **ઐક્ય** ઉત્પન્ન ન જ કરી શકાય? અને જો કોઇ પણ રસ્તો ન કહાડી શકો તો એનો અર્થ શું એવો નથી થતો કે જે દેશ અત્યારે ઐક્યની પૂરેપૂરી ગરજ ધરાવે છે તે **દેશના હિતના ભોગે** જ ત્હમે બન્ને ફીરકાઓ પોતપોતાના 'વ્યવહાર'નું રક્ષણ કરવા માગો છો? અને એ વર્ત્તનથી શું પ્રચલિત 'નીતિ'નો પણ ભંગ થતો નથી? કેટલાકને સાચાજુઠા પુરાવા પણ ઉભા કરવા પડતા હશે, બીજા અન્યાય સેવવા પડતા હશે, ધર્મનું **નામ** દઇને ટંટાનું **કામ** કરવા માટે પૈસા ઉઘરાવવાનું પાપ વહોરવું પડતું હશે, એકબીજા પક્ષનું અશ્રેય ઇચ્છવામાં આવતું હશે અને તેથી જૈનધર્મના **પાયા** રૂપ ચાર **ભાવનાઓનું** ખૂન થતું હશે: એ સર્વ શું નીતિ, ધર્મ, સમાજ, નેશન ઇત્યાદિ **ભાવનાઓને** બાધાકારક નથી?

મ્હને આશ્ચર્ય થાય છે: યુરપનું મહાભારત યુદ્ધ શરૂ થયું એવામાં ત્હમારામાંના ઘણાએ સભાઓ કરીને પુન: શાન્તિ પ્રસરો એવી પ્રાર્થનાઓ કરી હતી, એ વાત મ્હને યાદ આવ્યા વગર રહેતી નથી. જે યુદ્ધ ઓલવવામાં ત્હમારો હાથ પહોંચી શકે તેમ નથી **એટલા દૂરના** યુદ્ધની શાન્તિ ઇચ્છવા એકઠા થનાર ત્હમે જૈનોએ, **પોતાની વચ્ચે** યુદ્ધની આગ સળગી રહી છે ત્હેને ઓલવવા માટે એક દિવસ પણ પ્રાર્થના કરી નથી કે એક દિવસ પણ એકઠા મળ્યા નથી; આ તે **કઈ જાતનો** ત્હમારો 'વ્યવહાર'? કઈ જાતની 'ધર્મ'ની વ્યાખ્યા? કાં તો સ્વીકારો કે યુદ્ધ એ જ ઇચ્છવાયોગ્ય છે અને યુદ્ધથી શક્તિઓ ખીલે છે, અને એવી માન્યતા સ્વીકારીને યુદ્ધકલા શિખો તથા યુદ્ધ કરવા માટે જોઇતું શરીરબળ કળવો; અને કાં તો યુદ્ધ એ પાપ છે એમ માનીને તેથી દૂર રહો. પણ **બીજાના** યુદ્ધને પાપ માની **પોતાના** યુદ્ધને વળગી રહેવામાં તો આપણે બે મ્હોંવાળા જ ઠરીએ!

બાળલગ્નાદિથી બળ ઘટી ગયું છે એમ આપણે બૂમ પાડીએ છીએ, પણ **કન્યાવ્યવહારની વિસ્તૃત સગવડ વગર** બાળલગ્ન, કજોડાં, કન્યાવિક્રય વગેરે અધર્મો દૂર થઇ **શકે જ નહિ.** કન્યાવ્યવહારની વિસ્તૃત સગવડ થવામાં **વાડાના ભેદો** અને દશા—વિશા આદિ ભેદો વચ્ચે આવે છે. જ્યહાં સુધી એકંદર **જૈન** સમાજ પોતાના ક્રિયાકાંડને વળગી રહેવા છતાં બીજાના ક્રિયાકાંડ તરફ **સહિષ્ણુતા** ધરાવતો થઇ, પરસ્પર પ્રેમભાવ, ઐક્ય, કન્યાવ્યવહાર અને Co-operation કરતો થાય નહિ ત્યહાં સુધી હજારો-લાખો બદીઓ, સામાજિક કુરીતિઓ, નિર્બળતા અને અજ્ઞાનતા **હઠી શકે જ નહિ—કોઈ કાળે હઠી શકે નહિ.** જ્યહાં સુધી **મૂળ** છે ત્યહાં સુધી **ડાળી-ડાળાંનો સદંતર નાશ** થવાની આશા રાખવી **વ્યર્થ** છે. સમાજબળનો બધો આધાર **એકતા** ઉપર છે. અને એકતા શ્વેતામ્બર-દિગમ્બરના **'નિશ્ચય' ધર્મને** તો કોઇ રીતે બાધક નથી, તેમ 'વ્યવહાર' ધર્મમાં પણ જો મતસહિષ્ણુતા જાળવતાં શિખાય તો **ત્હેને પણ** એકતા બાધક **નથી.**

સમ્પાદક મહાશય! હવે હું થોડામાં પતાવીશ. મ્હારી આ સઘળી દલીલો અને પ્રશ્નો ~~અને સૂચનાઓ માત્ર ત્હમારા~~ પ્રત્યે કે શ્વેતામ્બર મૂર્તિપૂજક સમાજ પ્રત્યે જ છે એમ નથી, તે સમસ્ત જૈન પ્રજા

પ્રત્યે છે; અને તે સર્વ પ્રશ્નો અને દલીલો તથા સૂચનાઓનો આશય માત્ર એટલું જ કહેવા પૂરતો છે કે, પવિત્ર જૈન ધર્મની ખાતર, જૈનસમાજના બળ ખાતર, અને હિંદના હિત ખાતર

**જૈનોના તમામ ઝઘડા દૂર કરી ઐકયબલ વધારવા તરફ લક્ષ આપો.**

અને આ વિનંતિ હું અત્યારે આટલા આગ્રહથી કરૂં છું એનું પણ કારણ છે, જે એ છે કે, સમેદશિખર વગેરે તીર્થોને લગતા શ્વેતામ્બર--દિગમ્બર વચ્ચે ચાલતા કેસને બદલે ઘરમેળે ઇનસાફ મેળવી ઐક્ય કરાવવાના મ્હારા નવા ઉપાડેલા મિશનને હું જૈન સમાજની દૃષ્ટિ આગળ ધરવા માગું છું. સૌથી વધારે માનભર્યો રસ્તો તો એ છે કે, કોઇને પણ વચ્ચે નાખ્યા સિવાય વાદી–પ્રતિવાદી અને ત્હેમના સ્વધર્મીઓ પોતે જ સાથે મળીને રસ્તો કહાડે; પણ તેમ બનવું મુશ્કેલ હોવાથી, હું એવી સૂચના રજુ કરૂં છું કે, દેશના માનવંતા અને કાયદાકાનુનના અનુભવી અગ્રેસરો પૈકીના એક કે વધારે સજ્જનોને બન્ને પક્ષ તરફથી પસંદ કરીને ત્હેમની પાસેથી ઇનસાફ મેળવવો.

મ્હારી આ અપીલને શ્વેતામ્બર–દિગમ્બર બન્ને વર્ગના મ્હોટા મ્હોટા શ્રીમંત શેઠીઆઓ તેમજ ઉંચી કેળવણી પામેલા વિદ્વાનોએ પોતાની બહાલી અને સમ્મતિ તથા સહી આપીને ટેકો કર્યો છે, જે માટે હું તે સર્વ મહાશયોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. તેવી જ રીતે શેઠીઆ તેમજ કેળવાયલા વર્ગના બીજા ગૃહસ્થો પણ પોતપોતાની સમ્મતિ મોકલી આપે એમ મ્હારી પ્રાર્થના છે. વિચાર-વાતાવરણના ફેલાવા માટે ઘણી વ્યક્તિઓની સમ્મતિ જરૂરની છે.

માત્ર સહીઓ લઇને જ બેસી રહેવાનું ઇચ્છયું નથી. પક્ષકારો તથા ત્હેમને કેસમાં આર્થિક સહાય આપનાર ગૃહસ્થોની ખાનગી મુલાકાતો લેવાનું કામ પણ ચાલે જ છે. આ કામમાં મ્હને કેટલીક નહિ ધારેલી એવી સારી સફળતા પણ પ્રાપ્ત થઇ છે, કે જે જાહેરમાં મુકવાનો સમય હજી આવી લાગ્યો નથી. પરિણામ ગમે તે આવો, એ બાબતની મ્હને ચિંતા નથી. મિશન ફતેહમંદ થાય તો તો ચોખ્ખો લાભ જ છે; અને મિશન નિષ્ફલ જાય તો પણ એટલે દરજ્જે લોકમત કેળવાયો અને ઐકયની જરૂર લોકોમાં ફસાવા પામી એ પણ ઓછો લાભ નથી. નિષ્ફળતા થશે તો એનો અર્થ એક જ થશે, અને તે એ કે, અમારા સુશિક્ષિત વર્ગે આ

જરૂરી દેશહિત અને સમાજહિતના કામમાં પોતાનું પુરેપુરૂં બળ ધીર્યું નહિ તેથી જ ત્હેને પુરતી ફતેહ મળી નહિ. 'મિશન' ગુન્હેગાર નથી, મિશનરી પણ ગુન્હેગાર નથી, પણ મિશનને જોઈતું બળ ધીરનારા પોતાનું કર્ત્તવ્ય બજાવવાથી દૂર રહ્યા એ જ દોષ લોકોની નજરે આવશે, અને હવે પછીના દરેક મિશનમાં વધારે દુરદેશી અને વધારે ઐક્યથી કામ કરવાની રીત લોકો શિખશે.

આ દેખીતા શુભ કામમાં પણ કેટલાક કેળવાયલાઓ તથા ધર્મગુરૂઓ મદદ કરવાને બદલે પત્થર નાખતા જોવામાં આવ્યા છે. તેઓ પૈકીના કેટલાક ધર્માધપણાને લીધે સુલેહના શત્રુ બને છે, કેટલાક એમ કહે છે કે અમુક વ્યક્તિ આ યશ ખાટી જાય એ અમારા જેવાથી કેમ ખમી શકાય ? કેટલાકને મનમાં એ બળતરા છે કે ઝઘડા ચાલુ રહેશે તો જ અમારો ભાવ પૂછાશે ( કદાચ અમને ફીઓ પણ મળશે) અને ઝઘડા બંધ થશે તો અમારી ગરજ કે જરૂર કોઇને નહિ રહે!...આમાંના પહેલા અને ત્રીજા પ્રકારના વાંધાવાળાઓને કાંઇ જવાબ આપવાની જરૂર જેવું નથી. બીજા નંબરના વાંધાવાળાને કહીશ કે, આ પ્રયત્ન કરનાર વાહવાહની દરકાર કરે એવો બાળક નથી. ત્હમે જ્હેને 'યશ' કહો છો તે કોઇ કિંમતી ચીજ હોય એમ તે માનતો જ નથી. આજે જે માણુસને લોકો 'વાહવાહ' કહે છે, ત્હેને કાલે જ કાંઇ બનાવ બનતાં ખાસડાં મારવા પણ તેઓ ચુકતા નથી, એવો જનસ્વભાવ આખી દુનિયામાં અને સર્વ કાળમાં જોવામાં આવ્યો છે, એ વાત આ લખનારથી અજાણી નથી, અને તેથી તે યશને માટે મરી પડે તેવો નથી જ. તેમ છતાં દલીલની ખાતર માની પણ લ્યો કે તે યશને માટે કામ કરે છે, તો પણ ત્હમને શું ખબર નથી કે 'જશ જાનગરો છે'? 'માથું મુકે તે જ માલ કહાડે છે' એટલુંએ ત્હમને ભાન નથી શું?' મિશન' ને અંગે મુસાફરી અને મુલાકાતો અને પૅમ્ફલેટો વગેરે પાછળ શરીરબળ, દ્રવ્ય, સમય ઇત્યાદિનો વ્યય થયા વગર કામ બની શકતું જ નથી એટલું કબુલ કરો અને ત્હમને જો યશ ખાતર જ આ કામ થતું હોય એવો વ્હેમ હોય તો ખુશીથી ત્હમારામાંના કોઇ એ ભોગ આપવા માટે નીકળી આવો અને કામ ઉપાડી લ્યો; ત્હમારો આભાર માનવામાં આવશે અને ત્હમારા દાસ તરીકે આ લખનાર કામ કરવા તૈયાર રહેશે. જે જોઇએ છે તે માત્ર ઐક્યબલ અને સુલેહ છે; તે કોના હાથે મળે

છે એ જોવાનું કાંઇ કામ નથી. કોઇ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈનના હાથથી આ કામ ઉપાડવામાં આવ્યું હોત તો કદાચ દિગમ્બર જૈનો એમ પણ કહેત કે એ પક્ષ હારવા જેવો થયો **તેથી** સમાધાનીની ખટપટ કરે છે; તેમજ કોઇ દિગમ્બરે આ મિશન ઉપાડયું હોત તો કદાચ શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક વર્ગ એવું કાંઇ બોલત. તેથી શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક કે દિગમ્બર તરીકે નહિ જન્મેલો અને તે છતાં બધામાં સરખો રસ લેનારો એવો કોઇ–અવિભક્ત **જૈન** સમાજની ભાવના વાળો–**જૈન** જ આ કામ ઉઠાવે તો એમાં કોઇને શંકા લઇ જવાનું કારણ ન મળે અને **જૈન** સમાજને માટે અજૈને વચ્ચે પડીને કામ સુધારી આપ્યું એમ પણ કહેવામાં ન આવે. હું ધારૂં છું કે આટલા ઉત્તરથી, બીજા નંબરના વાંધાવાળા ભાઇઓને સંતોષ મળશે.

## છેવટની વિનંતિ.

બીજા જરૂરી રસ્તે જે કાંઇ પ્રવૃત્તિ કરવી જોઇએ તે તો ચાલ્યા કરે છે. અને ચાલ્યા કરશે; પણ તે સાથે જ **લોકમત કેળવવાની** પણ જરૂર હોવાથી દરેક સ્થળના આગેવાન મહાશયો તેમજ કેળવાયલા ગૃહસ્થો પ્રત્યે મ્હારી વિનંતિ છે કે:—

(૧) આપનો અંગત અભિપ્રાય પોષ્ટદ્વારા (નીચેને શિરનામે) લખી મોકલવા કૃપા કરશો.

(૨) આપના ગામ કે શહેરમાં આપના સંપ્રદાયના અનુયાયીઓની સભા કરીને શ્રી સમ્મેદશિખર વગેરે તીર્થસ્થળોના વાંધા પંચ મારફત ચુકાય એવી હરકોઇ વ્યવસ્થા કરવાની જે અપીલ હાલમાં જૈન પબ્લીકને કરવામાં આવી છે તે તરફ તે સભાજનોની સમ્મતિ છે એ મતલબનો ઠરાવ કરી, તે ઠરાવની નક્કલ નીચે સહી કરનારને મોકલી આપવા કૃપા કરશો. (સભામાં કોઇપણ સંપ્રદાયનો દોષ બતાવવા કે આગેવાનોનો દોષ બતાવવા સિવાય જ માત્ર મુદ્દાસરની બાબતો પર બોલવામાં આવે અને સુલેહ તથા ઐક્યબળના વિચારો ફેલાવવામાં આવે એટલું ધ્યાનમાં રાખવાની ખાસ વિનંતિ છે.)

(૩) જૈન પેપરો તેમજ અન્ય પેપરો દ્વારા આ મિશનને પુષ્ટિ મળે એવા લેખો જેઓ લખી શકે તેઓએ તેમ કરવા પણ કૃપા કરવી.

સમસ્ત જૈન સંઘમાં મતસહિષ્ણુતા, ભ્રાતૃભાવ, ઐક્યબળ,

જ્ઞાનબળ અને શૌર્ય ઉત્પન્ન થાઓ અને એ ગુણોથી શોભતું જૈન-શાસન સમગ્ર દુનિયાપર જયવન્તુ થાઓ એવી ભાવના સાથે

૨૫૩, નાગદેવી સ્ટ્રીટ
મુંબઇ.
( તાર શિરનામું:-Brass. )

હું છું
અવિભક્ત જૈન કુટુમ્બનો સભ્ય
અને (તેથી) ત્હમારો બંધુ
**વાડીલાલ મોતીલાલ શાહ.**

## લૉર્ડ બેકનની જૈનો પ્રત્યે સલાહ.

જબરજસ્ત વિચારક લૉર્ડ બેકન તો ક્યારનોએ કબરમાં પહોંચી ગયો છે, પરન્તુ એકજ ધર્મના અનુયાયીઓ વચ્ચેની શાન્ત અને ક્લેશમય સ્થિતિઓના સંબંધમાં તેણે લખેલા વિચારો જૈનોને આજે અત્યંત હિતકારી સલાહ રૂપે થઇ પડે તેવા હોવાથી આ નીચે તે ટાંક્યા છે. તે કહે છે: એકજ ધર્મને માનનારાઓ વચ્ચે ગાળાગાળી મારામારી કે તકરારો થાય તો ત્હેની અસર બે પ્રકારે થાય છે. એક તો તે ધર્મની **બહારના** મનુષ્યો ઉપર થતી અસર, અને બીજી તે ધર્મના **અનુયાયીઓ** પર થતી અસર: ( ૧ ) એકબીજાની નિંદા કરતા, એકબીજાની પૂજનવિધિઓને અસત્ય ઠરાવતા એક ધર્મના લોકોને જોવાથી બહારનાઓ તે ધર્મ પરત્વે ખોટો મત બાંધવા લલચાય છે (૨) તે ધર્મને માનનારાઓ વચ્ચે નિંદા, કજીઆ આદિ ચાલવાથી તેઓની શાન્તિ, પ્રગતિ અને બળને ખલેલ પહોંચે છે.

બેકન જો ખરો હોય તો, અને જૈનોને જો પોતાની પ્રતિદિન ઘટતી જતી સંખ્યાને અટકાવવી જ હોય તો, અંદરોઅંદરના ટંટા, કોર્ટના ઝગડા, નિંદાત્મક ચર્ચા અને માલ વગરના લોકભાવને છોડી ઐક્યબળ કરવું જોઇએ છે, કે જેથી જૈનસમાજની **અંદરની** સ્થિતિ મજબુત થાય અને **બહારનાઓ** તે ધર્મ તરફ આકર્ષાઇ ત્હેમાં ભળવા લાગે.

V. M. Shah.

( ૬ )

## હજારીબાગનો બૉમ્બ !

અદાલતનાં પગથીઆં ઘસી નાખવા જેવી પ્રવૃત્તિ વિરૂદ્ધની હીલચાલ આ પ્રમાણે પ્રગતિ કરી રહી હતી, જાહેર પ્રજાની સહાનુભૂતિ તે હીલચાલ તરફ પ્રતિદિન વધતી જવા લાગી હતી અને સાથે સાથે એ સહાનુભૂતિને ઠંડી પાડવા અને મારી નાખવામાં 'ધર્મ' રહમ-

જનારા જીવદયાપ્રતિપાલકો (?)ની બાજી પણ ચાલી રહી હતી, તેમજ એ બાજીની અસર થતી અટકાવવાના પણ ઉપર લખ્યા પ્રમાણેના પ્રયાસ ચાલી રહ્યા હતા, એવામાં હજારીબાગમાંથી એક 'બૉમ્બ' ફુટ્યો કે જેણે બન્ને ફીરકાના લડાયક આગેવાનોને ચમકાવ્યા. જો મ્હારી 'અપીલ' બન્ને પક્ષકારો તરફનો સમ્પૂર્ણ આદર પામી હોત અને પ્રજાકીય આગેવાન દ્વારા ન્યાય મેળવવામાં આવ્યો હોત તો, સંભવ છે કે, પોતાના વાજબી હક્ક કરતાં વધારે આશા રાખનારો એક અથવા બીજો ફીરકો એમ પણ કહેત કે 'અમે ફસાયા; આ કરતાં કોર્ટ અને ઉપરી કોર્ટ દ્વારા ઇનસાફ લીધો હોત તો અમે જરૂર ફાવત.' કુદરતનો નિયમ છે કે દિવસની કિમત રાત વગર, સુખની કિમત દુઃખ વગર અને સારાની કિમત ખરાબ વગર થતી જ નથી. સારા નશીબે મ્હારી 'અપીલ'ની શરૂઆત પહેલાં લાંબા વખત ઉપર શ્વેતામ્બરોએ દિગમ્બરો વિરૂદ્ધ હજારીબાગના એડીશનલ સબોર્ડીનેટ જજની કોર્ટમાં માંડેલા દાવાનું જજમેંટ, મ્હારી અપીલ પ્રગતિના તબકકામાંથી પસાર થઇ મંદતાના તબક્કામાં દાખલ થઇ તે વખતે–એટલે કે નવેમ્બરમાં—જાહેર થયું. આ જજમેંટે બન્ને પક્ષને 'માયા' કરી છે. 'માયા' તે ચીજ છે કે જે વસ્તુતઃ દુઃખદાયક હોવા છતાં બહારથી મીઠી લાગે અગર મીઠી માનવામાં આવે. હજારીબાગની હવા ખાવા ગયેલા શ્વેતામ્બર દિગમ્બરોને પણ એ હજારી નહિ પણ ત્રણલાખી (કારણ કે એ હવા ખાવાની ફી ત્રણ લાખથી ઓછી બેઠી નથી!) બાગે એવી તો માયાભરી હવાનો સ્વાદ ચખાડી દીધો છે કે જેને લીધે બન્ને ફીરકાઓ દુનિયાના સ્ટેજ પર પોતાના વિજયની ખુશાલીના કૂદકા મારવા લાગ્યા છે, જો કે હૃદયના સ્ટેજ પર તો બન્નેના પરાજયનાં અશ્રુની બે ધારાઓનો 'સંગમ' થયો છે. બન્ને પક્ષની માગણીઓ રદબાતલ થઇ છે એમ ત્હેમનાં હૃદય કહે છે, જો કે બહારથી જીતનાં નગારાં પણ બન્ને પક્ષ વગાડે છે.

શ્વેતામ્બરોએ એટલે સુધી દાદ માંગી હતી કે સઘળી માલેકી જ ત્હેમની છે અને ત્હેમના સિવાય ત્યહાં કોઇ પૂજન કરી શકે નહિ; પરંતુ કોર્ટે ફરમાવ્યું કે, ૨૧ ટુંકો ઉપર તો પૂજન કરવાનો દિગમ્બરોને હકક છે. અને દિગમ્બરોનો જળમંદિર તથા ધર્મશાળાનો હકક ઉડી ગયો છે, જો કે દિગમ્બર 'જૈન પ્રભાત' પત્રના સમ્પા-

ઢક ગયા કાર્તિકના પોતાના અંકમાં પોતાના અગ્રેસરોને સુલેહની અપીલ નહિ માનવા માટે સખ્તમાં સખ્ત શબ્દોમાં ઠપકો આપનારા પોતાના લેખમાં ખુલ્લું કહે છે કે હેમણે પોતે જલમંદિરમાં દિગમ્બર મૂર્તિની પૂજા કરેલી છે અને ઈન્દોર હાઇકોર્ટના જજ શ્રીયુત જુગમંદિરલાલજી જૈની એમ. એ., બાર-ઍટ-લૉ એ પણ ત્રણ વાર " જલમંદિરમાં દિગમ્બર મૂર્તિઓની પૂજા કરી છે," એટલું જ નહિ પણ ગુમાવેલા હકકવાળી ચારે ટુંક ઉપર કાંઇ પણ રોકટોક વગર ત્રણ ત્રણ વાર પૂજા કરી છે. આ પ્રમાણે પૂજાનો હકક ગુમાવવા ઉપરાંત પ્રતિવાદી દિગમ્બર સમાજ ઉપર વાદી શ્વેતામ્બર સમાજના ખર્ચનો અડધો બોજો પણ કોર્ટે નાખ્યો છે.

આથી સહજ સ્હમજાશે કે બન્ને પક્ષ હાર્યા છે અને દીલમાં તો પસ્તાય છે. તથાપિ અહીંતહીંથી ધીમો અવાજ સંભળાય છે કે, બન્ને અપીલની ઇચ્છા રાખે છે. હું નથી ધારતો કે, કોર્ટનાં પરિણામોનો સ્વાદ ચાખ્યા પછી પણ આ બે બુદ્ધિશાળી ફીરકાના અગ્રેસરો એવી જ ભૂલ ફરીથી કરવા તૈયાર થાય. લાખો રૂપીઆના ખર્ચ ઉપરાંત, આગેવાનોના લાખોની કિંમતના સમયની બરબાદી થવા ઉપરાંત, ટંટો લંબાયાના પરિણામે બે બંધુકોમોનાં દીલ પણ એકબીજાથી વધુ ને વધુ દૂર હઠતાં જાય છે, કે જેને પુનઃ જોડવામાં ઘણો વખત અને શ્રમ લાગશે. અને એટલું થતાં પણ બન્ને ફીરકાને સંતોષ મળે એવો ન્યાય કોર્ટમાંથી મળવાનો નથી જ. હજી હું એકવાર ફરીથી બન્ને ફીરકાના ધર્માત્મા અને બુદ્ધિશાળી નેતાઓને અરજ કરૂં છું કે, શિખરજી તેમજ બીજાં તીર્થોને લગતા ઝગડાનો નીકાલ બન્નેની પસંદગીથી નીમાયલા પ્રજાકીય આગેવાન પાસે લેવા તજવીજ કરવી. મ્હારા એ પ્રયાસને નવું જોર આપતું એ બન્ને ફીરકાના સુજ્ઞ શ્રાવકો, શેઠીઆઓ, મુનિવરો અને વિદ્વાનોની ફરજ છે અને મ્હને હજી વિશ્વાસ છે કે તેઓ પોતાની ભલી બુદ્ધિનો અને લાગવગનો સદુપયોગ કર્યા વગર નહિ જ રહે.

છેવટે એક જ વાત ફરીથી યાદ કરાવવા રજા લઇશ કે—

**જેઓને સ્વરાજ્ય જેવા મહાન રાજકીય હકકોની ગરજ હોય ત્હેમણે પોતાની અંદરના ટંટા પતાવી જાણવા જેટલી** તો લાયકાત અવશ્ય બતાવવી જોઇએ છે.

અને

બેની લડાઈમાં હમેશ ત્રીજો જ ફાવે છે.

તથા

ધર્મને નામે કલહ કરવા જેવી અધર્મ પ્રવૃત્તિ હમેશ આત્મઘાતી છે.

(૭)

## હજારીબાગના જજમેંટ પછી જાહેર છાપાં અને વજનદાર લોકનાયકો શું બોલે છે ?

(૧) ડિસેમ્બરના છેલ્લા અઠવાડીઆમાં લખનૌ ખાતે 'હીંદી પ્રજાકીય કૉન્ગ્રેસ'ના પ્રસંગે જૈનના સઘળા ફીરકાની સામેલીઅતથી 'ઑલ ઇન્ડિઆ જૈન કૉન્ફરન્સ' મળી હતી, જેનું પ્રમુખપદ જાણીતા દિગમ્બર વિદ્વાન શ્રીયુત માણેકચંદ જૈન બી. એ. એલ્ એલ્. બી. વકીલ ( ખંડવાનિવાસી )ને આપવામાં આવ્યું હતું. ત્હેમણે સમ્મેદશિખરના કેસ તથા મ્હારી હીલચાલ સંબંધે પોતાના સ્વતંત્ર વિચારો નીચે મુજબ જણાવ્યા હતા:—

" हमारी भिन्न भिन्न संप्रदायोंमें इस एकता व सदुद्योग स्थापित करनेके हमारे पवित्र कार्यके मार्गमें कुछ कारण ऐसे हैं जो सदा बाधाओंके रूपमें उपस्थित रहते हैं और जिनमें हमारे तीर्थक्षेत्रोंके संबन्धके झगडे ये एक प्रधान कारण हैं। प्यारे भाइयो, क्या आप इस बातको स्वीकार नहीं करेंगे कि हमारे पवित्र तीर्थक्षेत्रोंके संबन्धमें तीर्थंकर भगवानके हम सब अनुयायियोंको इस प्रकार लडते रहना हमारे लिये बहुत भारी लज्जाका कारण है? इन झगडोंको लेकर हम न्यायालयोंमें अभियोग उपस्थित कर अपने द्रव्यका तथा अपनी शक्तिका जो नाश करते हैं क्या हमारे समान शांतिप्रिय जातिके लिए यह शोभाका कारण हो सकता है? क्या इन झगडोंसे हमारे बीचमें परस्पर वैमनस्य बढकर हमारे सार्वजनिक सदाचारको हानि नहीं पहूँचती ?

"अभियोग या मुकद्दमा लडनेको व्यक्तियोंका युद्ध जो कहा गया है यह बिलकुल ठीक है। इस प्रकार आपसमें लडना, तीर्थक्षेत्रोंके संबन्धमें कल्पित सत्त्वोंका निष्पादन अथवा उनकी रक्षा करनेके भ्रममें अपनी शक्तिका नाश करना, यह हमारे सभ्य होनेमें निश्चयमेव सन्देह पैदा करता है। यदि हम सभ्य होनेका दावा रखते हैं तो हमें चाहिए कि हम अन्य उचित मार्गों द्वारा अपने झगडोंका निपटारा करें। सत्त्वसंबन्धी झगडोंका निर्णय न्यायालयमें जानेकी अपेक्षा अन्य उपायसे यदि हो सके तो उस उपायसे काम न लेकर एकदम सीधे न्यायालयका मार्ग धारण करना सर्वथा अनुचित है। +

" हालहीमें नीचेकी अदालतने जो फैसला कर दिया है संभव है कि उसके विपरीत दोनों ओरसे अपीले की जाँय; इसलिए इसी अवसर पर हमें प्रयत्न करना चाहिए कि ऐसा न किया जावे। * * यह जान कर संतोष होता है कि इस प्रकारके प्रयत्नका आरंभ कर दिया गया है। इस प्रयत्नके करनेवालोंको—विशेष कर हमारे प्रसिद्ध धर्मबंधु श्रीयुत वाडीलाल मोतीलाल शाहको—जितना हम धन्यवाद दें कम है; परन्तु ऐसा न करके कुछ सज्जन पुरुषोंने उनका उद्योग निष्फल करनेकी चेष्टा की है, व उन्हे बुरी इच्छासे यह उद्योग करनेका अपवाद लगाया है। श्रीयुत वाडीलालजीने इन अभियोगोंको तय करानेके लिए जो उपाय बताया है संभव है कि हमे वह उचित न जान पडे, परन्तु अपना मत- भेद प्रकट करनेके लिए यह आवश्यक नहीं था कि उन्हे मिथ्या अपवाद लगाया जाय तथा उन्हे व उनके सहायकोंके प्रति कुशब्दोंका प्रयोग किया जाय। उन लोगोंको छोडकराकि जिनको इन अभियोगोंसे प्रकट

अथवा अप्रकट रूपमें लाभ पहुँचता हो क्या कोई यह कहनेको तैयार है कि यदि अन्य किसी उपायसे इन अभियोगोंका अंत किया जासके जो दोनो पक्षवालोंको स्वीकृत हो तो वह हमारे लिए अभिनन्दनीय न होगा ?, तब फिर क्या यह उचित था कि इसके लिये जो उद्योग किया गया उसका इस प्रकार विरोध किया जाय ? प्रिय प्रतिनिधिगण, क्षमा कीजिए। मेरी सम्मतिमें भी श्रीयुत वाडीलालजीने जो उपाय बताया है वह उचित नहीं जान पड़ता। मेरा अनुभव है कि अभियोग लडनेवालोंको धर्म व नीतिका उपदेश करनेसे—Councels of perfection देनेसे—वे लड़ना नहीं छोड़ते। मैं यह माननेके लिए तैयार नहीं हूं कि प्रत्येक दशामें न्यायालयद्वारा निर्णय करानेकी अपेक्षा माध्यस्थों द्वारा निर्णय कराना उत्तम है, और मेरे विचारमें शिखरजी संबन्धी इन अभियोगोंका निर्णय न्यायालयद्वारा अथवा मध्यस्थोंद्वारा करानेमें अधिक अंतर नहीं। परन्तु इसका अर्थ आप यह न समझें कि मैं न्यायालयमें प्रिवीकौंसिल तक लड़ते रहनेकी सम्मति दे रहा हूं। मेरे विचारमें इन अभियोगोंका निर्णय करनेका सबसे उत्तम उपाय यह होगा कि इनका आपसहीमें निर्णयद्वारा—Amicable settlement द्वारा—अंत किया जाय। इस प्रकारका निर्णय दोनों बाजुओंकी सम्मतिके साथ होनेके कारण दोनोंको संतोषदायक होगा। इसके लिए यह आवश्यक है कि दोनों ओरकी सम्मतियोंका परस्परमें परिवर्तन कराया जाय। हमें चाहिए कि हम एक ऐसी प्रभावशाली कमेटी नियुक्त करें जिसके कुछ सभासद दोनों संप्रदायोंके निष्पक्ष व्यक्ति हों तथा विश्वसनीय अन्यमती भी सभासद हों। यह कमेटी दोनों

पक्षोंके मुखियाओंके साथ परामर्श करके उनकी सम्मतियाँ जानकर तस्फियेकी शर्तें निश्चित करावे। यदि ऐसा किया जायगा तो मेरी समझसे इन झगडोंका निपटारा होनेकी बहुत कुछ आशा है।+×"

***

શ્રીયુત બાબુ માણેકચંદજીના અભિપ્રાયને, બીજા સઘળાઓના અભિપ્રાયો કરતાં હું વધારે વિચારણીય માનું છું; અને તે એક કારણથી: કોર્ટ દ્વારા ઈનસાફ માગવાની ઘેલછા વિરૂદ્ધ પોકાર કરવામાં તેઓ મ્હારા અભિપ્રાયથી સહમત છે તથાપિ-અને મ્હારા આશય તથા શ્રમ માટે તેઓ ખુલ્લા શબ્દોમાં ઉંચો મત જાહેર કરે છે તો પણ—એક સ્વતંત્ર વિચારકને છાજતી હિમતથી તેઓ આગળ જતાં મ્હારા વિચારથી જૂદા પડીને બેધડક કહે છે કે "प्रिय प्रतिनिधिगण, क्षमा कीजिए; मेरी सम्मतिमें भी श्रीयुत वाडीलालजीने जो उपाय बताया है वह उचित नहीं जान पडता." ધન્ય છે બન્ધુ માણેકચંદજીની સ્પષ્ટ કથન કરવાની વૃત્તિને! જ્યહાં સુધી આપણા લોકો આ ગુણ ન શિખે ત્યહાં સુધી તેઓ પ્રગતિ કરી શકે એવી આશા વ્યર્થ છે. એક માણસના એક ગુણથી મોહીને ત્હેનામાં સર્વ ગુણો આરોપવાની—માની લેવાની 'નબળાઇ' હિંદની ઘણીખરી કોમોમાં જોવામાં આવે છે. જેના તરફ આપણને માનની લાગણી હોય ત્હેનામાં પણ કોઇ જાતનો દોષ કે ભૂલનો સંભવ તો હોય જ; માટે માનની લાગણી સાચવીને પણ દોષ કે ભૂલ જાહેર કરવી એ જ પ્રગતિપ્રિય મનુષ્યોનું કર્ત્તવ્ય છે. અસ્તુ, બાબુ માણેકચંદજીએ એક વગવાળા મેળાવડાની વચ્ચે અને સભાપતિ તરીકે મ્હારી હીલચાલમાં (પોતે માનેલી) ભૂલ સૂચવી તે માટે હું ત્હેમને ધન્યવાદ આપું છું; પરન્તુ તે સાથે મ્હારે એ પણ કહી લેવું જોઇએ છે કે: "ભૂલ કે વગર ભૂલ—એ જ માર્ગ મ્હને (અન્ય ઘણા માર્ગો પર તુલનાત્મક વિચારની આખરે) કારગત જણાયો અને તેથી જ મ્હેં ત્હેને સ્વીકાર્યો." આ જવાબ સંબંધે વિશેષ ખુલાસો કરવાથી હિતને બદલે અહિતનો વધારે સંભવ હોવાથી હું હમણાં મૌન જ જાળવીશ.—એટલું તો વિના હરકત કહી શકીશ કે, સભાપતિ મહોદય સૂચવે છે તેમ બન્ને ફીરકાના સજ્જનોની કમીટીદ્વારા

સમાધાનનો માર્ગ કહાડવામાં આવે એ સર્વોત્તમ રસ્તો છે અને મ્હારી અપીલની 'ડ્રાફ્ટ' નકલમાં મ્હેં એ જ માર્ગ પ્રથમ સૂચવ્યો હતો, પરન્તુ બન્ને ફીરકાના સંખ્યાબંધ ગૃહસ્થોની (તે પર દસ્કત આપવાની અરજ કરવા માટે) મુલાકાત લેતાં જે જે વિચારો મ્હારા સાંભળવામાં આવ્યા અને તેથી સુલેહના રસ્તાંમાં જે જે મુસ્કેલીઓ મ્હારા જોવામાં આવી તે સર્વનો ઉંડો વિચાર કરતાં મ્હને એક જ માર્ગ કાર્યસાધક જણાયો અને તે એ જ કે જે મ્હેં મ્હારી 'અપીલ'માં પ્રગટ કર્યો છે. મ્હારી અપીલનો એકએક શબ્દ લક્ષપૂર્વક વાંચવાથી સ્હમજાશે કે સુલેહના જેટલા રસ્તા જૂદીજૂદી વ્યક્તિઓ તરફથી સૂચવાઈ શકે તે સર્વનો તે એક રસ્તામાં સમાવેશ થઇ જાય છે. માત્ર આટલી વાત ધ્યાનમાં રાખવાથી દરેક વ્યક્તિને પોતાના પ્રશ્નનો મુંગો ઉત્તર મળી જશે કે, મ્હેં એવા ગૃહસ્થ કે ગૃહસ્થોને કેસ સોંપવાનું સૂચવ્યું છે કે જે (૧) કાનુન જાણતા હોય, (૨) ધર્મપર પ્રીતિ ધરાવતા હોય, અને (સૌથી વિશેષ તો) પ્રજાકીય આગેવાન હોય (અર્થાત્ દરેક પ્રશ્ન પર **હિંદના હિતની દૃષ્ટિથી** વિચાર કરનાર અથવા 'હોમ-રૂલર' હોય). કહેવાની જરૂર નથી કે **એવી** વ્યક્તિ—દેખાવમાં ગમે તે ધર્મની હોય તો પણ—વાસ્તવમાં '**જૈન**' જ છે અને **જૈન** ધર્મ તથા **જૈન** સમાજની શાન્તિ તથા હિતને આઘાત ન લાગે એવી રીતનો જ ઈનસાફ કરે એ સ્વાભાવિક છે. એ પણ ધ્યાનમાં રહેવું જોઇએ કે, પ્રજાકીય આગેવાનને ઇનસાફના કામમાં મદદ કરવા માટે બન્ને પક્ષના ચુંટાયલા અગ્રેસરોની કમીટી સોંપવી હોય તો તે પણ કાંઇ મ્હારી સૂચનાને બાધાકારક નથી. એમ કરવું કે ન કરવું અને કરવું તો ચુંટણી કયા ધોરણથી થવી જોઇએ, એ સર્વ બાબતનો નિર્ણય કરવાનું કામ તે બન્ને **પક્ષોનું** છે. હું જો 'અપીલ'માં સર્વ બાબત પર **અમુક નિર્ણય** જાહેર કરૂં અને તે નિર્ણયને **સ્વીકારવા** સમાજને અરજ કરૂં તો, મ્હને ડર છે કે, એ એક **ધૃષ્ટતા** ગણાય. હું માનું છું કે એવો મ્હને **અધિકાર** હોઇ શકે નહિ; અને એવો અધિકાર "લઇ પડું" તો પણ તેથી સુલેહ તરફ સમાજને વાળવાના પ્રયત્નને લાભને બદલે હાનીનો સંભવ વધારે છે. દાખલા તરીખે 'અપીલ'માં મ્હેં માત્ર **સૂચના** તરીકે લખ્યું હતું કે "બન્ને પક્ષ તરફથી પસંદ કરાયલા એક કે વહુ પ્રજાકીય આગેવાનો (**દાખલા તરીકે** લોકમાન્ય ગાંધી)ને લવાદ નીમવા × ×"

હવે જો કે " આમાં મ્હેં કાંઇ ગાંધી મહાશયને જ નીમવા એવી શરત (condition) રજુ કરી ન હતી, માત્ર 'પ્રજાકીય આગેવાન' એટલે શું એ સામાન્ય ગણને સ્હમજાવવા માટે એવી એક વ્યક્તિનું નામ ઉદાહરણ તરીકે લખ્યું હતું, તથાપિ કેટલાક આગેવાન જૈનોએ મ્હને જણાવ્યું હતું કે, એ જ વ્યક્તિને નીમવામાં આવશે તો તેઓ પોતાની સહી પાછી ખેંચી લેશે; બીજાઓએ વળી અન્યાન્ય લોકનાયકો બાબતમાં વાંધો દર્શાવ્યો હતો. આ દરેકની સમજ ઉપર ટીકા કરવા બેસવાથી સુલેહનું કામ બીગડવા સંભવ છે; અને તેથી હરકોઇ રીતે પ્રથમ તો સઘળાઓને સુલેહ કરવા બાબતમાં અને લવાદ નીમવા બાબતમાં જ એકમત બનાવવાનો પ્રયાસ સેવવો એ જ મ્હને ડહાપણ લાગે છે. એટલી Rough scheme પર સર્વેની સહાનુભૂતિ મળી ગયા પછી વિગત પર વિચાર કરવાનું કામ તો બન્ને પક્ષના ગૃહસ્થોની એક સભા મળીને મુકરર કરે, અને તે પછી લવાદ પોતાનું કામ શરૂ કરે. હું ધારૂં છું કે, આટલો ખુલાસો લખનૌમાં મળેલી 'ઑલ ઇન્ડિઆ જૈન કૉન્ફરન્સ'ના વિદ્વાન અને સ્વતંત્ર પ્રમુખ મહાશયને પુરતો સંતોષ આપનારો થઇ પડશે અને એમના મતના અન્યાન્ય મહાશયોને પણ પોતાના મનમાંની શંકાનું સમાધાન મળી જશે. ( વાંચો આ અંકના પૃષ્ટ ૨૮ નો પહેલો પૅરૅગ્રાફ.)

આ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે, જ્યહાં સુધી હાલમાં ચાલી રહેલા ઝગડાનું નિરાકરણ થયું નથી ત્યહાં સુધી બન્ને પક્ષની એકત્ર કમીટી હમેશને માટે ઝગડાઓનો નીકાલ કરવા માટે નીમવા બન્ને કોમો તૈયાર થાય એવો સંભવ ઓછો લાગે છે. હાલ તો બન્ને ફીરકાઓ એક બીજા પ્રત્યે ધૃણાની અને અવિશ્વાસની નજરથી જુએ છે તે સત્ય હકીકત છૂપાવવી જોઇતી નથી. તેઓમાં પરસ્પર વિશ્વાસ અને પ્રેમ ઉત્પન્ન થતા સુધીમાં અજૈન પ્રજાકીય આગેવાનો દ્વારા કામ લેવામાં જ ડહાપણ છે અને એ પ્રજાકીય આગેવાનોના હાથ નીચે કામ કરવા માટે, પોતપોતાના હકોના રક્ષણની દરકાર વાળા બન્ને ફીરકાઓ પોતપોતાના આગેવાનોની નીમણુક કરવાનો આગ્રહ કર્યા વગર પણ નહિ જ રહી શકે એ પણ ભૂલવું જોઇતું નથી. એક વખત આવી રીતે બન્ને ફીરકાના આગેવાનો એક કમીટીના રૂપમાં એકઠા મળશે તો કોઇક દિવસ એ કમીટી સ્થાયી 'સંયુક્ત જૈન શાન્તિરક્ષક કમીટી' નું રૂપ પણ લેશે. અત્યારે તો

"ગામમાં પેસવાની મુશ્કેલી, ત્હાં પટેલને ઘેર ઉનાં પાણી મૂકાવવાં" જેવું થાય છે! એક સુંદર લેખ વડે કે એક છટાદાર ભાષણ દ્વારા **ઉત્તમોત્તમ** માર્ગનું **સૂચન** માત્ર કરવાથી કાંઇ સમાજનો દિવસ ઉઘડી જવાનો નથી. 'ઉત્તમોત્તમ'ને દૃષ્ટિબિન્દુ તરીકે રાખીને, આજના સંયોગોમાં જે કાંઇ મધ્યમ માર્ગ સંભવિત જણાય તેવો **વ્યવહારૂ** (practical) માર્ગ જ ગ્રહણ કરવો જોઇએ. હું કહું છું કે, તેવો વ્યવહારૂ માર્ગ '**ગ્રહણ કરવો** જોઇએ'–નહિ કે માત્ર **બતાવવો** જોઇએ. '**ભારત** જૈન મહામંડલ' અને હેના પ્રમુખવર્યો હમેશ ત્રણે ફીરકાની વ્યવહારૂ એકતાની તરફદારી કરે છે (અને એવી મોઢાની તરફદારીની પણ આ કમનશીબ જૈન કોમને અત્યારે તો ઘણી જ જરૂર છે એ પણ હું સ્વીકારીશ), પરન્તુ તેર ચૌદ લાખની જૈન કોમમાંથી પાંચ દસ માણસો પણ **બોલવા** માત્રથી સંતુષ્ટ નહિ રહેતાં **કરવા** બહાર ન પડે તો શું એ જૈન કોમ માટે ઓછું લજ્જાસ્પદ છે? 'ભારત જૈન મહામંડલ'નો હું પ્રશંસક હોવા છતાં કહીશ —અને મ્હને કહેવું જ પડશે—કે આ રસ્તાની તરફદારી કરવા છતાં એ રસ્તે કાંઇ નોંધવા જોગ **પુરૂષપ્રયત્ન** તેણે સેવ્યો હોય એમ મ્હારા જાણવામાં નથી. શું એ મંડલના બે ત્રણ વગવાળા સભ્યો મ્હારી સાથે અથવા મ્હારા વગર જ એક ડેપ્યુટેશનના રૂપમાં આગેવાન જૈનોની મુલાકાત લઇ હેમને લવાદ તરફ વાળવાનો પ્રયત્ન ન સેવી શકે? આગેવાનોનો મ્હોટો ભાગ તો છાપાં વાંચવાના શોખ વગરનો છે, ભાષણોની દરકાર વગરનો છે, એટલું જ નહિ પણ એમની આસપાસ ઘણેભાગે સ્વાર્થી કે જીદ્દી 'પોથાં પંડિતો'નું સર્કલ મધમાખીઓની પેઠે લાગેલું જ હોય છે કે જે હેમના દીલમાં ક્વચિત્ આવતા સારા વિચારોને પણ દબાવી દે છે. આ સંજોગોમાં એક જ માર્ગ ખુલ્લો છે અને તે એ કે જેમના શબ્દોની કાંઇ અસર પડે એવા ૪–૫ ગૃહસ્થાએ બન્ને પક્ષના સત્તાધારી આગેવાનોને મળવું જોઇએ અને કેટલીક બાબતોમાં છૂટછાટ મૂકીને તથા અપમાન પણ સહીને હેમને પોતાના વિચારની તરફ વાળવા કોશીશ કરવી જોઇએ. અને આ જાતનો પ્રયાસ **પુરતા પ્રમાણમાં** કરવા **છતાં** કોઇ રીતે સત્તાધારીઓ મચક ન આપે તો પછી 'ભારત જૈન મહામંડલ' જેવા કોઇ મંડલે માથું ફેરવીને—જો પોતામાં પાણી હોય તો—સત્તાધારીઓ વિરૂદ્ધ લોકોને વાજબી રીતે ઉશ્કેરીને તથા કાયદ-

દાની મદદથી એ સત્તા છીનવી લેવાની કોશીશ કરવી જોઇએ છે. ભાષણો અને લેખો માત્રથી જ કોઇ મહાભારત કામ પાર પડવાનું નથી એ હરહમેશ યાદ રાખવું જોઇએ છે. જૈન કોમની ઉન્નતિનો મુખ્ય આધાર એકતા ઉપર છે એમ જેઓ **ખરેખર** માનતા હોય ત્હેમણે બીજા સઘળા સુધારા અને હીલચાલોને થોડા વખત માટે મુલ્તવી રાખીને પણ એકતા માટે લડત પૂર જોશથી ચલાવવી જોઇએ છે;—અને એકતા ઉત્પન્ન કરવાનું પહેલું પગથીઉં તીર્થોના ઝગડાનો અંત લાવવાની કોશીશ છે.

એક વિશેષ મુદ્દો અને પછી હું અટકીશ. પ્રજાકીય આગેવાનોને લવાદ નીમવાની હીલચાલ જન્મ પામી ચૂકી છે, કેટલીક પ્રગતિ પણ કરી રહી છે: **એને પણ** તોડી પાડવાની હીલચાલ કલહપ્રેમીઓ તરફથી થઇ રહી છે; **તેવા વખતમાં** ખુદ સુલેહપ્રેમીઓના કૅમ્પમાં પણવિચારભિન્નતા ચાલે તો કાંઇ સંગીન કામ બનવાની આશા થોડી જ છે. 'ભારત જૈન મહામંડલ'ના પ્રમુખવર્ય અને અન્ય સભ્યો જો આજથી બન્ને ફીરકાના સભ્યોની સ્થાયી કમીટી દ્વારા સુલેહશાન્તિ ઉપજાવવાની **હીલચાલ** ઉપાડી લેવા ખુશી હોય તો હું એમને હજારો ધન્યવાદ દેવા સાથે મ્હારી હીલચાલ બંધ કરવા તૈયાર છું. જૈન સમાજને જરૂર છે **શાન્તિની**; તે કોના વડે અને કઇ યોજનાથી મળે છે તે જોવાનું કામ નથી. "દહીં-દૂધનું કામ છે; પાડાપાડી સાથે લેવા દેવા નથી." પરંતુ કોઇ પણ કામ એક **નિશ્ચયને** સત્ય તરીકે માની લીધા વગર અને ત્હેના ઉપર સમ્પૂર્ણ શ્રદ્ધા રાખીને લાગી પડયા વગર ફતેહ પામતું જ નથી. 'સમ્પૂર્ણ સત્ય' એવી કોઇ ચીજ હયાતીમાં નથી; સ્યાદ્વાદ શૈલિ માત્ર ફીલસુફીની ચર્ચા પુરતીજ કામની છે; જીવનમંત્ર તરીકે તો એક જ સિદ્ધાંત કામ લાગે તેવો છે અને તે એ કે, એક 'સત્ય' 'માની લ્યો' અને એ પાછળ લાગ્યા રહેવામાં જ 'મજા' માનો. જે પ્રયત્નને અશુદ્ધાશયી મનુષ્યો તોડી પાડવા કમર કસી રહ્યા છે, અને જેના ઉપર શુદ્ધાશયી મનુષ્યો પણ સમ્પૂર્ણ શ્રદ્ધાના જળનું સિંચન કરી શકતા નથી, તે પ્રયત્ન રૂપી વૃક્ષ કેવી રીતે ઉછરવાનું હતું? જે લશ્કરને આજ્ઞા કરનારો એક **નેપોલીઅન** જ હતો તે લશ્કર શ્રદ્ધાના બલથી એવું અજીત બન્યું હતું કે ત્હેનાથી આખું યુરપ ધ્રુજતું હતું. એક 'કૅમ્પ'માં બે મત ન જ જોઇએ. **हितकरतर** (*More* beneficial) અને **हितकरतम**

( *Most* beneficial ) ની ચર્ચા કે જેનો જન્મ 'શંકા' માંથી જ થાય છે તે અમારે નથી જોઇતી; અમુક પગલું **હિતકર** છે એટલો જ નિર્ણય ( અને તે પણ પગલું ભરવા અગાઉ ) બસ છે. અને પછી એને જ સર્વોત્તમ માનીને એની પાછળ સર્વ પ્રકારના આત્મભોગ આપવા તૈયાર થવું જોઇએ. કાર્ય ( action ) ઘણી વખત ન્યાયશાસ્ત્રની જંજાળ (logic) થી ખુવાર થાય છે. સમર્થ પુરૂષો કાર્ય (action)ના જ પ્રેમી હોય છે અને logic ને એક ગરીબ સાધન માત્ર ( poor instrument ) માને છે. હું ઇચ્છું છું કે 'ભારત જૈન મહામંડલ'માંથી એકાદ બે પણ સમર્થ પુરૂષો બહાર પડે કે જેઓ કાંઇ 'કાર્ય' કરવામાં 'મઝા' લે.

V. M. Shah.

---

(૨) 'જૈન પ્રભાત' પત્ર મ્હારી અપીલની વિરૂદ્ધમાં હીલચાલ કરનાર દિગમ્બરોની ઝાટકણી કહાડે છે અને દિગમ્બર સમાજને ચેતવે છે કે કોર્ટ દ્વારા ઇનસાફ મેળવવાનો આગ્રહ કરનારાઓની સલાહ સમાજને નુકસાનકારક જ થઇ પડી છે અને પડશે; માટે હજીએ વખતસર ચેતીને દેશોદ્ધારક પ્રજાકીય અગ્રેસરોને લવાદ નીમી સઘળા ટંટાનું સમાધાન કરાવવા તૈયાર થવું એ જ ડહાપણભરેલું છે."

* * *

આ પત્રે આગેવાનો સંબંધમાં જે કાંઇ લખ્યું છે તે બાબતમાં કાંઇ પણ ટીકા કરવાથી મ્હારે પરહેજ રહેવું ઘટે છે. જે સુલેહ બન્ને પક્ષને પસંદ નથી તે સુલેહ તરફ ત્હેમનામાં પ્રેમ ઉત્પન્ન કરાવવાનું મ્હારૂં કામ અતિ બારીક અને ગુંચવાડાભર્યું છે અને તે કામની સફલતા માટે મ્હારે લાગણીઓને અંકુશમાં રાખીને વર્ત્તવું જોઇએ છે. પરંતુ હું પ્રજાકીય આગેવાન દ્વારા ઇનસાફ મેળવવાની રીતના લાભ બતાવવા ખાતર આ સ્થળે 'નેશનલ કૉન્ગ્રેસ' ને લગતી થોડીક હકીકત રજુ કરીને તે પર બન્ને જૈન ફીરકાના અગ્રેસરોનું લક્ષ જરૂર ખેંચીશ. પ્રથમ તો એ કે, કૉન્ગ્રેસ કેટલાંએ વર્ષોથી સ્વરાજ્યની વાતો કરી રહી હતી, પરન્તુ ખુલ્લા શબ્દોમાં સ્વરાજ્યની માગણીનો ઠરાવ કરી શકી નહોતી. 'મૉડરેટ' અને 'ઍક્ષ્ટ્રીમીસ્ટ' એવા બે પક્ષોનું યુદ્ધ કૉન્ગ્રેસના દળને નિર્બળ બનાવી રહ્યું હતું. એ 'સીવીલ વૉર' નો અંત ત્યહારે જ આવ્યો કે જ્યહારે **હિંદ બહારની એક**

વ્યક્તિ ત્હેમાં જોડાઇ અને બન્નેને જોડનાર સાંકળ રૂપ થઇ પડી. તે વ્યક્તિ વિદુષી બાઇ એની બિસેંટ છે, જેણે નરમ અને ગરમ દળના આખા હિંદના જૂદાજૂદા ભાગોમાં રહેતા અગ્રેસરોને મળીને, ગમે તેમ સ્હમજાવીને, કાલાવાલા કરીને, યુક્તિપ્રયુક્તિ કરીને એકત્ર કર્યા અને આજ સુધી અસંભવિત લાગતું કામ લખનૌ કૉન્ગ્રેસમાં પ્રત્યક્ષ બનેલું જોવામાં આવ્યું: લખનૌ કૉન્ગ્રેસમાં મૉડેરેટો અને ઍક્ષટ્રીમીસ્ટો એકઠા મળી સર્વનો એક 'નેશનાલીસ્ટ' નામનો 'ઢાળીઓ' બન્યો! હવે બિસેંટબાઇ હોય કે ન હોય તો પણ આ એકરસ થયેલો ઢાળીઓ એવોજ રહેવાનો; કારણ કે બન્ને ધાતુઓ એક બીજામાં ઓતપ્રોત થઇ ગઇ. જૈનના બે ફીરકાઓ આ પોતાની આંખ આગળ બનેલો તાજો દાખલો ધ્યાનમાં રાખીને તે પરથી ધડો લઇ ત્હેનો લાભ શું નહિ ઉઠાવે? (૨) હિન્દુ-મુસલમાનો વચ્ચે એકતા થાય એ કેટલાક સ્વાર્થીઓને પસંદ ન હતું અને તેથી ગઇ સાલની મુંબઇ ખાતેની 'મોસ્લેમ લીગ'માં તોફાન જગાડવામાં આવ્યું હતું.એકજ વર્ષ બાદ લખનૌમાં કૉન્ગ્રેસ અને મોસ્લેમ લીગનો પવિત્ર હસ્તમિલાપ અને તે પણ લગ્ન જેવોજ મજબૂત થઇ ગયો! આ વસ્તુસ્થિતિ ઉત્પન્ન કરવા માટે કૉન્ગ્રેસના હિંદુ આગેવાનોએ મુસલમાન ભાઇઓની કાંઇક વધુ પડતી માગણીઓનો ઉદાર દીલથી સ્વીકાર કર્યો હતો. જૈન ભાઇઓ! શિખો કે પોતપોતાના હિતની જ દરકાર કરવાથી પોતાનું હિત જાળવી શકાતું નથી, પણ બીજાના હિતનું બહુમાન કરવાથી જ પરિણામે પોતાનું હિત જળવાય છે. હકકો અને મોક્ષનો ઇજારો ઇચ્છનારા બે ફીરકામાંનો હરકોઇ પણ એક ફીરકો જો (જેમ પોતાના ઉપયોગની ચીજ બીજાને આપી દેવામાં પરિણામે પોતાનું જ હિત સધાયું માને છે તેમ) તીર્થને લગતા સઘળા હકકો બીજા ફીરકાને પોતાની મેળે જ સમર્પણ કરવા હસતા મુખડે બહાર પડે, તો શું તે બીજો ફીરકો પેલા ફીરકાની આવી ભલમનસાઇ અને પોતાની સ્વાર્થ વૃત્તિ વચ્ચે મુકાબલો કરવા અને શરમાઇ નીચું મ્હોં કરવા તૈયાર ન થાય? અને તેથી શું બન્નેના હકકો અને બન્નેનું મોક્ષ નિશ્ચિત-નિર્ભય ન બને? આ સ્થળે લોકમાન્ય તિલક મહાશયના શબ્દો ટાંક્યા વગર મ્હારાથી રહી શકાતું નથી. 'હિંદુઓએ મુસલમાનો માટે વધારે પડતી નરમ દોરી મૂકી' એવી ટીકા જ્યહારે કેટલાક હિતશત્રુઓ તરફથી કરવામાં આવી ત્યહારે હિંદુ

સમાજના પ્રતિનિધિ તરીકે તે સમર્થ દેશભક્તે હિંદુ—મુસલમાનોના મ્હોટા સમૂહ વચ્ચે જણાવ્યું કે, "મુસલમાનોના હક્કમાં અમો હિંદુઓ જેટલી નરમ દોરી મુકીએ તેટલી ઓછી જ છે, પુરતી નથી. સઘળા હક્કો મુસલમાનોને જ મળે તો પણ અમે હિંદી તરીકે ખુશી છીએ; કારણ કે હિંદુ તેમજ મુસલમાન આખરે તો હિંદી જ છે અને કોઇ રીતે હિંદના હાથમાં સત્તા આવે એમાં જ અમારૂં હિત છે." શ્વેતામ્બર અને દિગમ્બર જૈન ભાઇઓ! ત્હમારી 'આચાર્યો' અને 'પોથાં પંડિતો'ની ઉશ્કેરણીઓ રૂપી સાણસીમાંથી ત્હમારી જાતને છોડવી, ત્હમારી આસપાસ દેશમાં શું બની રહ્યું છે તે જોવા—સ્હમજવા જરા તો તૈયાર થાઓ અને તે સ્હમજને ત્હમારા હિતમાં ઉપયોગમાં લેવા જરાતો કોશીશ કરો. ધ્યાન રાખજો કે, માણસ જેમ જેમ ઉદાર દીલનો થાય છે તેમ તેમ વધારે સુખી થાય છે. દાનવીર શેઠ હુકમચંદજી સાહેબે બોર્ડીંગ, પાઠશાળા વગેરે પાછળ બેચાર લાખ રૂપીઆ પરનો મોહ ઉતાર્યો, તો પરિણામ એ આવ્યું કે થોડા જ વખતમાં એકાદ બે ક્રોડનો નફો થયો! સ્વાર્થત્યાગને પરિણામે સ્વાર્થસિદ્ધિ, જેમ રાત્રીની પછી દિવસ આવે છે તેમ, જરૂર આવે છે જ. જેઓ પોતાના ભાઇને ટાળીને પોતાના જ હક્કની દરકારમાં ગાંડાઘેલા બની રહે છે તેઓ ગમે તેટલા બલવાન હશે તો પણ પોતાના હક્કો ગુમાવી જ બેસવાના. આપવા તૈયાર થાઓ, તો કુદરત ત્હમને જ આપશે—અને વધારે આપશે. દાન અને ઉદારતાના ધર્મની પોકળ વાહવાહ કરનારા ભોળા જૈન ભાઇઓ! શું ધર્મ એ માત્ર વાતો કરવાની જ ચીજ છે કે? વર્ત્તન વખતે તો "ત્હારૂં મ્હારૂં સૈયારૂં અને મ્હારૂં મ્હારૂં આગવું" એવા જ ઘાટ ઘડો છો કે? અને એવી જાતના 'ધર્મ' વડે ત્હમે આ દુનિયામાં સુખ અને પરદુનિયામાં મુક્તિ મેળવવાની આશા રાખો છો કે? યાદ રાખજો કે કુદરતમાં કાંઇ પોપાબાઇનું રાજ્ય નથી. ત્હમારા ઉચ્ચારોની અને માન્યતાઓની નહિ પણ ત્હમારાં કાર્યોની જ ત્હહાં નોંધ રહે છે અને ત્હમારાં સ્વાર્થી કે સંકુચિત હૃદયથી કરાતાં કાર્યોનો બદલો ત્હમારા ગેરલાભમાં આપવાના રસ્તા કુદરત પાસે હજારો છે, કે જેની ત્હમને ખબર પણ નહિ હોય.

V. M. Shah.

(૩) 'જૈનગઝેટ'માં તે પત્રના વિદ્વાન અધિપતિ કે જેઓ એક કુશળ ધારાશાસ્ત્રી છે તેઓ લખે છે કે:—

"The Shikhar Sammed Suit which was instituted by Babu Maharaj Bahadur Singh, a Swetambar gentleman against some members of the Digambar sect, in November 1912, has been *decided after full four years.* Both parties have spent several lacs of rupees in the litigation alone, and the result is that the Court has declared that the Digambaries have no concern with the Jal-mandir, the central temple situated in the valley. Presumably, (the judgment has not yet been published), the learned Subordinate Judge has held that the *evidence of Digambar millionaires and Pandits who swore having offered worship to the Digambar images in the 2 side-rooms of the temple, was not reliable.* This is not the only ugly feature of the case. *The Court has also held,* it appears, *against the sworn testimony of Swetambar milionaires and Sadhus* that the Digambars *have* worshipped at 20 cupolas according to *their* own mode of worship as a matter of *right.* The *worst feature of the decision* therefore is that *both the parties would be dissatisfied with it* and cross-appeals to the High Court, and further appeals to the Privy Council will follow, adding to the expense and bitterness of feeling. Even now the parties would be well-advised in having a mutual, direct, face to face conference, *without prejudice* to their legal rights in Court, with a view to an amicable

settlement. It is never too late to mend, and all is well that ends well. But would the self-seeking *pirokars, karindas, mukhtars*, and law agents of the parties *allow* such an opportunity to be brought about?".

"A final Arbitration by a *Selected Board of Arbitration*, on the evidence recorded by Court is again, *we sincerely suggest*, the only remedy which can heal the irritating wound and bridge over the deep gulf between the two communities.

---

(૮)

## કોર્ટની લડાઇની હિમાયત કરનારા બાબતમાં જૈન પેપરો શું કહે છે?

'જૈન ગૅઝીટ' નામના અંગ્રેજી પત્રના નૉવ્હેમ્બરના અંકમાં ત્હેના વિદ્વાન અધિપતિ લખે છે કે "ધર્મના બહાને કોર્ટમાં લડાવવાનું કામ કેટલાક જૈનોને ઘણું લાભદાયક થઇ પડયું છે—એક માનવંતા 'ધંધા' જેવું થઇ પડયું છે! કોઇ પણ સરકારી નોકરી મેળવવા જેટલી કે કોઈ પણ ધંધામાં જોડાવા જેવી લાયકાત ન ધરાવતા માણસને મુખતાર અથવા તીર્થનો વ્યવસ્થાપક નીમવામાં આવે છે અને કોર્ટમાં ઝગડા લડવાનું કામ, વકીલની અસાધારણ મ્હોટી ફીઓ ઠરાવવાનું અને ચુકવવાનું, અને વાઉચર રાખ્યા વગર જ કોર્ટનાં ખર્ચો કરવાનું ઇત્યાદિ કામો ત્હેને સોંપવામાં આવે છે + + + + + આ સઘળા અપવિત્ર લડાયક વિચારો માત્ર હલકા, સ્વાર્થી કજીઆદલાલો જ પોતાના ફાયદા માટે લોકોના દીલમાં ઉત્પન્ન કરે છે."

(૨) 'જૈનસંસાર' પત્ર 'એક પ્રહસન' એવા મથાળા નીચે એક રમુજી લેખ પ્રગટ કરે છે અને વાચકોને ઇસારામાં ચેતાવવા કોશીશ કરે છે. તે 'પ્રહસન'નો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છેઃ—

**દલાલ**—દોસ્ત ગોલમોલ! આજે આટલો ઉદાસ કેમ છે?

**ગોલમોલ**—શું કહું, દલાલજી! આજ કાલ કમાઇ કાંઇ રહી નથી.

**દલાલ**—કેમ ભલા, કમાઇને શું થયું? શું કાંઇ ધંધોરોજગાર બંધ પડયો છે?

**ગોલમોલ**—અરે ભાઇ, ધંધોરોજગાર તો ઘણા દિવસથી બંધ જ હતો; પણ આજકાલ કૈલાસનો મુકદમો પણ બંધ પડી ગયો છે, હવે હું કોઇ નવો ધાર્મિક મુકદમો ખડો કરવાની ચિંતામાં છું. પણ ઉપાય કોઇ સૂઝતો નથી. કોશીશ તો ઘણીએ કરૂં છું, પણ હજી સુધી કોઇ ઝગડો જાગ્યો નહિ. અને તેથી જ ચિંતામાં રહું છું.

**દલાલ**—અને હું રળવાનો ઉપાય બતાવું તો?

**ગોલમોલ**—તો તો ત્હારો મોટો ઉપકાર માનું.

**દલાલ**—જો ત્યારે, આજકાલ વિધવાઓ તો ઘણીએ છે; અને ત્હને ખબર પણ હશે જ કે દરેક વિધવા પાસે કાંઇ નહિ તો હજાર બે હજાર રૂપીઆ તો હોય છે જ.

**ગોલ૦**—હા, હોય છે; પણ તેથી શું? શું મ્હારે તે લુટી લેવા? અરે પણ લૂટવા કોણ દે છે? આજકાલ તો ગવર્નમેન્ટના રાજ્યમાં કોઇ કોઇને આંગળી પણ લગાડી શકે તેમ નથી.

**દલાલ**—( ખડખડ હસીને )–અજી લૂટવાનું કોણ કહે છે? આજકાલ તો પ્રપંચ અને ધાર્મિક ઢોંગથી જેવું કામ ચાલે છે તેવું બીજા કશાથી નહિ. લોકોને બ્હેકાવીને વશ કરી લેવા અને ત્હેમને વિશ્વાસની ઘોર નિંદ્રામાં નાખીને ખીસ્સાં કાતરી લઇ માલદાર બનવું!

**ગોલ૦**—( અજાણ્યો થઇને ) અને એ ભેદ ખુલ્લો થઇ જાય તો સરકાર પકડે નહિ કે?

**દલાલ**—તો જવા દે એ વાત; ચાલ બીજી યુક્તિ બતાવું. જો તું શાહુકાર તો છે જ; લોકોમાં જાહેર કર કે અમારી દુકાનમાં જે કોઇ રૂપિયા જમા કરાવશે ત્હેને સેંકડે એક રૂપિયા પ્રમાણે વ્યાજ આપીશું. લાલચ બુરી ચીજ છે; લોક ઝટપટ ત્હારા પાસે રૂપિયા જમા કરાવવા આવશે: બેત્રણ વર્ષ સુધી વ્યાજ આપીશ તેથી ત્હારી શાહુકારી ખૂબ જામશે. અને પછી ત્હારી પાસે લાખ–બે લાખ રૂપિયા એકઠા થાય એટલે કહાડજે દેવાળું!

**ગોલ૦**—અરે યાર, પણ દેવાળું કહાડવાથી તો પછી મ્હોં દેખાડવા જેવું જ ન રહે ત્હેનું કેમ?

**દલાલ**—કોણ કહે છે કે મ્હોં દેખાડવા જેવું ન રહે? મ્હોં

તો જેવું છે તેવું ને તેવું જ રહેશે ત્હેની ખાત્રી હું આપું છું. છતાં વધારે ખાત્રી જોઇતી હોય તો પૂછ દેવાળું કહાડી ચૂકેલાઓને; શું તેઓનું મ્હો ધરી ગયું છે ?

ગોલ૦—પણ મ્હને—

દલાલ—શું ધૂળ ત્હને ? તું પાછો બહુ બ્હીકણુ તો ! ચાલ એ બાળક સ્હમજાવવાની વાત જવા દે. આજકાલ કાંઇ પુરાણો જમાનો રહ્યો નથી કે જેથી દેવાળું કહાડનારને ગધેડા પર ઉંધે મ્હોંએ બેસાડી શહેરમાં ફેરવવામાં આવે. આજકાલ તો દેવાળું કહાડનારા શેઠના શેઠ બન્યા રહે છે અને માલપાણી ઉડાવે છે.

ગોલ૦—અરે ભાઇ, પણ મ્હારી વાત તો સાંભળીશ કે ત્હારી જ તતુડી વગાડયા કરીશ ?

દલાલ—તો મ્હારી તતુડી રહી મ્હારી પાસે; ભલે તું ત્હારો શંખ જ ફુંક.

ગોલ૦—તું નાહક ગુસ્સે ન થા. મ્હારી મુશ્કેલી તો એ છે કે, આજકાલ મ્હારી દુકાનનું કામ મંદ પડયું છે તેથી લોકો વિશ્વાસ કરે તેમ નથી ત્હેનું શું ?

દલાલ—કામ મંદ પડયું છે એ વાત તો માત્ર અમુક ગામવાળા કે ત્હેની નજીકના લોકોજ જાણતા હોય; કાંઇ બધા તો ન જાણતા હોય? અને ત્હેમાં પણ ઘરખૂણે બેસનારી વિધવાઓ તો ન જાણતી હોય ? જો દોસ્ત તું કૈલાસના મુકદમાને લીધે નામીચો આદમી બની ચૂકયો છે; હવે માત્ર જરા કોશીશ કરીશ તો લોકો અને ખાસ કરીને વિધવાઓ તો જરૂર ત્હને ધર્મધુરંધર સ્હમજીને રૂપિયા વ્યાજે મૂકવા આવશે જ.

ગોલ૦—હા, એ તો હું કબુલ કરીશ; પણ ત્હારે દલાલ તરીકે મ્હને મદદ કરવી પડશે. ચિંતા ના કરતો, ત્હને પણ દલાલી મળશે. પણ જોજે એક વાતની સંભાળ રાખજે.

દલાલ—તે કઇ વાત ?

ગોલ૦—કોઇને ન કહે તો જણાવું.

દલાલ—અરે એમ તે વળી બનતું હશે ? અમે દલાલ લોકો એવી રીતે એકની વાત બીજાને કહીએ તો અમારૂં કામ જ કેમ ચાલે ?

ગોલ૦—ત્યહારે સાંભળ. વાત માત્ર એટલી જ કે તું બડવાયા, ઈન્દોર, મહુ વગેરે સ્થાનોમાં રૂપિયા જમા કરાવવાની સલાહ આપવા ના જતો.

દલાલ—કેમ વારૂ ? ત્યહાં શું કાંઇ ભૂત પ્રેત છે કે મ્હને ખાઇ જશે ? ખરેખરૂં કહી દે; મ્હારાથી વાત છૂપાવીશ તો ત્હારૂં કામ નહિ બને.

ગોલ૦—કહું ? શું કહું ? ભાઇ કહેતાં જરા ડર લાગે છે.

દલાલ—તો રહેવા દે ત્હારી ગુપ્ત વાત ત્હારા દીલના ભોંયરામાં ! ત્હને જો મ્હારો વિશ્વાસ જ નથી તો પછી વિશ્વાસને પાત્ર બનવાની મ્હારે માટે જોખમદારી પણ નથી. અત્યાર સુધીની વાત હવે હું નિર્ભયતાપૂર્વક લોકોને કહી શકીશ.

ગોલ૦—તું પણ જબરો નાકવાળો જણાય છે જો ! કહેતાં જરા વિલંબ થયો એટલામાં તો દલાલ ભાઇડાનો મીજાજ જાજરૂમાં જવા લાગ્યો. વાહરે દોસ્ત ! આવીએ કાંઇ મજાક થતી હશે ! સાંભળ ત્હારાથીજ કામ લેવાનું છે તો ત્હારાથી કાંઇ છૂપાવવાનું મ્હને કેમ પાલવે ? હકીકત એવી છે કે, બડવાયાની એક વિધવાએ મ્હારે ત્યાં બે હજાર રૂપિયા જમા કરાવ્યા હતા. થોડા દિવસ તો હું વ્યાજ દેતો રહ્યો. એ જોઇ મુંબઇમાં રહેનારી એક વિધવાએ પણ એક હજાર રૂપિયા જમા કરાવ્યા. ત્હેને પણ થોડો વખત વ્યાજ દીધું. હવે એકકેને હું એક પાઇ પણ આપતો નથી. બડવાયાવાળી જરા જબરી જણાય છે, પણ મ્હારા જેવા ઉસ્તાદ પાસે ત્હેનું શું ચાલી શકે ? એક વખત તે મુંબઇ આવી અને મ્હને કોર્ટની ધમકી આપી એટલે મ્હેં એને ૨૫-૫૦ રૂપિયા આપીને સ્હમજાવી દીધી અને એના ચોપડામાં એવું લખી વાળ્યું કે આ રૂપિયા ધીરેધીરે ચુકવવામાં આવશે, એને માટે સરકારમાં ફર્યાદ કરી શકાશે નહિ. ત્યાર પછી એની વીશેક ઉઘરાણી થઇ હશે પણ બંદો જવાબ જ દે ત્યહારેંને ?

દલાલ—અને પેલી મુંબઇવાળીનું શું થયું ?

ગોલ૦—અરે એ બીચારી શું કરવાની હતી ? કોઇ વખત મ્હારા ઘેર આવીને ખોળા પાથરતી, કોઇ વખત શિર પટકતી, એક વખત જરા ગરમ થઇને સરકારમાં જવાનું બોલી ગઇ એટલે મ્હેં સાફ સંભળાવી દીધું કે રૂપિયા કેવા અને તું કેવી ? આજ સુધી ત્હને એક ગરીબ નિરાધાર વિધવા ધારીને મદદ તરીકે કાંઇ આપતો રહ્યો ત્હારે આજે ગળે પડવા આવી છે કે ?

દલાલ (ખુબ હસીને)—જબરો, દોસ્ત, જબરો ! પણ યાર ચોપડામાં જમાખર્ચ થયું હશે હેતું કેમ ?

ગોલ૦—મૂર્ખો રે મૂર્ખો ! જમા કરૂં એવો હું કાંઇ કાચો દીઠો કે ?

દલાલ—આટલો હિંમતવાન અને ઉસ્તાદ છતાં મ્હારી પાસ શરૂઆતમાં ડરપોકપણાનો દેખાવ કરતો હતો. વાહરે ભાઇ ગોલમોલ ! સૌને બનાવે તેમ મ્હને પણ બનાવવાનો જ કે ? ખેર, પણ કહે તો ખરો કે મ્હારી દલાલી તો ખરેખર આપવાની કે એ પણ મુંબઇવાળીની અનામતની માફક જ હોઇઆં ?

ગોલ૦—જો દલાલ ન જોયો હોય તો ? એટલુંએ વિચારવાની બુદ્ધિ ક્ય્હાં બળી છે કે જે પોતાના ભગવાનને અને વિધવા બ્હેનોને પણ છોડે નહિ તે શું ખોટા કામની દલાલી કરનારને ફેરો છોડે ?

દલાલ—ત્હારે તો બચ્ચા તું પણ જોજે આ દલાલ ભાઇડાનો હાથ !

ગોલ૦—શું કરશો મારતામીઆંજી !

દલાલ—આખા સમાજને કહી દઇશ—ઢંઢેરો પીટાવીશ—પેપરો દ્વારા પોલ ખુલ્લી કરીશ; પછી જોઇ લેજે બચ્ચા ત્હારા શું હાલ થાય છે તે ?

ગોલ૦—( ચાળા પાડીને ) 'શું હાલ થાય છે તે '...ખી... ખી...ખી...શું હાલ થવાના હતા મીઆં તીસમારખાં ? સમાજને તું પીછાનતો નથી પણ હું તો એટલી સારી રીતે પીછાનું છું કે મ્હને ત્હેના તરફની ધાસ્તી જ થઇ શકતી નથી. સમાજ એક નિદ્રાપ્રિય બાળક છે, જેનું લોહી પીવા ચાહનાર ઉંદર ફુંક મારી મારીને કરડવાથી પોતાની આશા સફળ કરી શકે છે. ત્હારા ઢંઢેરાથી, છાપાવાળાઓની બૂમોથી અને સભાઓનાં ભાષણોની ગર્જનાથી કાંઇ સમાજ રૂપી બાળક ચેતી જાય—જાગૃત થઇ જાય એવો ભય મ્હને છે જ નહિ. રાત્રી, અજ્ઞાનતા અને ધર્મઘેલછા એ ત્રણ જ્ય્હાં સુધી આ દુનિયામાં કાયમ છે ત્ય્હાં સુધી અમને ઉલ્લુઓને કોઇનો ડર નથી.

o o o o o o

(૩) બીજાં પેપરોમાંથી પણ ઘણા 'ઉતારા' આપી શકાય તેમ છે, પણ વિસ્તારભયથી આટલેથી જ અટકીશ. વળી એ પણ વિચાર

થાય છે કે, ઉપરના 'પ્રહસન'માં શ્રીયુત મહાશય ગોલમોલજી કહે છે તેમ 'રાત્રી, અજ્ઞાનતા અને ધર્મઘેલછા એ ત્રણ જ્યહાં સુધી આ દુનિયામાં કાયમ છે ત્યહાં સુધી ઉલ્લુઓને કોઇનો ડર નથી, ત્યહારે પછી વધારે બોલવાથી પ્રયોજન પણ શું? આગેવાનો **સ્વયં** જાગે, વિચારે, સલાહદાતાઓના શબ્દોનો તોલ **સ્વયં** કરે, તો જ કાંઇક સાર્થકતા થાય. નહિ તો વિનાકારણ શેઠીઆ વર્ગની આંખે થઇ હલકા પડવાનું બને એ જ લાભ કે વિશેષ?

(૯)

## હવે શું કરવું?

કોર્ટનો ચુકાદો ચારે વર્ષે અને લાખોના ખર્ચ પછી મળી ચૂકયો. એ ચુકાદાએ બન્ને પક્ષના ઇજ્જતદાર આગેવાનોને સોગન ઉપર જૂઠું બોલનારા માન્યા અને બન્ને પક્ષને 'ટાઢો માર' માર્યો. આથી બન્ને લડવૈયા હૃદયમાં બળી રહેલી વૈરની આગ છૂપાવીને બહારથી પોતાની જીતનું ઢોલ વગાડે છે. પણ હૃદયમાં વૈરતૃપ્તિની ઇચ્છા રૂપી આગ સળગી રહી છે ત્હેનું શું કરવું?

શું કરવું? બીજું શું—સિવાય કે (૧) ઉપલી કોર્ટ અથવા (૨) લવાદ?

ઉપલી કોર્ટનું શરણું લેવું ત્યહારે?...પણ એ **પ્રશ્ન** જ શાને? જેઓએ ચચ્ચાર વર્ષ સુધી હેરાન થઇ અને મ્હોટાં ખર્ચ વ્હોરી પરિણામે હાર ખાધી છે તેઓને, અદાલતમાંથી **શું મળી શકે તેમ** છે ત્હેની વાનગીનો અનુભવ હજી થયો નથી વારૂ? અને જો આટલા ધકકા લાગવા છતાં હજી શાન ન વળી હોય તો એક તાજો દાખલો આંખ આગળ બન્યો છે તે વિચારી જુઓ.

"ગુજરાત પાટન તાલુકાના આરૂપ ગામમાં જૈનોએ મહાદેવ વગેરે પંચાયત દેવોનું ખંડન કરેલું તે બાબતની ફર્યાદ પાટનના મેજીસ્ટ્રેટની કોર્ટમાં નોંધાવામાં આવી હતી. મેજીસ્ટ્રેટે જૈન આરોપીઓને દંડની શિક્ષા કરી તેથી તેઓએ સેસન્સમાં અપીલ કરી. અપીલ કોર્ટે દંડની શિક્ષા રદ કરી એટલે ફર્યાદીએ હાઇકોર્ટમાં અપીલ નોંધાવી. × + + આટલી હદ સુધી લડયા પછી બન્ને પક્ષને સુઝયું કે હાઇકોર્ટમાં જાઓ કે પ્રિવી કાઉન્સીલમાં જાઓ,

દીલનો સંતોષ તો ક્યાંઇથી મળવાનો નથી. તેથી છેવટે બન્ને પક્ષે જાણીતા શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાને 'પંચાયતનામું' લખી આપ્યું અને તે જે ન્યાય આપે તે બન્ને પક્ષે કબુલ રાખવાની સહી આપી."

આ પંચમહાશયે હજી ચુકાદો આપ્યો નથી. **આજકાલની જ આ વાત છે.** લડીને શું કાંદા કહાડયા હેનો **પ્રત્યક્ષ** પુરાવો છે. ધ્યાનમાં રહે કે, પંચમહાશય કોઇ ધારાશાસ્ત્રી નથી તેમ ધારાશાસ્ત્રીઓની મદદ લે તેવા પણ નથી. શુદ્ધ હૃદય, સામાન્ય અક્કલ (Common Sense), નિડરતા અને દેશપ્રેમ એ ચાર તત્ત્વો જ વધારેમાં વધારે કુશલ ચુકાદો આપવા માટે આવશ્યક છે. શું લોકમાન્ય તિલક, ઑ૦ મી. જીણા, ઑ૦ પંડિત માલાવયા, દેવી બિસેંટ, મહાત્મા ગાંધી, ઇત્યાદિ ઇત્યાદિ હિંદના પ્રકાશિત રત્નોમાં એ ચાર તત્ત્વો પુરતા પ્રમાણમાં નથી? અને અદાલતના જડજો કરતાં કાયદાનું જ્ઞાન તેઓમાં શું ઓછું છે? ત્યારે ઘેર ગંગા હોવા છતાં શા માટે દૂર ભટકવામાં આવે છે? શા માટે અચોકસ પરિણામો માટે—ઝાંઝવાના નીર માટે—પશ્ચાત્તાપ અને ટાઢો માર મેળવવા માટે—કોર્ટદરબારનાં બારણાં ઠેલવાં પડે છે? ઓ સુજ્ઞ બંધુઓ! ચેતો, હજીએ ચેતો, ચેતીને જૈનધર્મ અને હિંદ માતાનું ગૌરવ વધે એવો રસ્તો ગ્રહણ કરો અને બીજાઓને **દાખલો બેસાડવા** જેવી પહેલ કરવા જેટલા ડાહ્યા હમે ન હો તો પણ **પાટણના** જૈનોએ કરેલી પહેલનું **અનુકરણ કરવા** જેટલી તો સજ્જનતા અવશ્ય ધારણ કરો.

જૈનેતર લવાદ નીમતાં જૈનધર્મનું ગૌરવ નહિ જળવાય એવો હમને વહેમ હોય તો ભલે હેમના હાથ નીચે બન્ને જૈન ફીરકાના અમુક ચુંટાયલા ગૃહસ્થોની કમીટી સોંપો. એ કમીટી અને એ લવાદથી હમારું હિત જ સધાશે એ વાતની ખાત્રી રાખો. પૂર્વકાળે હમારા જાહોજલાલીવાળા દેશમાં પંચાયત પદ્ધતિથી જ વાંધા ચૂકાતા હતા અને તેથી દેશમાં સ્વમાન અને ઐક્યભાવ જળવાઇ રહેતા હતા, તે પ્રમાણે પુનઃ આજના આ રંક બનેલા દેશને સ્વમાન અને ઐક્યભાવ પ્રાપ્ત થાય એટલા માટે કોર્ટોની જંખના છોડી દેશનાયકોમાં વિશ્વાસ મૂકવાનો ઘણી જ જરૂર છે; માટે દેશનાયકોમાં શ્રદ્ધા રાખો અને હમારા સંસાર અને ધર્મની બાબતમાં પરાયાનો હાથ ઘુસાડવાની

ઘેલછા છોડી ત્હમારા જ બંધુઓ દ્વારા ત્હમારા વાંધા પતાવવાનું ડહાપણ હજીએ સ્વીકારો, કૃપા કરી સ્વીકારો. હું ત્હમને કરગરીને કહું છું, ફરી ફરીને કહું છું, આગ્રહપૂર્વક કહું છું, વિનયપૂર્વક વિનવું છું કે, મ્હારા-ત્હમારા ધર્મના ગૌરવ ખાતર, સમાજના હિત ખાતર, પરભવના ડર ખાતર, ઇજ્જત ખાતર,—રે આ તોફાની પવન વચ્ચે ત્હમારૂં હોડીરૂં ડૂબી કે ચાંચીઆના હાથે લૂટાઇ ન જાય અને ત્હમારૂં અસ્તીત્વ બન્યું રહે એટલા ખાતર પણ, ઓ બંધુઓ, ઓ બુદ્ધિશાળી જૈન અગ્રેસરો, એટલા ખાતર પણ હજીએ ચેતો, હઠ છોડો, શ્રદ્ધા રાખો અને લવાદ નીમવાથી ત્હમારૂં કલ્યાણ જ છે એ કથનમાં સંપૂર્ણ આસ્થા રાખો.

એવી શ્રદ્ધા ઉત્પન્ન થઇ ચૂકી છે એમ હું **માની લઈશ**. તો **પછી** શું? લવાદ **કોને** નીમવા? સલાહકારક કમીટીમાં કયા ગૃહસ્થોને મુકરર કરવા? તે તે ગૃહસ્થો લવાદ અને કમીટીના મેમ્બર તરીકે કામ કરવા **ખુશી** છે કે કેમ ત્હેનો જવાબ લેવા **કોણે** જવું? ખુશી બતાવતા લવાદ વગેરેએ કામ કયે **સ્થળે** અને ક્યહારે શરૂ કરવું? આ સર્વ બાબતોનો **વિચાર** કરવાનો **રહે** છે; અને એ વિચાર કરવાનું કામ **મ્હારી સત્તા બહારનું** છે. તે તો બન્ને ફીરકાના વાદી-પ્રતિવાદી મહાશયો અને અન્યાન્ય અગ્રેસરોનું કામ છે; અને તે કામ તે સઘળા **એકઠા મળીને વિચાર** કરે તો જ બની શકે. પત્રવ્યવહારથી કે છૂટીછવાઇ મુલાકાતોથી કાંઇ જ બની શકે નહિ. એટલા માટે—

**પહેલામાં પહેલી જરૂરીઆત અને તુરતમાં ભરવા યોગ્ય પગલું એ છે કે, શ્વેતામ્બર-દિગમ્બર આગેવાનોની એક ન્હાની સરખી કૉન્ફરન્સ અથવા મીટીંગ મુંબઈ જેવા ઉદાર વિચારવાતાવરણવાળા સ્થળે બોલાવવી અને ત્હેમાં થતી દરેક વાતચીત હાલ તુરત માટે 'ખાનગી' રાખવી.**

એ પણ ભૂલવું જોઇતું નથી કે, આવું આમંત્રણ કોઇ વગવાળા મોબ્બાદાર પ્રસિદ્ધ જૈન મહાશયના નામથી નીકળે તો જ ત્હેમના માન ખાતર બન્ને સંપ્રદાયના આગેવાન ગૃહસ્થો હાજરી આપવા આકર્ષાય. આ મહત્ત્વનું કારણ વચ્ચે આવતું ન હોત તો હું પોતે એ મહદ્ પુણ્ય અને પ્રચંડ સમાજસેવાનો લ્હાવો અને સદ્ભાગ્ય પ્રાપ્ત કરવા બહાર પડત. પરન્તુ હું મ્હારી વાસ્તવિક સ્થિતિ

( position ) કરતાં વધારે દેખાવ કરવા ઇચ્છતો જ નથી. કોઇ એક શ્વેતામ્બર કે કોઇ એક દિગમ્બર સુપ્રસિદ્ધ ગૃહસ્થ અગર શ્વેતામ્બર-દિગમ્બર બન્નેનું જોડકું આવું આમંત્રણ આપે એ જ વધારે કારગત થઇ પડે; અગર સંવત્સરી પ્રસંગે 'અપીલ' કરનાર-'અપીલ'માં સહી આપનાર બન્ને વર્ગના જૈન બંધુઓ તરફથી આમંત્રણ-પત્રિકા બહાર પાડવામાં આવે તો તે કારગત થઇ પડે. આ અતિ ઉપયોગી, ઉપકારી અને પુણ્યશાલી પગલું ભરવામાં જેઓ પહેલ કરશે તેઓ ખરેખર મહાયશ ખાટશે.

આવી એક સો-પચાસ આગેવાનોની ન્હાની અને ખાનગી કૉન્ફરન્સ ભરવાનું **જલદી** બને તે માટે **'ભારત જૈન મહામંડલે'** તથા મુંબઇની **'જૈન ઍસોસીએસન ઑફ ઇન્ડિઆ'** અને **'જૈન ગ્રૅડ્યુએટ્સ ઍસોસીએશને'** પોતાની સઘળી લાગવગનો ઉપયોગ કરી પ્રયત્ન સેવવો જોઇએ છે. લોખંડ ગરમ છે ત્હાં સુધીમાં જેઓ ઘણ મારવામાં પ્રમાદ સેવશે તેઓમાં જૈન કોમના આગેવાન બનવાની લાયકી કેટલી છે તે લોકોના જોવામાં આવી જશે.

ધ્યાન દો કે, **જે ચાર વર્ષના અરસામાં** આખું હિંદ સ્વરાજ્ય તરફ વધુ ને વધુ ગતિ કરી રહ્યું છે, મૉડરેટો અને ઍક્સ્ટ્રીમીસ્ટો પોતાના વાંધા દૂર કરી એક થઇ ગયા છે, હિંદુઓ અને મુસલમાનો સેંકડો વર્ષની જૂદાઇ ભૂલીને સગ્ગાભાઇ માફક જોડાઇ ગયા છે, લોકમાન્ય તિલક જેવાએ 'સઘળા હકકો અમારા મુસલમાન ભાઇઓને આપો, એટલે અમને બધું મળી ગયું માનીશું' એવી ઉદ્ઘોષણા વડે હિંદનું ચળકતું ભવિષ્ય સરજ્યું છે,-**તે જ ચાર વર્ષ દરમ્યાનમાં** આપણે જૈનો કૉન્ગ્રેસ કે દેશને લગતી હીલચાલોમાં ભાગ લેવાનું તો દૂર રહ્યું પણ અંદરોઅંદર લડીને, સરકારને વચ્ચમાં નાખીને, માર ખાવા છતાં પણ કોર્ટનાં જ બારણાં સેવીને. હિંદીઓની સ્વરાજ્ય માટેની નાલાયકીનો દાખલો ઍન્ગ્લો ઇંડિઅનોને પુરો પાડયો છે, કૉન્ગ્રેસ માતાની આશાઓને ફટકો માર્યો છે—રે મ્હને માફ કરજો-એક પ્રકારનો દેશદ્રોહ કરવામાં જ આપણે ચાર વર્ષ વીતાડયાં છે. આખો દેશ ચાલે એક દિશાએ, અને આપણે એકલા ચાલીએ બીજી દિશામાં,—આનું નામ આપણી ઉત્તમતા કે? અને શું આ લાયકાત ઉપર આપણે પોતાને 'સમકિતી' અને બીજા બધાઓને 'મિથ્યાત્વી' કહીએ છે કે? મ્હારા

મુરબ્બી 'સમકિતી' ભાઇઓ! 'સમ્યકત્વ' અથવા 'ચીજને સમ્યક્ એટલે ખરા રૂપમાં જોવાની ત્હમારી શક્તિ'ને પ્રકટ કરો અને ત્હમારા હિતશત્રુઓએ પોતાના સ્વાર્થ ખાતર કે ખોટી હુંપદ ખાતર ત્હમારા 'સમ્યકત્વ' ઉપર લગાડેલાં પડ અને જાળાં અને પડદાને એક બહાદૂર વીરના બળથી તોડી નાંખો. સીમા વગરનું બળ ધરાવનારા મહાવીરના વંશજને છાજતું બુદ્ધિબળ અને ઇચ્છાશક્તિ (will-power) રૂપી બળ પ્રકટાવો અને સમાજ તથા દેશનું ગૌરવ ખીલવો. કલહ અને સ્વાર્થનાં સ્વપ્નની અંધારી કોટડીમાંથી બહાર કૂદી 'એકત્ર હિંદ'ના સૂર્યપ્રકાશમાં આવો અને હિંદને પ્રભાવશાલી સ્વરાજ્યનું વાતાવરણ દેખાડવા મથતા ત્હમારા પવિત્ર બંધુઓને પડખે ઉભા રહી સાચા ધર્મયુદ્ધના સૈનિક બનો.

**વીર પિતા ત્હમને સર્વને સાચી વીરતા આપો!**

---

## ઉદાર સ્થાનિકવાશી જૈન ભાઇઓને અપીલ.

જુનાગઢ ખાતે ગયા ભાદ્રપદ માસમાં "સ્થાનકવાશી જૈન નિરાશ્રીત સ્હાયક ફંડ" ખોલવામાં આવ્યું છે, જેમાં શરૂઆતની મળેલી રકમોથી સંતોષકારક કામ ચાલે છે. નિરાશ્રીતોને આ ફંડમાંથી મદદ કરવામાં આવે છે. ઉદાર દીલના ધર્મબંધુઓએ માસિક યા વાર્ષિક મદદના રૂપમાં આ પારમાર્થિક ખાતાને ટેકો કરવો ઘટે છે. પત્રવ્યવહાર--જેઠાલાલ પ્રાગજી રૂપાણી વકીલ, કાર્યવાહક, સ્થા. જૈન નિરાશ્રીત ફંડ, જુનાગઢ.

**જોઇએ છે**—વાર્ષિક દશ હજાર રૂપિયાની આવકવાળા જૈન ડૉકટર (એલ. એમ એન્ડ એસ) માટે સુશિક્ષિત જૈન કન્યા જોઇએ છે. પત્રવ્યવહાર ખાનગી રહેશે. લખો:-ડૉકટર એમ c/o 'જૈન' પત્રની ઑફિસ. ભાવનગર.

**જોઇએ છે**—સ્થાનકવાશી જૈન કૉન્ફરન્સ અને સ્થાનકવાશી મુંબઇ બોર્ડીંગ બન્નેની મરણ તુલ્ય દશા માટે ત્હેના આગેવાનો હવે બળાપો કરવા લાગ્યા છે તે બળાપામાંથી ત્હેમને બચાવવા માટે કાં તો તે રીબાતી સંસ્થાઓની આયુષ્યદોરી જલદી તોડી નાખે અગર તો મજબુત હાથથી ત્હેની સ્થિતિ સુધારે એવા કુશળ વૈદ્યની જરૂર છે. ફી તરીકે મનમાન્યાં જુતીઆં મળશે! ઉમેદવારે તાકીદે નીચેના શિરનામે લખવું:- Conscience c/o Himself. શિરનામું ન ઉકેલી શકે ત્હેમણે ઉમેદવારી કરવાની તકલીફ લેવી નહિ.

(૧૦)

## જાહેર પેપરોની દીલોજાનીભરી સહાનુભૂતિ.

(૧) 'જૈન ગૅઝીટ' પત્ર કે જે 'ભારત જૈન મહામંડલ'નું મુખપત્ર છે ત્હેમાં ત્હેના સુશિક્ષિત સમ્પાદક (કે જેઓ જન્મથી દિગમ્બર જૈન છે) લખે છે:—

"Mr. Wadilal Motilal Shaha, the talented Editor of the Jain Hitechchu, and a *selfless and ceaseless worker for the good* of the Jaina community has addressed several thousand copies of a printed appeal of 8 pages in Hindi and in Gujrati to all Jains, entreating them in the name of Lord Mahavira, and of the noble religion of Ahimsa which was preached by Him, to desist from *this irreligious suicidal struggle,* which must necessarily affect prejudicially Jains and Jainism as a whole. We hope his appeal would not fall on deaf ears, and diseased minds. *It is loud enough and sufficiently incisive and sharp-pointed,* and we trust that it would not be quite a wail in the wilderness.

(૨) 'જાતિ પ્રબોધક' ના આક્ટોબરના અંકમાં ત્હેના હિમતવાન સમ્પાદક શ્રીયુત દયાચન્દ્ર ગોયલીય બી. એ. (દિગમ્બર જૈન) લખે છે:—

" हम ने गतांक में इस बात पर जोर दिया था कि दिगम्बर श्वेताम्बर समाज में जो मुकदमें तीर्थों के सम्बंध में चल रहे हैं उन का निबटेरा अदालत द्वारा कदापि नहीं हो सकतो, कारण कि एक मुकद्मा खतम होगा कि दूसरा प्रारम्भ हो जायगा। बर्षों बीत जाएँगे और लाखों खर्च हो जाऐंगे, वकीलोंके घर भर जाएंगे और मुनीम-गुमाश्ते मालामाल हो

जाएंगे परन्तु मुकदमा जारी रहेंगे। जैन समाजके प्रसिद्ध विचारशील और निःस्वार्थ सेवक मिस्टर वाडीलाल मोतीलाल शाहने भी परस्परके झगडों को मिटानेके लिये इस बातका प्रयत्न किया था कि दोनों सम्पदायवाले आपुसमें मिलकर देश हितैषियों द्वारा फैसला कर लें, परन्तु हमे शोक के साथ लिखना पड़ता है कि हमारी समाज के कुछ धनाढयों के नाम से एक लेख निकला है जिस में उन्होंने हमारे तथा शाह वाडीलाल जी के आशय को न समझकर दिगम्बर समाज को व्यर्थ में भड़काने और अशांति पैदा करने का प्रयन्त किया है। हमारा आशय यह कभी नहीं था और न है कि कोई सम्प्रदाय अपने स्वत्व को खो बैठे। हम बराबर यही कहते आए हैं और कह रहे हैं कि दोनों सम्प्रदायवाले कुछ पंच नियत करें और उन के सामने अपने अपने स्वत्वों को प्रमाण सहित सिद्ध करें। । दूसरे शब्दों में हम यह चाहते हैं कि पंचायत द्वारा फैसला हो जाए। अदालत में समय और धन का दुरुपयोग न किया जाए। हमें आश्चर्य होता है कि आप लोगों ने अदालत में लड़ने को पंचायत से अच्छा समझा है। इस में संदेह नहीं कि आप लोग सदा हमे धर्मशून्य कह कहकर अपने को धर्मात्मा सिद्ध किया करते हैं और अपने मुंह मियां मिट्ठू बना करते हैं, और इस बात का हम पर कलंक लगाया करते हैं कि हम देशोन्नति की धून में धर्मोन्नति की परवा नहीं करते; परन्तु पाठकगण जरा आप ही विचारिये कि जिस मनुष्य में देशोन्नति का इतना भी विचार नहीं कि अदालत में लडने की अपेक्षा पंचायत म जाना अच्छा है, उन से क्या धर्मोन्नति की आशा की जासकती है? जिस मनुष्य को समाज के रुपये का दुरुपयोग होते

देखकर दुःख नहीं होता, वह क्या धर्मोन्नति कर सकता है? स्मरण रहे अदालत भी जब मुकद्दमा पेचीदा देखती है तो पंचायत द्वारा तै कर लेने के लिये जोर देती है। प्राचीन काल में पंचायतों द्वारा ही सारें मुकद्दमे तै हुआ करते थे। यह कहना कि पंचायत में क्या वकील को देना नहीं पडता, इस बात को सिद्ध नहीं करता कि पंचायत और अदालत के खर्च बराबर हैं। पंचायत के रूबरू यदि आप में योग्यता हो तो आप स्वयं अपने पक्ष का आसानी से समर्थन कर सकते हैं। महीनों अदालत में झांकने और इतना बडा दफ्तर रखने की बजाए थोडे से समय में तमाम बातों का निबटेरा हो सकता है। यह कहना कि पंचायत के फैसले से संतोष नहीं होता सर्वथा मिथ्या है। इस के विपरीत ऐसा प्रायः देखने में आता है कि अदालत के फैसले से, सब जज के फैसले से, हाईकोर्ट के फैसले से, प्रीवी कौंसिल के फैसले से, हारने वाले पक्ष को संतोष नहीं होता, परन्तु ऐसा कभी सुन्ने में नहीं आया कि पंचायत से किसी पक्षको संतोष न होता हो। पंचायत का फैसला ही ऐसा होता है कि जिसमें दोनों पक्ष वालों को संतोप होजाए। पंच लोगों का भाव ही यह होता है कि ऐसा फैसला किया जाय कि जिस से किसी पक्षको असंतोष प्रगट करने का अवसर न रहे। खास कर सम्मेद शिखर जी जैसे मुकद्दमे में पंचायत द्वारा यह कदापि संभावना नहीं की जा सकती कि वह दिगम्बरियों का तीर्थ राजसे बिलकुल स्वत्व मिटा दे अथवा श्वेताम्बरियों का हटादे। परन्तु अदालत से यह सम्भव है कि वह एक पक्ष का स्वत्व बिलकुल मिटा दे। सर्वज्ञ देव न करें, यदि प्रीवी कौंसल ने किसी एक पक्ष के स्वत्व को बिलकुल मिटा दिया तो फिर क्या होगा? ऐसी अवस्था में पंचा-

यत द्वारा ही ऐसे झगडों को तै करा लेना चाहिये । परन्तु जो महाशय इस राय से सहमत नहीं है और अदालत द्वारा लडना ही श्रेष्ठ समझते हैं, उन्हें हम उन के इस उदारता के कार्य से रोकना नहीं चाहते, परन्तु इतनी प्रार्थना अवश्य करते है कि मुकद्दमे का खर्चा वे अपने पास से करें । बेचारी जाति को रुपये का दुरुपयोग करने के लिये बाधित न करें । वह जाति जिसे रुपये का हिसाब भी नहीं समझाया जाता, यह कदापि नहीं चाहती कि १ रु. के स्थान में १००) खर्च हों । यदि आप लोग इसी मार्ग का अवलम्बन करना चाहते हैं, तो इस के खर्च का भार भी आप अपने सिर पर उठाइये । आप लोगों में बडे बडे धनाढय हैं, देखें कौन उदारता दिखलाते हैं और कबतक लड कर अपनी तीर्थ भक्ति को दिखलाते हैं । दूसरों की निंदा करने, दूसरोंको धर्मशून्य बतलाने से आप धर्मात्मा नहीं बन सकते । धर्म ग्रंथों को रट लेने से, दस बीस लाख के धनी हो जाने से कोई धर्मात्मा नही बन सकता । धर्मात्मा वह है जिस ने कुछ अपने मन बचन काय को अपने बश में किया हो, विषय वासनाओं को मंद किया हो, कषायों को शमन किया हो । जिनको विषय वासनाओं से कभी छुट्टी नहीं मिलती वे चाहे कितने ही विद्वान और धनवान हों धर्मात्मा नहीं कहला सकते ।

"अतएव पाठक गण बिचार करें और इस बात के लिये उद्योग करें कि दिगम्बरी श्वेताम्बरी दोनों में परस्पर में फैसला हो जाय और मुकद्दमेबाजी में फिजूल खर्च न हो ।"

(૩) મુંબઇનું લોકપ્રિય દૈનિક પત્ર 'સાંજવર્તમાન' પારસી માલેકીનું હોવા છતાં, જે દિવસે મ્હારી 'અપીલ' બહાર પડી તે જ

દિવસના પોતાના અંકમાં ( તા. ૧ સપ્ટેમ્બર ) " **આજની જૈન સંવત્સરી—જૈન કોમને એક અપીલ** " એવા મ્હોટા મથાળા તળે એક લાંબો મુખ્ય લેખ ( લીડર ) લખવા જેટલી ભલાઇ બતાવી ચુક્યું હતું, જે લેખ નીચે મુજબ છે:—

"આજે આપણા જઇન ભાઇઓનો સંવત્સરીનો પવિત્ર તહેવાર છે. એ પર્વને જઇન કોમ વાજબી રીતે મોટી અગત્ય લાગુ પાડે છે. ભગવાનના નામ ઉપર હંમેશાં મરી ફીટતી ધર્મચુસ્ત જઇન કોમ એ પવિત્ર દીવસે ભગવાનની આજ્ઞા અનુસાર ચાલવાને ખાસ ઇંતેજાર બને છે. સંવત્સરીનું પર્વ જઇનોમાં સર્વોત્તમ લેખાય છે, કે જે દિવસે એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર માણુસ પણ ભગવાનની ભક્તિ કરવા અને ભગવાનની આજ્ઞા માથે ચહડાવવા ચુકતો નથી. એ શુભ દિવસે દરેક બુદ્ધીશાળી જઇન ભગવાનની આજ્ઞા સાંભળવા, વિચારવા અને અમલમાં મુકવા ખાસ ઉત્સુક બને છે. જઇનોની માન્યતા મુજબ શ્રી જીન ભગવાન એક વખત આપણા જેવા મનુષ્ય હતા, પરંતુ જયારે મારા–તારાપણાનો ભેદભાવ અને સકળ પ્રાણી માત્ર સાથેનો વેરભાવ છોડી દઇ **ક્ષમાના સાગર બન્યા** ત્યારે તેઓ મનુષ્ય મટી ભગવાન થયા. તેઓ તેમના અનુયાયીઓને પણ એજ માર્ગે ચાલવાનો ઉપદેશ આપતા ગયા છે. એટલા માટે શાસ્ત્રકારોની આજ્ઞા મુજબ વેરવિરોધની ક્ષમા–કાંઇ નહીં તો વર્ષમાં એકવાર સંવત્સરીના પવિત્ર પર્વ પ્રસંગે—માંગવાની દરેક ધર્મચુસ્ત જઇનની પેહેલી અને આઇન ફરજ છે. એજ કારણથી સંવત્સરી પ્રતિક્રમણની યોજના કરવામાં આવી છે; એજ કારણથી દરેક જઇન ભાઇઓ એક બીજાના ઘરે જઇ 'ખમત ખામણાં' કરી આવે છે, અને ગામે ગામ પોતાના સંબંધીઓને 'ક્ષમાપના પત્રો' લખે છે.

"જઇનોની આવી ધાર્મીક માન્યતા હોવાથી આજના સંવત્સરીના પવિત્ર પર્વ પ્રસંગે ભગવાનની આજ્ઞા પાળવાને તૈયાર થવાને તેઓને જાગરૂત કરવા સારૂ કેટલાક આગેવાન કેળવાયલા જઇન ભાઇઓએ પોતાની કોમ જોગી એક **અગત્યની અપીલ** બાહેર પાડી છે, **જે ઉપર તમામ જૈન બંધુઓનું આપણે માનપુર્વક ધ્યાન ખેંચીશું.**

" જાણીતા કેળવાયલા ગ્રહસ્થો તરફથી પોતાની કોમનું

હીત હઇડે ધરીને જે **વિચારશીલ અપીલ** આજના પવિત્ર દિવસે બાહેર પાડવામાં આવી છે તે ઉપર **જઇન કોમના સઘળા ફીરકાઓના એક્કે એક જઇન ભાઇએ પુર શાંતી, ગંભીરાઈ અને ધીરજથી પુખ્ત દરમ્યાફ્ત કરવો ઘટે છે.** જઇન ધર્મના બે પંથોને આજે લાંબો વખત થયો પોતાના તીર્થના ધામો માટે લાખો રૂપીઆના ખર્ચો એક મેક સાથે ચાલુ કજીઆઓ થયા આપણે જોયા છે. એ કજીઆઓ લડવા પાછળ નાણાંની જે મોટી બરબાદી કરવામાં આવી છે તેમાંથી જૈન કોમના ઉપયોગનું અને તેની ઉન્નતિ કરનારૂં એકાદ મહત્વનું ખાતું એ ભાઇઓ જો ગંભીરાઇથી મનપર લેતે તો ખચીતજ આસાનીથી સ્થાપી શકતે. સંવત્સરી જેવા મહત્વના દિવસે વૈરવિરોધ છોડીને ભગવાનને રાજી કરવામાં શું જૈન બંધુઓની પવિત્ર ફરજ નથી **એવો સીધ્ધો સવાલ આજના શુભ દિવસે આપણે તેઓને પુછીશું.** ખુદ ભગવાન કે જેઓ સઘળી જાતના વેરવિરોધના કટ્ટા શત્રુ છે તેમનાજ ધર્મનાં કે તીર્થનાં નામથી માંહોમાંહે વેરવિરોધ કરવામાં જૈનો બીલકુલ વાજબી લેખાશે નહીં. ઉપલા જઇન મુખીઓ પોતાની **અપીલમાં વાસ્તવીક રીતે જણાવે છે તેમ** તીર્થો તારવાને માટે અને નહીં કે ડુબાવવાને માટે છે. માટે ધર્મ કે તીર્થ નિમિત્તે જઇનોથી કલેશ કે વેરવિરોધ થઇજ શકે નહીં તે બીના જઇનો હમણાં ગોયા ભુલી ગયલા લાગે છે. ઐક્યતાનું બળ જમાવી તે વડે સંસારને તરવાનો પુલ બનાવવાને બદલે તે બળ તીર્થ નિમિતેજ તોડવાને જઇનોને તૈયાર થતા જોઇને આપણને ખચીતજ ભારે ખેદ ઉપજે છે. આખી દુન્યામાં જઇનોની વસ્તી માત્ર ૧૩ લાખની ગણાય છે; **માટે** કુસંપ કરીને અંદર અંદર લડી મરીને નબળા પડવાનો રસ્તો અંગીકાર કરવાથી બાઝ આવવાની ઠાવકા જઇનોએ હવે દુરઅંદેશી બતાવવી ઘટે છે. ઐક્યતાના બળ વગર જડવાદના આ જમાનામાં પવિત્ર જઇન ધર્મ પોતે કેવી રીતે ટકાવી શકશે તે ઉપર શાંતીથી ઘોર કરવાનો જઇન બંધુઓને આપણે સંવત્સરીના આજના પ્રસંગે **મજબુત આગ્રહ કરીશું.** વેપારીઓ નફા તોટાનો હીસાબ જેમ દીવાળી પર કહાડે છે તેમ પાપ-પુણ્યનું સરવાયું સંવત્સરીના દિવસે કહાડવાની દરેક સાચા જઇનોની શું ફરજ નથી?

— મજકુર જઇન આગેવાનોની અપીલમાં જેમ વાજબી રીતે

જણાવવામાં આવ્યું છે તેમ તીર્થસ્થાનોના ખરા માલેક તો ભગવાન છે; શ્વેતામ્બર જઇનો અગર દિગમ્બર જઇનો તો ભગવાનના ટ્રસ્ટી છે. ભગવાનનો એક પુત્ર મંદિર બંધાવે અને બીજો પુત્ર તે મંદિરનો માલિક બનવા તૈયાર થાય એ જેમ શોભા ભર્યું નથી, તેમજ પહેલો પુત્ર કોર્ટ દરબારે ચ્હડે એ પણ શોભાભર્યું નથી. માટે એવા માંહોમાહેના વાંધાની, ભાઇચારાની રીતે-સમાધાનીથી અને સુલેહશાંતીથી પતાવટ કરવાની દેખીતી મોટી જરૂર છે, અને તેમાંજ જઇન કોમનું સાચું હીત સમાયલું છે. આવું ડાવકું પગલું ભરવાથી, ન્યાય મેળવવાનાં ઓઠાં હેઠળ ચડસાચડસીના આવેશમાં કોર્ટ દરબારે કરવામાં આવતી લાખો રૂપ્યાની બરબાદી જઇન બંધુઓ આસાનીથી બચાવી શકશે, અને તેનો કોમના લાભનાં બીજાં ભલાં કામોમાં રૂડો ઉપયોગ કરી શકવાને ભાગ્યશાળી નીવડશે. માટે શ્રી મહાવીર પીતા કે જેમના સર્વે જૈનો પુત્રો છે તેમના નામના ગઉરવ ખાતર, તેમના ધર્મના ગઉરવ ખાતર, તથા દુન્યામાં મુઠ્ઠીભર બાકી રેહેવા પામેલા જઇનોની અઇક્યતાને ખાતર કોર્ટ દરબારે નહીં ચહડતાં લોકપ્રીય, બુદ્ધીશાળી અને અપક્ષપાત આગેવાનોની લવાદી મારફતે ધર્મ સંબંધી સવાલોમાં ઇન્સાફ મેળવવાની **ઉપલા ગૃહસ્થોએ આજના સંવત્સરીના દિવસે પોતાની કોમને કીધેલી માનપુર્વક વિનંતી દરેક જઇન બંધુના ઉત્સાહપુર્વક ઉત્તેજનને દરેક રીતે પાત્રજ લેખાશે.** શ્વેતામ્બર-દિગમ્બર વર્ગ વચ્ચેના તીર્થો સંબંધી ઝગડાઓનું નીરાકરણ કોર્ટ દરબારમાં ચાલતા કેસ હાલ તુરત મોકુફ રખાવીને, બંને પક્ષે પસંદ કીધેલા પોતાનાજ લોકમાન્ય ગાંધી સરખા પ્રજાપ્રીય આગેવાનોને લવાદ તરીકે નેમી તેઓ મારફતે કરાવવાનાં પગલાં જઇને કોમ જો ભરશે તો તેથી પોતાના પવીત્ર ધર્મની આજ્ઞા અનુસાર વેરવીરોધ ટાળવાનું પુન્ય તે જેમ હાંસલ કરી શકશે, તેમ પોતાની કોમને એકત્ર બનાવીને પોતાના ધર્મનું બળ તે વધારી શકશે. પોતાના આગેવાન ધર્મબંધુઓની એ વાજબી વીનંતિને અનુસરીને સંવત્સરીના આજના પવીત્ર શુભ દીવસથી શ્વેતાંબર-દિગમ્બર **જઇન ભાઇઓ પરસ્પર હાથ મેળવવાનો જો પ્રયાસ કરવા માંડશે, તો એવા સંયુક્ત હાથ વડે જઈન કોમની પુરાણી કીર્તી તેઓ ખચીતજ ઓર વધુ ઉજવળ બનાવવાને ભાગ્યશાળી નીવડશે."**

(૪) 'જૈન પ્રભાત' નામના દિગમ્બર પત્રના આશ્વિનના અંકમાં નીચેની એડીટોરીઅલ જોવામાં આવે છેઃ—

"जैन प्रभात'के गतांकमें हमने तीर्थोंके झगडे मिटानेके संबंधमें एक लेख श्रीयुत वाडीलालजी मोतीलालजी शाहका प्रकाशित किया था। इस लेखको लेखकने गुजराती और हिन्दी भाषामें ट्रैक्टरूपसे भी बाँटा था। ध्यान रहे कि वाडीलालजी न तो दिगम्बर हैं और न मूर्तिपूजक श्वेताम्बर। वे तीर्थोंको नहीं मानते। उन्होंने एक साधारण जैन होनेके नातेसे और जैन समाजकी स्थितिका अधः पतन होते देखकर इस लेखको प्रकाशित किया था। हमें जहाँ तक पता लगा है दोनो संप्रदायके कुछ कुछ अगुएं और सर्वसाधारण वाडीलालजीके बताये हुए उपायसे सहमत रहे हैं। पर समाजके अभाग्यसे उसमें ऐसे भी मनुष्योंकी कमी नहीं है जो दोनोमें—दिगम्बर श्वेताम्बरोंमें–ऐक्य होने देना नहीं चाहते। समाजके ऐसे पुरुष वाडीलालजीके प्रयत्नके विरुद्धमें परिश्रम कर रहे हैं। उनकी यह हार्दिक भावना है कि दिगम्बर श्वेताम्बरोंका युद्ध शान्त न होने पावे। * * * * * * *

"श्वेताम्बर समाजका भी यही हाल है। उसके अनुयायी भी अपनेको सच्चे कहकर प्रसिद्ध करते हैं, पर उनमें भी वे ही दुर्गुण हैं जो हम दिगम्बरोंमे बता आये हैं। अतएव दोनोका अपनेको सच्चा बताना भूलभरा है। सच्चा सत्यका अनुयायी तो एक भी नहीं है। पर वे जिस सत्यके अनुयायी होना चाहते हैं उसीके लिये श्रीयुत वाडीलालजी आदि महाशयोंने अपने विचार निवेदन किये हैं। वे साधारण जैन समाजको विश्वास दिलाते हैं कि उस निवेदनपत्रमें जो कुछ लिखा गया है समाज के लिये हितकर है और शुद्ध हृदयसे लिखा गया है। समाजके प्र-

स्येक समझदार व्यक्तिको उसके प्रति अपना सहानुभूति दिखाना चाहिए। क्यों कि वर्तमान समय जीवनसंग्रामका समय है। ऐसे समयमें अपने जीवनको उपयोगी न बनाकर उसकी शक्तिका निरर्थक लडाई–झगडोंमें व्यय करना समझदारीका काम नहीं है। ऐसे कामोंमें जो धर्मकी दुहाई देकर समाजको उत्तेजित करते हैं, असलमें वे समाजको धोखा देते हैं। क्योंकि जैनधर्म कभी कलह बढानेकी–अशान्ति उत्पन्न करनेकी आज्ञा नहीं देता। न वह धर्मके नामसे युद्ध कराता है और न स्वत्वोंका प्राप्त करनेके लिये झुंठ, चोरी, रिशवत आदि उपायोंको काममें लानेकी आज्ञा देता है। वह सदा शांति चाहता है और यही उसका उद्देश है। हमारी समाजको अपने धर्मके इस उद्देशको समझकर ही अपने कर्तव्य स्थिर करने चाहिए।"

(૫) શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન કૉન્ફરન્સના મુખપત્ર 'હૅરલ્ડ'ના એડીટોરીઅલમાં નીચે મુજબ અભિપ્રાય વાંચવામાં આવે છે:–

" **પવિત્ર તીર્થો સંબંધી ઝઘડા**—શ્વેતાંબર અને દિગંબર વર્ગ વચ્ચે તીર્થો સંબંધી વાંધા દિનપ્રતિદિન વધતા જાય છે. તેનો ફેંસલો એક કોર્ટદ્વારા કરાવવામાં સંતોષ લેવાતો નથી, પણ એક પક્ષ તે કોર્ટથી પોતાથી વિરૂદ્ધ ચુકાદો આવ્યો કે ઉપલી કોર્ટનું શરણું લે છે અને એમ વધતાં વધતાં પ્રિવિ કાઉન્સિલ સુધી જવા સુધીની વાતો આવે છે; આમ થવાથી લાખો રૂપીઆનો ખર્ચ અથાગ શ્રમ અને જબરી ચિંતા રાખવી પડે છે. પરિણામે શું થવાનું તે નિશ્ચિત કહી શકાતું નથી, તો એવા મામલામાં **આપ મેળે લવાદ માર્ફત સૌસૌના હકકો સંબંધી ખુલાસો કરાવી લેવાય તો તે ખર્ચ અને શ્રમનો ભોગ આપવો બચી જાય તેમ છે. તો વણીક જેવા ડાહ્યા વર્ગે તે પ્રમાણે કરવું ઉચિત છે એમ અમે માનીએ છીએ.** આ સંબંધમાં બંને પક્ષનાની સહીવાળી અપીલ આ પત્રમાં પ્રકટ કરી **તે પર સમસ્ત સમાજનું ધ્યાન ખેંચીએ છીએ** ને દરેક પક્ષકાર, તીર્થસંરક્ષક સંસ્થાઓ, અને **આગેવાનોને વિનવીએ છીએ કે તેમાં કરેલી વિનતીનો સ્વીકાર**

**કરી આ વધુ પડતી હદે ચડેલી વાતનો અંત લાવવો ઘટે** છે. આ સુચના જેઓને હિતકર જણાય તેઓએ પોતાનો તેવો અભિપ્રાય હીલચાલના ઉત્પાદક રા. વાડીલાલ મોતીલાલ શાહ પર લખી મોકલવા કૃપા કરવી.

( ૬ ) શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક ફીરકાના ' જૈન શાસન ' સાપ્તાહિક પત્રના તા૦ ૬ઠી સપ્ટેમ્બરના અંકમાં અધિપતિની નોંધ નીચે મુજબ છેઃ—

"દેશમાં ઠારેઠાર દિગમ્બર અને શ્વેતામ્બર બન્ધુઓના તીર્થક્ષેત્રો માટે આવા ઝઘડાઓ વારંવાર બનતા સાંભળવામાં છે, પરંતુ સૌથી અગત્યનો અને સૌથી વધારે નુકશાનકારક શ્રી સમેતશિખરનો ઝઘડો આજે ઘણા વર્ષ થયાં આપણી સમક્ષ ચાલી રહયો છે, જેમાં **લાખો રૂપીયાનો અપવ્યય થઈ રહયો છે** એટલું જ નહિ પણ **ધર્મ અને જાતિનાં સારાં સારાં કાર્યો કરી શકે તેવા આગેવાનો દિવસ ને રાત્રિ એ જ ઝઘડામાં રોકાઇ રહયા છે.** અને અત્યારે સમસ્ત જગતના મનુષ્યગણની બે અબ્જની ગણનામાં માત્ર ૧૩ લાખ જેટલી અતિ ટુંકી ને થોડી સંખ્યામાં રહયા છીએ તે પણ આપણે આપણી પ્રજા, શક્તિ, વીર્ય, સામર્થ્ય, લક્ષ્મી અને આત્મ ભાવના નાશ વાળતા જઇએ છીએ. તીર્થો આપણને તારવા માટે છે, ડુબાડવાને માટે નથી. આજે લાંબા વખત થયાં સમેતશીખર માટે કોર્ટના બારણાઓ આપણે ખખડાવી રહયા છીએ પણ ન તો દિગમ્બરીય આગેવાનો સમજતા, કે ન તો શ્વેતાંબરીય બંધુઓ સમાધાની ઉપર વાત લાવતા. **આ સંબંધમાં આપણે દિગમ્બર શ્વેતાંબર અને સ્થાનકવાસી પત્રકાર બન્ધુઓ ચુપકીદી પકડીને બેસી રહયા છીએ,** પણ હવે એ ચુપકીદી તજી દેવી જોઇએ છે. જ્યારે આપણે જોઇએ છીએ કે આપણાજ બન્ધુઓનાં ખીસાંઓ પૈસાથી ખાલી થતાં જાય છે, દિગમ્બર અને શ્વેતાંબર એવા પક્ષથી આપણા ઉન્નતિક્રમમાં વિરોધ આવતો જાય છે, ત્યારે આપણે કાંઇક ઉહાપોહ કરવાની જરૂર છે. આવો સર્વજૈનસમુદાય ! આવો યુવક અને આગેવાન વર્ગ ! સંવત્સરીના દિવસે આપણા વચ્ચે આજે લાંબા સમયનું વૈમનસ્ય ચાલ્યું આવે છે તેને વિદારવાનો કાંઇ જેઓએ નિશ્ચય કર્યો છે તેના આપણે અંકોડા બનીએ. આપણે ખાલી ખાલી સગાં વહાલાઓને લખીએ કે

"અમને ક્ષમા આપો–અમે તમને ક્ષમા આપી છે.", આપણે **ઈતર જાતિના** આપણા મિત્રોને પણ વિવેક ખાતર એમ લખીએ, પણ જે આપણા ધર્મના ગુઢ રહસ્ય પ્રમાણે **આપણા બંધુઓ** પ્રત્યે આપણે કટુતા વાપરીએ છીએ તેની આપણે શું ક્ષમા નહી માગીએ? **દિગમ્બરીય બંધુઓ, ક્ષમા માગો અને ક્ષમા આપો! શ્વેતાંબરીય બન્ધુઓ! ક્ષમા આપો અને ક્ષમા માગો.** બન્ધુ બન્ધુઓ કાં આમ વિખુટાં રહીને એક એકના દુશ્મન સમાન અઘટિત વર્તન ચલાવીએ છીએ? પરમ માનનીય બન્ધુઓ! **ધર્મઘેલછા અને અજ્ઞાનતા છોડીને આવો આપણે ક્ષમાપનાનાં રહસ્યને ઝીલીએ.** આ સમેતશીખરના મુકરદમાની સમાધાની માટે શી યોજના કરવી, એકજ પિતાના બે પુત્રોનાં વૈમનસ્યને તિલાંજલી આપવાને શા પ્રયાસો કરવા, એની ઝંખનામાં અમે ઘણા દિવસ થયા હતા. પ્રિય સુહૃદો! **દુશ્મનોને** આપણે ક્ષમા આપીએ છીએ, આપણને કાળીમાં કારી ઘા મારનારાઓનું આપણે લાલનપાલન કરીએ છીએ, ત્યારે માત્ર **આપણા બન્ધુઓ**, માત્ર એક પુજા વિધાનમાંજ સહજ મતમતાંતર ધરાવીએ, બીજા કોઇ પ્રકારનું કાંઇ વૈમનસ્ય નહી, તેવી પરિસ્થિતિમાં અરેરે! આપણા ઉદાર દિગમ્બરો અને શ્વેતાંબરોના ઉદાત વર્તનમાં આટલી કલુષીતતા વાપરીએ તે શું કદિ યોગ્ય કહેવાય? પ્રિય બન્ધુઓ! અમારી એ ઝંખના ઘણા વખત થયાં ચાલી આવતી હતી; પત્રકારોનું કર્તવ્ય સત્ય રાહ દર્શાવવો એ જ છે. છતાં કર્તવ્ય માર્ગમાં અનેક વિટંબણાઓ સહતાં આ દિગમ્બર શ્વેતાંબરની સંધી કરાવવાનું વાતાવરણ જનસમાજમાં જરાએ સ્ફુરે તો તે પ્રસંગને ઝીલી લઇ યોગ્ય ઉદવાહન કરી શકાય, એ આશયે અત્યાર સુધી સમયની રાહ જોવાતી હતી. આમાં અમારો પ્રમાદ સેવ્યો જણાય તો પણ તે ક્ષંતવ્ય ગણાય એમ યાચી આ સંધિના યોગ્ય કાલને **અમે સંપૂર્ણ અનુમોદન આપીએ છીએ.** યોગ્ય સંધિ આવી છે, ચાલો તેને વધાવી લઇએ. આપણા ઉભય પક્ષના માનવંતા આગેવાનોના એકીકરણે આજે એક નવી યોજના આપણી પાસે રજુ કરી છે. **વાચકો! આવો! આપણે તેને વધાવી લઇએ.** સમેતશીખરના હક માટે આપણે જે લડીએ છીએ અને દિગમ્બર બંધુઓ ગર્જના કરીને જે લાખો રૂપીયાનો ચંદો એકઠો કરે છે અને શ્વેતાંબરો જે

લાખોનો ભંડાર વકીલ બેરિસ્ટરોમાં વાપરે છે તે બીના માટે આપણે હવે શોચ કર્યા વીના નહીં રહી શકીએ. અને એમ કરીને એક પિતાના બે પુત્રોનાં વૈમનસ્યને તિલાંજલી આપવાનો જે અવસર આવ્યો છે તેને અનુમોદન આપી એ ઉપર્યુક્ત મહાશયી બન્ધુઓએ દર્શાવેલી સમેતશીખર અને એવાં બીજાં તીર્થ ક્ષેત્રો કે જેમાં શ્વેતાંબર દિગંબરના હકનો ઝઘડો ખડો થતો હોય તેમાં કોર્ટ દરબારે ખરચીનાં નાણાં નહીં વેરતાં એક નવી યુક્તિ અજમાવીએ. આપણા દેશના પ્રજાકીય આગેવાનો કે જેઓ બાહોશ ધારાશાસ્ત્રીઓ હોય જેમકે સત્યેન્દ્રપ્રસાદ સિંહા, સુરેન્દ્રનાથ બેનરજી, મી. વાચ્છા કે મહાન સ્વાર્થત્યાગી નર લોકમાન્ય ગાંધી, વિગેરેને વચ્ચે નાંખી આપણા તીર્થોના ઝઘડાનું નિરાકરણ લાવીએ. **આ અનુપમ આન્દોલન સકલ જૈન સમાજને લાભકર્તા અને અત્યંત હિતાવહ છે.** તીર્થોના ઝઘડામાં તેવા મહાશયોની લવાદ નીમીને નીવેડો લાવવો તેમાં સમય, શક્તિ અને લક્ષ્મીનો બચાવ થશે અને **સૌને સરખો સંતોષ થશે.** આ યોજનાથી ખરેખર આપણા કલેશને તિલાંજલી મળશે. **ઉપર્યુક્ત બન્ધુઓ આવી યોજના રજુ કરીને વ્યવહારિક રીતના જે ફાયદા જણાવે છે તે પણ ખરેખર મનનીય છે.** આગેવાનોના મતને કોર્ટના કાયદાની બારીકીઓ કશો બાધ કરી શકતી નથી. તે તો કેવળ સત્યનેજ શોધે છે અને સત્યને ન્યાય આપે છે. આ અને એવા બીજા અનેક કારણોએ **આપણને એજ ઉપર દર્શાવેલ યોજના અનુકુલ છે.** તો જો આપણે **તે યોજના કામે નહી લગાડીએ તો હવે આપણો કેમે પાર આવે તેમ નથી.** આપણા દેશમાં ગ્રામ્ય પંચાયતો, લોકલ બોર્ડ, ન્યાય આપવા માંડી છે અને હોમ રૂલના માટે આગેવાનો મથી રહ્યા છે તેવામાં દેશનું ગૌરવ સાચવનારી જૈન પ્રજાજ પોતાના દેશીય આગેવાનો પાસે ન્યાય માગીને સ્વરાજ્યના ન્યાય મંદિરનો લાભ લીધો **તેવો દાખલો પ્રથમ તકે કાં ન બેસારી શકે?** બન્ધુઓ! આપણું એજ કર્તવ્ય અને એજ નિશ્ચય. આપણા જૈન સ્વાસ્થ્ય માટે, આપણા ગૌરવ માટે એજ રાહ. **આપણો એજ નિશ્ચય થવો જોઇએ કે ઉપર જણાવેલા મહાશયોની યોજનાને બહાલી આપવી અને દરેક ગામના આગેવાનોએ તેમાં સહાનુભુતી દર્શાવવી.**"

(૭) શ્વેતાંબર 'જૈન' [સામાહિક] પત્રના તા. ૩ સપ્ટેમ્બરના અંકમાં નીચે મુજબ એડિટોરીઅલ છે:—

"આ પર્યુષણ પર્વ પ્રસંગે, વીરશાસનનું ઐક્ય જળવાય અને આવાં નિરર્થક વૈર ઓછાં કરી લવાદ માર્ફત આ તકરારનો અંત લાવવામાં આવે તે માટે સકળ સંઘનું લક્ષ ખેચવા શ્વેતાંબર તેમજ દીગંબર અને સ્થાનકવાસિ સંપ્રદાયના આગેવાન અને સુશિક્ષિત–પ્રતિષ્ઠિત ગૃહસ્થો તરફથી એક પેમ્ફ્લેટ બહાર મુકવામાં આવ્યું છે, અને તે સાથે આવા ઝઘડા પાછળ લાખોનો ખર્ચ ન કરતાં પોતપોતાના આગેવાનોને લવાદથી છેવટ લાવવાને લખવા દરેક ગામોના સંઘને વિનંતિ કરવામાં આવી છે.

"સંવત્સરી જેવા પવિત્ર દિવસે આંતર વિરોધને દૂર કરી તિર્થભૂમિની પવિત્રતા જાળવવા સાથે હક્કની ભાંજગડનો વ્યાજબી ફડચો જૈન સમાજ પોતાના હાથે લવાદથી લાવે તેવો શુભ પ્રસંગ પ્રાપ્ત થવો એ આનંદનો વિષય છે. * * * * *

**"આ યોજના બહુ કિમતી અને અગત્યની છે એમાં શક નથી.**

**"સંઘનું ઐક્ય એ સમાજનું બળ છે.** દાયકા પૂર્વે સમેતશીખર ઉપર હવા ખાવાના બંગલા બાંધવા બંગાળાના ના. લે. ગવર્નર ફ્રેજર સાહેબના પ્રયત્નો પણ આવા ઐક્ય દર્શક અવાજથી ભાંગી પડયા હતા, તે એકત્ર બળની સંગીનતાનું જીવતું જાગતું દષ્ટાંત છે. એટલુંજ નહિ **આવી વિશ્વાસુ લવાદના જન્મથી અનેક ભાંજગડોનો પહેલી તકે અને ઓછા ખર્ચે અંત આવવા ઉપરાંત રાજકિય હકો મેળવવામાં પણ જૈન સમાજ આગળ વધી શકે તેમ છે.** તો આ લવાદની યોજના પ્રમાણિક પણે અમલમાં મુકવા બંને સંઘના નેતાઓ યોગ્ય મસલત કરશે તેમ અમે ઇચ્છીએ છીએ, અને દરેક ગામના સંઘ તે માટે પોતાની સલાહ આપણી આણંદજી કલ્યાણજીની પેઢી તરફ અમદાવાદ લખી સમાજનો એકંદર અવાજ રજુ કરશે તેમ આશા રાખીએ છીએ."

# મેશર્સ મહેતાની કું૦

## સરકારી તથા જી. આઇ. પી. રેલ્વેના લીલાંઉવાળાઓ.

મેડોઝ સ્ટ્રીટ, કોટ, મુંબઈ.

ઑફીસ ટેલીફોન નં. ૧૨૮૫ ઘરનો ટેલીફોન નં. ૬૯૬

મુંબઇના સર્વ લીલાંઉખાનાઓ કરતાં કોઇ અવનવી અને સ્વતંત્ર પદ્ધતિથી ચાલતું, વેચનારાઓના લાભ હમેશાં સાચવતું, ઘણાજ મધ્યમસરના કમીશનથી કામ કરતું, ખરીદદારોને ઠગાવાની સુસ્તીથી દુર રાખતું, જરાપણ ઢીલ કીધા વગર વખતસર હિસાબ ચુકાવતું અને ફક્ત પ્રમાણીકપણા ઉપરજ પોતાનો આધાર રાખતું આ એક આબરૂદાર અને મોટા લાગવગવાળું લીલાંઉખાનું છે. તમાએ તેની સાથે કામ પાડયું છે?

તેના માલીકનો આજ લાઇનમાં ઘણાં વરસોનો અનુભવ હોવાથી કેવો માલ કયાં વેચવો તથા તેવો માલ ખરીદનાર માણસની સ્થિતિ છે તે એવણ બરાબર સમજે છે અને ખરીદદારોને એવણના મારફત ચોકસ જાતની સવળતા મળતી હોવાથી માલના ભાવ ઘણા સારા ઉપજે છે.

માલીકની સીધી દેખરેખ હેઠળ બધું કામકાજ થાય છે અને છેલ્લામાં છેલ્લી સુધરેલી ઢબ મુજબ અત્યંત કરકસરથી તેનું મેનેજમેન્ટ ચાલતું હોવાથી ઘણાજ મધ્યમસરના કમીશનથી તદ્દન પ્રમાણીકપણે કામ કરવું તેને પોસાય છે.

ટુંકામાં તે એક સર્વોત્તમ લીલાંઉખાનું છે. નામદાર સરકાર, જી. આઇ. પી. રેલ્વે, તથા અનેક મોટા માણસો તરફથી તેને કામ મળે છે અને તમારા તરફથી પણ કામની આશા રાખે છે.

દરેક બાબતમાં ઘણીજ સભ્યતા સાથે પુરેપુરૂં ધ્યાન અપાય છે.

---

## જો તમારે હજારો રુપિયા રળવા હોય તો

## વેપારીને હમેશનાં ઉપયોગી નીચેનાં પુસ્તકો વાંચો.

**ભવિષ્ય દિપક**—જેનાથી રૂ, સુતર, ચાંદી, અફીણ, ઘઉં, ચોખા, અળસી, સરસવ, એરંડા, ઘી, તેલ, ગોળ, ખાંડ વગેરે અનેક ચીજોમાં તેજી-મંદી ક્યારે અને કેટલી થશે તે સ્પષ્ટ જાણી શકાયછે. રૂ. ૧)

**ભવિષ્ય દર્શક**—આયુષ્ય, રોગ, મરણ, સુખદુઃખ, વેપાર, નોકરી, પરદેશ ગમન વગેરેમાં થનાર લાભ-હાની જાણવા માટે આ ગ્રંથ એક દુરબીન જેવો ઉપયોગનો છે. કિ. રૂ. ૦ાા

**ભવિષ્યદર્પણ**—નવું વર્ષ કેવું નીવડશે, વરસાદ, ખેતી, નીપજ કેવાં થશે તે તથા અનેક ચીજોમાં થનાર વધઘટ અગાઉથી બતાવનાર આ ગ્રંથ પૈસા કમાવાનાં ઉત્તમ સાધન રૂપ છે. કિ૦ રૂ. ૦ાા

હમેશ ઉપયોગી એવા આ ગ્રંથો હમણાંજ ખરીદી આબાદથાઓ.

હમારા પતા:—બી. એસ. શાહ-વઢવાણ સીટી નં ૨.

(૧) શ્વેતામ્બર-દિગમ્બર શાન્તિપ્રચારક 'અપીલ'માં સહી કરનારા ગૃહસ્થો પ્રત્યે વિનંતિ.

## બન્ને ફીરકાના આગેવાનોની ન્હાની કૉન્ફરન્સ મુંબાઈ ખાતે બોલાવવાની તાકીદ કરો.

એ કૉન્ફરન્સમાં, લવાદ કોને નીમવા તે સવાલનો નિર્ણય સાથે મળીને કરો તથા તેઓ પ્રત્યે લવાદનું કામ સ્વીકારવાની અરજ કરો.

( વાંચો, આ અંકનું પૃષ્ટ ૯૭. )

(૨) અન્ય જૈન ફીરકાઓ અને જૈનેતર કોમો પ્રત્યે વિનંતિ.

## ત્હમારી અંદરનાં તડ દૂર કરી ઐકય કરો; વાંધાની પતાવટ દેશનાયકો મારફત જ કરો; દેશનાયકોને 'દેવ' માનો.

ત્હમારી કોમ એ ત્હમારા દેશનો એક ભાગ છે—બન્નેનું હિત જોડાયલું છે-એ દૃષ્ટિથી જ કોમનું કામ કરો.

( વાંચો આ અંકના પૃષ્ટ ૪/૮૮, ૨, ૨૧, ૩૬, ૫૮, ૯૭. )

સત્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસમાં ડાહ્યાભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું, ખાડીઆ, અમદાવાદ.